પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૦૨-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૫૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# નવી દિલ્હીમાં ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ એક્સપોનું આયોજન

## મેગા સમિટમાં ભાગ લેવા વિશ્વભરના ટેકનોક્રેટ્સનું ભારત આગમન : સાંજે પ્રદર્શનને વડા પ્રધાન મોદી ખુલ્લું મુકશે

**નવી દિલ્હી,તા.૧૬**

ભારત સોમવારથી નવી દિલ્હીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬નું આયોજન કરવા માટે તૈયાર છે. આ ઈવેન્ટ સમાવિષ્ટ, જવાબદાર અને સ્થિતિસ્થાપક કૃત્રિમ બુદ્ધિના ભવિષ્યને આકાર આપવા માટે વૈશ્વિક સંમેલનનું ચિહ્ન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજરોજ સાંજે ૫ વાગ્યે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઈન્ડિયા AI ઈમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે.

ઈન્ડિયા AI ઈમ્પેક્ટ એક્સ્પો ૨૦૨૬ ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટની સાથે યોજાશે અને AI ના રાષ્ટ્રીય પ્રદર્શન તરીકે સેવા આપશે. એક્સ્પોમાં ૩૦૦ થી વધુ ક્યુરેટેડ પ્રદર્શન પેવેલિયન અને લાઈવ પ્રદર્શનો યોજાશે, જે ત્રણ થીમેટિક ચક્રો – પીપલ, પ્લેનેટ અને પ્રોગ્રેસ – માં રચાયેલ છે.

તેમાં ૬૦૦ થી વધુ ઉચ્ચ-સંભવિત સ્ટાર્ટઅપ્સ અને ૧૩ દેશના પેવેલિયન હશે જે AI ઈકોસિસ્ટમમાં આંતરરાષ્ટ્રીય સહયોગ દર્શાવે છે. આ એક્સ્પો વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ, શિક્ષણવિદો, સંશોધન સંસ્થાઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારો અને




આંતરરાષ્ટ્રીય ભાગીદારોને એકસાથે લાવશે.

વિશ્વભરના વૈશ્વિક ટેક નેતાઓનું ભારતમાં સ્વાગત કરતા, પીએમ મોદીએ X ને સંબોધન કર્યું અને લખ્યું: "આપણા માટે ખૂબ જ ગર્વની વાત છે કે વિશ્વભરના લોકો ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ માટે ભારતમાં આવી રહ્યા છે. આ આપણા દેશના યુવાનોની ક્ષમતા અને ક્ષમતાને પણ પ્રતિબિંબિત કરે છે. આ પ્રસંગ એ વાતનો પુરાવો છે કે આપણો રાષ્ટ્ર વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ કરી રહ્યો છે અને વૈશ્વિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યો છે."

સમિટનો પ્રથમ દિવસ ૧૬ ફેબ્રુઆરીથી શરૂ થશે અને તે રોડ સેફ્ટી માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં ભારતમાં રોડ સેફ્ટી વધારવા માટે ડેટા-આધારિત ઉકેલો દર્શાવવામાં આવશે. પ્રથમ સત્રમાં પરિવહન મંત્રાલય, IIT અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની ભાગીદારી સાથે, માર્ગ સલામતી સુધારવામાં કૃત્રિમ બુદ્ધિ કેવી રીતે માપી શકાય તેવી અસર કરી શકે છે તે શોધવામાં આવશે.

સત્ર ક્રેશ પેટર્નને સમજવા, જોખમોની આગાહી કરવા અને સક્રિય હસ્તક્ષેપોને સક્ષમ કરવા માટે ડેટા-આધારિત અભિગમો પર ભાર મૂકશે. તે સુરક્ષિત ગતિશીલતા, ડ્રાઈવર તાલીમ અને ડેટા-સંચાલિત હાઈપરલોકલ મોડેલ્સના વિકાસને ટેકો આપવા માટે સ્કેલેબલ કૃત્રિમ બુદ્ધિ એપ્લિકેશનોની પણ ચર્ચા કરશે, જે જાહેર હિત માટે ટેકનોલોજી-આધારિત અસર સુનિશ્ચિત કરશે.

પ્રથમ દિવસે શિક્ષણ અને કાર્યના ભવિષ્ય માટે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરવા પર નેતૃત્વ સત્ર પણ યોજાશે. આ સત્રમાં શોધ કરવામાં આવશે કે છૈં વૈશ્વિક રોજગારને કેવી રીતે ફરીથી આકાર આપી રહ્યું છે અને ભવિષ્યના કૌશલ્યોને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યું છે.બીજો મુખ્ય સત્ર કૃત્રિમ બુદ્ધિ દ્વારા ભારતના ન્યાયિક ઈકોસિસ્ટમને રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. નિષ્ણાતો ન્યાયિક પ્રણાલીમાં કાર્યક્ષમતા, પારદર્શિતા અને સુલભતા વધારવા માટે AI ની સંભાવનાની ચર્ચા કરશે.આ સત્રમાં તપાસ કરવામાં આવશે કે AI કેવી રીતે જાણકાર નિર્ણય લેવા માટે આગાહી વિશ્લેષણને સક્ષમ કરી શકે છે, કેસ મેનેજમેન્ટને સ્વચાલિત કરી શકે છે, કાનૂની સંશોધનને સરળ બનાવી શકે છે, વર્ચ્યુઅલ કોર્ટને ટેકો આપી શકે છે અને ઝડપી વિવાદ નિરાકરણ, બેકલોગ ઘટાડી શકે છે અને ન્યાયની સુલભતામાં સુધારો કરી શકે છે.સાંસ્કૃતિક રીતે સ્થપાયેલી કૃત્રિમ બુદ્ધિ અને સામાજિક ધોરણો પણ એજન્ડામાં હશે. ચર્ચાઓ પ્રકાશિત કરશે કે વિવિધ સાંસ્કૃતિક સંદર્ભોમાં તૈનાત છૈં સિસ્ટમો ઘણીવાર તકનીકી મર્યાદાઓને કારણે નહીં, પરંતુ સામાજિક ધોરણોને અવગણવાને કારણે નિષ્ફળ જાય છે.

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચના સાત અધિકારીઓ સસ્પેન્ડ

## 'સર' કાર્યક્રમ અંતર્ગત અનેક અધિકારીઓની બદલીની તૈયારી

**કોલકતા, તા.૧૬**

પશ્ચિમ બંગાળમાં 'સર'ની કામગીરીમાં રાજ્યની મમતા બેનર્જી સરકાર અને ચૂંટણીપંચ વચ્ચેની ટક્કર છેક સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી છે તે વચ્ચે આજે ચૂંટણીપંચે 'સર' કામગીરી સંબંધમાં રાજ્ય સરકારના સાત અધિકારીઓને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કર્યા છે.

તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવા પણ રાજ્ય સરકારને આદેશ આપ્યો છે. આગામી મહિને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને હવે આખરી મતદાન યાદી પ્રસિધ્ધ કરવાની કામગીરી અંતિમ તબકકામાં છે.

તે સમયે ચૂંટણી પંચે રાજ્યના મુખ્ય સચિવ નંદીની ચક્રવર્તીને એક આદેશમાં ક્લાસ-૧માં આવતા સાત અધિકારીઓને કામગીરી ચૂંટણી પંચના આદેશ-પાલન નહીં કરવા અને અન્ય બાબતો મુદે સસ્પેન્ડ કરવા આદેશ આપતા પંચ અને મમતા સરકાર વચ્ચે નવા ટક્કરની શક્યતા છે.

એટલું જ નહીં આ અધિકારીઓની સામે શિસ્તભંગની કાર્યવાહી પણ થશે. આ ઉપરાંત ચૂંટણી પંચે રાજ્યમાં ત્રણ વર્ષથી એક જ સ્થળે ફરજ બજાવતા જિલ્લા કલેક્ટર અને એસપી

અનુસંધાન પાના ૭ પર

# અલવરની કેમિકલ ફેક્ટરીમાં પ્રચંડ ધડાકા બાદ આગમાં ૮ શ્રમિકોનાં મોત

## લાંબા સમયથી બંધ પડેલી ફેક્ટરીમાં એક પછી એક ત્રણ ધડાકા બાદ વિકરાળ આગ ફાટી નીકળી

**અલવર,તા.૧૬**

રાજસ્થાનના અલવર જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. ખુશખેડા ઔદ્યોગિક ક્ષેત્રમાં આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળતા ૮ લોકોના જીવતા ભુંજાઈ જવાથી કરૂણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને અંદર કામ કરી રહેલા લોકોને બહાર નીકળવાની તક પણ મળી નહોતી.

રાજસ્થાનના અલવર જિલ્લાના ખુશખેડા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ કરૂણ ઘટના બની હતી. પ્લોટ નંબર G-1, ૧૧૮માં આવેલી આ ફેક્ટરી છેલ્લા ઘણા મહિનાઓથી બંધ પડી હતી. અચાનક ફેક્ટરીમાંથી ધુમાડો નીકળવાનું શરૂ થયું અને જોતજોતામાં આખી ફેક્ટરી આગની લપેટમાં આવી ગઈ. આ દુર્ઘટનામાં ૭ લોકો જીવતા સળગી ગયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આગ લાગ્યા બાદ ફેક્ટરીની અંદર ૩ થી ૪ વાર જોરદાર ધડાકા થયા હતા. આ ધડાકા એટલા પ્રચંડ હતા કે તેનો અવાજ દૂર-દૂર સુધી સાંભળવા મળ્યો હતો. આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ફેક્ટરીની અંદર રાખવામાં આવેલા ગેસ સિલિન્ડરો ફાટવાને કારણે આ ધડાકા થયા હોઈ શકે છે.

આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની અડધો ડઝનથી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફેક્ટરીમાં મોટી માત્રામાં પૂંઠાનો સ્ટોક હોવાથી આગને કાબૂમાં લેતા ફાયર ફાઈટરોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સાવચેતીના ભાગરૂપે આસપાસની ફેક્ટરીઓ ખાલી કરાવવામાં આવી હતી અને વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો. ભિવાડી પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ શોર્ટ

અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન મોદી આવતા સપ્તાહે ઈઝરાયેલના પ્રવાસે જશે

## મોદીના ઈઝરાયલ પ્રવાસ પૂર્વે નેતન્યાહુએ ભારતની જોરદાર પ્રસંશા કરી

**યેરૂસલેમ તા.૧૬**

આગામી સપ્તાહે વડાપ્રધાન મોદી ઈઝરાયેલનો પ્રવાસ કરનાર છે. ત્યારે ઈઝરાયેલનાં વડાપ્રધાન નેતન્યાહુએ ભારતની જોરદાર પ્રસંસા કરી છે. નેતન્યાહુએ ઈઝરાયેલ અને ભારત વચ્ચે એક જબરજસ્ત ગઠબંધન બતાવ્યુ છે. તેમણે ભારતની ૧.૫ અબજની વસ્તી પર જોર દેતા કહ્યું હતું કે ઈઝરાયેલ ભારતમાં વધુ પોપ્યુલર છે.

એર સલયમાં મેજર અમેરીક જયુઈશ ઓર્ગેનાઈઝેશનની કોન્ફરન્સને સંબોધતા નેતત્યાહુએ ભારતના વડાપ્રધાનનો આગામી સપ્તાહે ઈઝરાયેલની મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો અને હાઈલેવલ પર વાતચીતનો સંકેત આપ્યો હતો.આ સમયે નેતન્યાહુએ ભારતની દિલ ખોલીને પ્રસંસા કરી હતી.નેતત્યાહુએ વધુમાં કહ્યું હતું કે ભારત કોઈ નાનો દેશ નથી ત્યાં ૧.૫ અબજ લોકો રહે છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદી આ મહિને ઈઝરાયેલનો પ્રવાસ કરનાર છે. આ દરમ્યાન બન્ને દેશો વચ્ચે રણનીતિક રક્ષા અને ટેકનીક ક્ષેત્રમાં સબંધોને નવો આયામ આપી શકાય છે. ઉલ્લેખનીય છે કે ૯ વર્ષ બાદ પીએમ મોદી ઈઝરાયેલના પ્રવાસે જશે.

# ગુજરાત વિધાન સભાના બજેટ સત્રનો વિરોધ પ્રદર્શન વચ્ચે આરંભ

## ઈટાલિયા-વસાવાની 'ટ્રેડ ડિલ હટાવો, કિસાન બચાવો'ના પોસ્ટરો સાથે એન્ટ્રી

**અમદાવાદ,તા.૧૬**

ગુજરાત વિધાનસભામાં આજે ૧૬ ફેબ્રુઆરીને સોમવારે બપોરે ૧૨:૦૦ કલાકે બજેટ સત્ર શરૂ થયું છે. આજના દિવસના કાર્યક્રમની યાદી મુજબ, ૧૫મી વિધાનસભાના આઠમા સત્રમાં ઉપાધ્યક્ષાની ચૂંટણીથી લઈ અનેક અહેવાલો મેજ પર મુકવામાં આવ્યાં છે. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સહિતના ભાજપના નેતાઓ હાજર રહ્યાં છે. ગાંધીનગર ખાતે વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે જ ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. તો બીજી તરફ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને ચૈતર વસાવા 'ટ્રેડ ડિલ હટાવો, કિસાન બચાવો'ના પોસ્ટર સાથે વિધાનસભા પહોંચ્યાં છે. પહેલાં જ દિવસે આપના નેતાઓ વિરોધના મૂડમાં જોવા મળ્યાં હતાં.

ગાંધીનગર ખાતે વિધાનસભા સત્રના પ્રારંભ પૂર્વે પ્રથમ જ દિવસે ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં સત્ર દરમિયાન પાર્ટીની વ્યૂહરચના અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. બેઠકમાં સરકારના કાર્યકાળ અને આવનારી કામગીરી અંગે ધારાસભ્યોને ઓપચારિક સૂચનાઓ આપવામાં આવશે. તેમજ વિપક્ષ તરીકે કોંગ્રેસ દ્વારા સરકારને ઘેરવાના પ્રયાસોને કેવી રીતે તર્કસંગત જવાબ આપવો અને તેમની રણનીતિને નિષ્ફળ બનાવવી તેની પણ ચર્ચા થવાની છે. ખાસ કરીને ઉપાધ્યક્ષની વોટિંગ જેવી મહત્વની પ્રક્રિયામાં પક્ષના તમામ ધારાસભ્યો અનિવાર્ય રીતે હાજર રહે તે અંગે સૂચના આપવામાં આવશે, જેથી સત્ર દરમિયાન સંગઠિત અને સંયમિત રીતે પક્ષની ભૂમિકા મજબૂત રીતે રજૂ કરી શકાય.

રાજયમાં સ્કૂલમાં બોમ્બ મળવાની ઘટનાને લઈને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ગંભીર

અનુસંધાન પાના ૭ પર

# મુખ્યમંત્રી ડો. મોહન યાદવનું હેલીકોપ્ટર લથડાવા લાગ્યું

## હવામાં હાલક-ડોલક થયા બાદ હેલિકોપ્ટર થોડી વારમાં સ્થિર થયું

**ભોપાલ,તા.૧૬**

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવનું હેલિકોપ્ટર શનિવારે હવામાં લથડવા લાગ્યું. તેઓ ખંડવાના પંઢાણામાં રાજ્યસ્તરીય લાડલી બહેના યોજનાના કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

કાર્યક્રમ પૂરો થયા પછી જ્યારે સીએમનું હેલિકોપ્ટર ટેકઓફ માટે હવામાં ઉપર ઉઠ્યું, ત્યારે તે આગળ વધવાને બદલે પાછળની તરફ જવા લાગ્યું. પછી થોડી ક્ષણો માટે હવામાં થંભી ગયું.

પાયલટે સમજદારી દાખવીને તરત જ સ્થિતિને નિયંત્રિત કરી અને હેલિકોપ્ટરે સુરક્ષિત ઉડાન ભરી. આ પછી સીએમ યાદવ ખંડવાથી ભોપાલ પહોંચ્યા. ઘટનાનો વીડિયો રવિવારે સામે આવ્યો છે.

ખંડવા એસપી મનોજ કુમાર રાયે કહ્યું- ટેકનિકલ રીતે એવું કંઈ નહોતું કે ઉડાનમાં કોઈ મુશ્કેલી આવી હોય. અમે તરત જ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે આ સામાન્ય વાત છે. ટેક ઓફ સમયે હેલિકોપ્ટર અલગ દિશામાં હતું જ્યારે તેને બીજી દિશામાં જવાનું હતું.

તે હવામાં ઉઠીને નિર્ધારિત દિશામાં જવા માટે ફરવા લાગ્યો. આ દરમિયાન વધુ ધૂળ ઉડવા

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય સેના ભગવાન શંકર પાસેથી પ્રેરણા લે છેઃ રાજનાથસિંહ

## ભગવાન શિવ સુરક્ષા અને વિનાશના પ્રતિક છે : કેન્દ્રીય રક્ષા મંત્રી

**નવી દિલ્હી,તા.૧૬**

રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય સેના ભગવાન શિવ પાસેથી પ્રેરણા લે છે. તેમણે કહ્યું કે જેમ ભગવાન શિવ સુરક્ષા અને વિનાશ બંનેના પ્રતીક છે, તેવી જ રીતે આજે આપણી સેનાઓ નિર્ભયતા અને ધૈર્ય બંને ધરાવે છે.



રક્ષામંત્રીએ કહ્યું કે એક તરફ, તેઓ સંકટના સમયે શિવની ભાવનાથી માનવીય મદદ કરે છે, બીજી તરફ, જ્યારે જરૂર પડે, ત્યારે તેઓ રુદ્રની ઝડપથી ઓપરેશન સિંદૂર જેવા ઓપરેશન કરે છે. તેમણે કહ્યું કે ચંદ્રયાન અને આદિત્ય-ન૧ જેવા ભારતના સ્પેસ મિશન માત્ર ટેકનોલોજીકલ સિદ્ધિઓ નથી, પરંતુ તે એક જૂની વૈજ્ઞાનિક વારસાનું આધુનિક અભિવ્યક્તિ છે.

રાજનાથ સિંહ રવિવારે ઈશા ફાઉન્ડેશનના મહાશિવરાત્રી કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સદ્ગુરુ જગ્ગી વાસુદેવ સાથે કેટલાક લોકોને સન્માનિત પણ કર્યા.

ભગવાન શિવ શરૂઆત, હંમેશા રહેનારા અને અનંત છે. શિવ સત્ય છે અને જે કંઈ સત્ય છે તે શિવ છે. એવું માનવામાં આવે છે કે આ વેલ્લંગિરી પહાડીઓ શિવની પવિત્ર ગુફા છે, જેને દક્ષિણનો કૈલાસ કહેવાય છે.

ચંદ્રયાન અને આદિત્ય-L1 જેવા ભારતના સ્પેસ મિશન માત્ર ટેકનોલોજીકલ સિદ્ધિઓ નથી, પરંતુ તે એક આધુનિક અભિવ્યક્તિ છે કે જૂની

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વ બજારોનું મિશ્ર વલણ શેરબજારમાં ફ્લેટ કારોબાર

## હેલ્થકેર ક્ષેત્રના શેરોમાં મોટી ખરીદી નીકળી

**મુંબઈ,તા.૧૬**

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે સોમવારે ભારતીય શેરબજાર ફ્લેટ ખુલ્યું. સવારે ૯:૨૧ વાગ્યે, સેન્સેક્સ ૨૧ પોઈન્ટ ઘટીને ૮૨,૬૦૫ પર હતો, અને નિફ્ટી ૨ પોઈન્ટ વધીને ૨૫,૪૭૩ પર હતો. શરૂઆતના કારોબારમાં ફાર્મા અને હેલ્થકેર શેર બજારમાં આગળ હતા. સૂચકાંકોમાં નિફ્ટી ફાર્મા અને નિફ્ટી હેલ્થકેર સૌથી વધુ વધ્યા હતા. નિફ્ટી રિયલ્ટી, નિફ્ટી એનર્જી, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, નિફ્ટી પ્રાઈવેટ બેંક અને નિફ્ટી પીએસઈ પણ લીલા નિશાનમાં હતા. દરમિયાન, નિફ્ટી મીડિયા, નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી મેટલ, નિફ્ટી આઈટી, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ, નિફ્ટી કોમોડિટીઝ, નિફ્ટી સર્વિસિસ અને નિફ્ટી ઈન્ડિયા ડિફેન્સ લાલ નિશાનમાં હતા.

પાવર ગ્રીડ, એનટીપીસી, એચડીએફસી બેંક, સન ફાર્મા, બજાજ ફિનસર્વ, મારુતિ સુઝુકી, આઈટીસી, એટરનલ, કોટક

અનુસંધાન પાના ૭ પર

# જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાની આગાહી

## એમપી, રાજસ્થાન, પંજાબ અને ચંદીગઢમાં બે દિવસ વરસાદ પડશે

**નવી દિલ્હી,તા.૧૬**

દેશના હિમાલયી વિસ્તારોમાં બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ છે. આજથી બે દિવસ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં પહાડો પર વરસાદ-બરફવર્ષા થવાની શક્યતા છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, પંજાબ-ચંદીગઢમાં ૧૭-૧૮ ફેબ્રુઆરીએ વરસાદ પડી શકે છે.

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં રવિવારે સાંજે ૫ વાગ્યે ભદ્રવાહ-પઠાણકોટ ઈન્ટર-સ્ટેટ રોડ પર હિમસ્ખલન થયું. આ થાંથેરા અને ગુલદાંડા વચ્ચે હતું. અહીં ૪૦થી વધુ પ્રવાસી વાહનો ફસાઈ ગયા હતા, જેમને એક પછી એક બહાર કાઢવામાં આવ્યા.

ઉત્તરાખંડમાં ગુંજી-આદિ કૈલાશ મોટર માર્ગ પર જામી ગયેલી ૧૦ ફૂટ બરફને BRO દ્વારા હટાવવામાં આવી રહ્યો. અહીં તાપમાન -૧૮ઝ છે. રાજ્યમાં આવતીકાલથી ૫ જિલ્લા ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢમાં વરસાદ-બરફવર્ષાની શક્યતા છે.

MPમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૧૮-૧૯ ફેબ્રુઆરી વચ્ચે વરસાદ પડી શકે છે. રવિવારે ખંડવા-ખરગોનમાં દિવસનું તાપમાન ૩૪ઝ થી વધુ રહ્યું. ૧૬ જિલ્લાઓમાં 30°Cથી વધુ રહ્યું.

રાજસ્થાનમાં રવિવારે બીકાનેર, જેસલમેર, જોધપુર,

અનુસંધાન પાના ૭ પર

# વેનેઝુએલાથી તેલ ભરીને નિકળેલું પનામાનું જહાજ અમેરિકાએ અટકાવ્યું

## વેનેઝુએલા પર અમેરિકાએ લાદેલા પ્રતિબંધનો કડક અમલ

**વોશિંગ્ટન,તા.૧૬**

પેન્ટાગોને રવિવારે અહેવાલ આપ્યો હતો કે અમેરિકન સૈન્યએ હિંદ મહાસાગરમાં વેનેઝુએલા સાથે જોડાયેલા બીજા તેલ ટેન્કરને અટકાવ્યો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક નિવેદનમાં, પેન્ટાગોને જણાવ્યું હતું કે વેરોનિકા III નામના જહાજને અમેરિકન અધિકારીઓ દ્વારા કેરેબિયન સમુદ્રથી હિંદ મહાસાગર સુધી ટ્રેક કરવામાં આવ્યું હતું અને પછી તેને અટકાવ્યું અને નિરીક્ષણ કર્યું હતું. "રાતોરાત, યુએસ લશ્કરી કર્મચારીઓએ INDOPACOM જવાબદારી ક્ષેત્રમાં કોઈ ઘટના વિના વેરોનિકા III સાથે વ્યવહાર કર્યો," નિવેદનમાં કહેવામાં આવ્યું છે. યુએસ કહે છે કે જહાજ રાષ્ટ્રપતિના આદેશ હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધોથી બચવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય જળસીમા કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે સલામત સ્થળ નથી. પનામા-ધ્વજનું કરાયેલ તેલ ટેન્કર, જહાજ પર ઈરાન અને વેનેઝુએલા સામે તેલ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. અહેવાલો અનુસાર, આ જહાજ આશરે ૧.૯ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ અને ઈંધણ તેલ વહન કરી રહ્યું હતું અને

અનુસંધાન પાના ૭ પર



# સાયણ સુગર રોડની થરમોકોલ ફેક્ટરીમાં એકએક આગ લાગી



## ફેક્ટરીની મશીનરી, થરમોકો, વજન કાંટો, વાયરીંગ સહિતનો સામાન બળીને ખાખ

સુરત, તા.૧૬

ઓલપાડ સાયણ સુગર રોડ ઉપર આવેલ થરમોકોલમાંથી દાણા બનાવવાની ફેક્ટરીમાં શનિવારે સાંજના સુમારે ભભૂકેલી આગ દુર્ઘટનામાં ફેક્ટરી માલિકનો લાખો રૂપિયાનો સામાન સ્વાહા થઈ ગયો હોવાનો અંદાજ સેવાઈ રહ્યો છે.જો કે આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિકો અને સરકારી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

સાયણ સુગર રોડ ઉપર કૃષ્ણ કૃપા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨ ના પ્લોટ નં-૧૪/૧૫ ના રમણ કમ્પાઉન્ડમાં સુરત શહેરમાં રહેતા અજય મનહરલાલ ચોકસીના પરિવાર ની 'ઢીંગલી પોલીમર'નામની થરમોકોલમાંથી દાણા બનાવવાની ફેક્ટરી આવેલી છે.ફેક્ટરી માલિક અજય ચોકસીના બનેવીનું અવસાન થતા આ પરિવારઆજે શનિવાર,તા. ૧૪ ના રોજ સદગતના બેસણામાં જતા ફેક્ટરી બંધ હતી.આ ફેક્ટરીમાં શનિવારે સાંજના સુમારે કોઈ અગમ્ય કારણોસર અચાનક આગ ભભૂકી ઉઠી હતી.જે આગની જ્વાળાએ ફેક્ટરીમાં સંગ્રહ કરેલ થરમોકોલ સામાન,દાણા,વજન કાંટો, મશીનરી સહિત વાયરીગને લપેટમાં લેતા આગમાં બળીને ખાખ થઈ ગયો હતો.જો કે આગ દુર્ઘટનાથી ફાયર વિભાગમાં કોલ કરાતા કામરેજથી ફાયર બ્રિગેડના વિજય ટંડેલનો સ્ટાફ બે ફાયર બંબા સાથે ઘટના સ્થળે આવ્યા હતાં અને મહામુસીબતે આગને હોલવી કાબુમાં લીધી હતી. જયારે આગની જાણ થતા પોલીસ તંત્ર પણ દોડતું થઈ ગયું હતું અને ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ કાબુમાં લીધી હતી.જયારે આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ ન થવાથી સ્થાનિક લોકો અને અન્ય ફેક્ટરી માલિકોએ રાહતનો દમ લીધો હતો. જો કે ફેક્ટરીમાં આગ લાગ્યાની જાણ થતા મોડી સાંજે ફેક્ટરી માલિક અજય ચોકસીનો નાના ભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને આગ દુર્ઘટનાથી ફેક્ટરીને થયેલ નુકસાન મામલે સરવે કરાવવાની કામગીરી હાથ ધરી હતી.ફેક્ટરીની દેખરેખ રાખતા કામ કરતા નાથુભાઈએ કહ્યું હતું કે,નુકસાની સરવે થયા બાદ અમો પોલીસ મથકમાં આગ દુર્ઘટનાથી નુકસાનની ફરીયાદ નોંધાવવા તજવીજ હાથ ધરીશું.

# ઓલપાડમાં બે વાહન અકસ્માતમાં બેનાં મોત

## ડભારીના ધર્મેશ પટેલ અને કારેલીના શ્રમિક વિકાસ ડાવરનું મોત નિપજ્યું

સુરત, તા.૧૬

ઓલપાડ તાલુકામાં શનિવાર, તા.૧૫ ના રોજ સર્જાયેલ વાહન અકસ્માતની ઘટનામાં બંન્ને બાઈક ચાલકોના ઘટના સ્થળે કરૂણ મોત થયા હતાં. અકસ્માત મોતની પ્રથમ ઘટનામાં સુરત શહેરના ડભોલી વિસ્તારમાં શ્રીનાથ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૩૦૨ માં રહેતો ઓલપાડ તાલુકા ના ડભારી ગામનો વતની ધર્મેશ દયાળભાઈ પટેલ (ઉ.વ.૪૨) ગત શનિવાર, તા.૧૪ ના રોજ સાંજના સુમારે ડભારી દરિયા ખાતેના ખોડીયાર માતાના મંદિરે માતાજીની આરતીમાં ભાગ લેવા ગયો હતો.તે આરતી પૂર્ણ કરી મોડી સાંજે પોતાની મો.સા.નં:જીજે- ૦૫,યુ.એચ-૨૯૮૪ હંકારી ઘરે પરત આવવા નીકળ્યો હતો.તે જયારે મોડી સાંજે-૭:૩૦ કલાકના સુમારે અરીયાણાથી સુરત જતા રોડ ઉપર અરીયાણા ગામ નજીકથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ત્યાં રોડની ડાબી બાજુની સાઈડમાં પાર્ક કરેલ ટ્રક નં:જીજે-૦૧,કે. ટી-૩૮૧૫ ન દેખાતા તે ટ્રકની પાછળ બાઈક સાથે ભટકાયો હતો.જેથી સર્જાયેલા અકસ્માતમાં ધર્મેશ બાઈક સાથે રોડ ઉપર પટકાતા તેને માથામાં કપાળના ભાગે ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે પ્રાણપંખીડું ઉડી ગયું હતું.આ બાબતે મૃતકના સાઢુભાઈ અંકુર દલપતભાઈ પટેલે ઓલપાડ પોલીસને ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ કરી હતી કે,ટ્રકના ચાલકે પોતાના કબ્જાનું વાહન રોડની સાઈડમાં કોઈને અડચણરૂપ બને તે રીતે પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વિના ભયજનક રીતે પાર્ક કરેલ હોવાથી અકસ્માત મોતની ઘટના બની છે.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હે.કો.પ્રવિણ નાનુ કરી રહ્યા છે.

જયારે અકસ્માત મોતની બીજી ઘટનામાં મુળ મધ્યપ્રદેશ રાજ્યનો શ્રમિક વિકાસ બચલા ડાવર (ઉ.વ.૨૧)હાલમાં ઓલપાડ તાલુકાના કીમ ટાઉનમાં રહી મજુરી કામ કરતો હતો.વિકાસ ગત શનિવાર,તા.૧૪ ના રોજ રાત્રીના સુમારે પોતાની મો.સા.નં: એમપી-૬૯,એમ.ડી-૧૫૫૬ હંકારી સાયણથી કીમ તરફ રોડ ઉપર જઈ રહ્યો હતો.તે જયારે રાત્રે-૮:૧૦ કલાકના સુમારે કારેલી ગામની સીમમાં વૃંદાવન હોમ્સની સામેથી પસાર થઈ રહ્યો હતો,ત્યારે રોડ ઉપર પુરઝડપે દોડતા એક અજાણ્યા વાહન ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી વિકાસની બાઈકને ટક્કર મારતા તે બાઈકનું આગળનું વ્હીલ છૂટું પડી જતા તે રોડ ઉપર પટકાયો હતો.જેથી સર્જાયેલા અકસ્માતમાં વિકાસના કપાળના જમણા ભાગે તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે કરૂણ મોત થયું હતું.જો

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વરની પીપી સવાણી સ્કૂલમાં ભવ્ય વિજ્ઞાન મેળો



અંકલેશ્વર, તા.૧૬

પી .પી .સવાણી સ્કુલ, ગુજરાતી માધ્યમમાં તારીખ ૧૪ / ૨ /૨૦૨૬ ને શનિવારના રોજ વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા અનેક ટોપિક પર ભવ્ય વિજ્ઞાન મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું .આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ શ્રી શાળા ના એમ.ડી શ્રી રાકેશ રાય ના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન મેળામાં ધોરણ ૫ થી ૯ ના કુલ ૭૦વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમણે વિજ્ઞાનના ઉપજેટલા વિવિધ સિદ્ધાંતો પર આધારિત મોડલ્સ અને પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. આ સમગ્ર વિજ્ઞાન મેળા નું આયોજન શાળાના શિક્ષક શ્રી મહેન્દ્રસિંહ વશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# પીએસઆઇ ડી.બી. દેસાઈનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન

## સાયણ ટાઉન માંથી જુદા-જુદા બે ગુનાઓમાં ગાંજાનો જથ્થો ઝડપી કુલ ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતાં

સુરત, તા.૧૬

ઓલપાડ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.બી.દેસાઈની પોલીસ ફરજ દરમ્યાનની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ તેમને સન્માનપત્ર એનાયત કર્યુ છે.જે સન્માન બદલ ઓલપાડ પોલીસ બેડા સહિત તેમના શુભેચ્છકોએ આનંદની લહેર સાથે અભિનંદન પાઠવ્યા છે. ઓલપાડ પોલીસ મથકના કાર્યક્ષેત્રની સાયણ આ.પો. ચોકીમાં ડી.બી.દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે.તેમણે પોતાની ફરજ દરમ્યાન ગત તા.૨૨/૧૧/૨૦૨૫ નાં રોજ સાયણ ટાઉનમાં રાંદલ માતા મંદિર વિસ્તારના ગોલ્ડન એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૨૧૧ માંથી ૩.૭૪૨ કિ.ગ્રા.ગાંજાનો જથ્થો,જેની કિ.રૂ. ૧,૮૭,૧૦૦ સાથે કુલ રૂ.૧,૯૨,૧૨૦ નો મુદ્દામાલ અને બે આરોપીઓને દબોચી લીધા હતાં.આ ઉપરાંત ગત તા.૨૬-૦૧-૨૦૨૬નાં રોજ સાયણ ગામની સીમમાં મિશ્રાજી કિરાણા સ્ટોર નામની દુકાનમાંથી ૨.૨૨૪ કિ.ગ્રા.ગાંજાનો જથ્થો,જેની કિ.રૂ.૧,૧૧,૨૦૦ સાથે કુલ રૂ.૧,૨૩,૨૦૦ નો મુદ્દામાલ અને બે આરોપીઓને ઝડપી પાડ્યા હતાં.આ બંન્ને ગુનાહિત કેસમાં ઓલપાડ પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પીએસઆઈ ડી.બી.દેસાઈએ આ બંન્ને ગુનાઓ કુનેહપૂર્વક શોધવા બદલ તેમને જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ ગત તા.૧૪ ના રોજ સન્માનપત્ર એનાયત કરી તેમનું સન્માન કરી તેઓ ભવિષ્યમાં પણ ખંત,નિષ્ઠા અને ઉત્સાહ-ઉમંગ સાથે ઉત્કૃષ્ટ કામગીરી કરી પોલીસ વિભાગનું ગૌરવ વધારતા રહે તેવી અપેક્ષા સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# પશ્ચિમ રેલ્વે ઉધના-હાસનપુર રોડ વચ્ચે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન દોડશે

## ખાસ ભાડા પર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનો દોડાવવા પશ્ચિમ રેલ્વેનો નિર્ણય

સુરત, તા.૧૬

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. (૧) ટ્રેન નંબર ૦૯૦૩૧/૦૯૦૩૨ ઉધના-હાસનપુર રોડ સાપ્તાહિક સ્પેશિયલ ચ૧૪ ટ્રિપ્સૃ ટ્રેન નંબર ૦૯૦૩૧ ઉધના-હાસનપુર રોડ સ્પેશિયલ ઉધનાથી દર રવિવારે ૧૧:૨૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૦:૦૦ વાગ્યે હસનપુર રોડ પહોંચશે. આ ટ્રેન ૧૫ ફેબ્રુઆરીથી ૨૯ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૩૨ હસનપુર રોડ-ઉધના સ્પેશિયલ દર સોમવારે હસનપુરથી ૨૧:૪૫ વાગ્યે ઉપડશે અને બુધવારે ૩:૦૦ વાગ્યે ઉધના પહોંચશે. આ ટ્રેન ૧૬ ફેબ્રુઆરીથી ૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલશે. આ ટ્રેન ચલથાણ, બારડોલી, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છોકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન, બક્સર, આરા, દાનાપુર, પાટલીપુત્ર જંકશન, હાજીપુર, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.



# નેત્ર તપાસ તથા આરોગ્ય કેમ્પમાં ૫૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

## ૧૦૦ જેટલા વયસ્ક નાગરિકોના મોતિયાના નિઃસુલ્ક ઓપરેશન કરાશે

સુરત, તા.૧૬

મહિલા અને બાળ મિત્ર ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુલસાને અહેમદ ટ્રસ્ટ દ્વારા તા:૧૪/૦૨/૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે ચશ્મા સિવિલ કેમ્પ અને મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ ૫૦૦ થી વધુ દર્દીઓને સેવા પૂરી પાડવામાં આવી હતી. ૧૦૦ થી વધુ બુઝુર્ગોને મોતિયાના ઓપરેશન અને ૨૦૦ થી વધુ દર્દીઓને ચશ્માના નંબર કાઢી આપવામાં આવ્યા હતા . અને મફતમાં દોઢસોથી વધુ ચશ્મા વિતરણની સાથે દર્દીઓને એમડી ડોક્ટર દ્વારા તપાસીને દવા આપવામાં આવી. આ કાર્યક્રમની શુભ શરૂઆત દુઆ મુફ્તી ઝકરિયા સાહેબને હસ્તે કરવામાં આવી હતી.જેમાં ઉપસ્થિત મહેમાનો પી.આઈ.ચૌહાણ શાહબ,મુફતિ ફેશલ સાહેબ,વૈશાલીબેન દેવરે, સરકારી વકીલ સરદાબેન,સજ્જુ બાપુ,અશફાક શાહરુખ ભાઈ,રિટાયર્ડ પી.એસ.આઈ સલીમ ખાન, જાવેદસર,રઝિયા ટીચર, રુકસાના બેન, દક્ષાબેન,જાફરભાઈ,સલીમભાઈ, શરીર બાપુ,ફરજાના બેન, રઈસા બેન, એકતા યુવક મંડળના પ્રમુખ હજી જબ્બર ખાન પઠાણ, નિશારભાઈ લાઈટ વાળા, લાલ ખાનભાઇ, રહીશ ભાઈ નવાપુર નુરુભાઈ ચાઈનીઝ,સોયેબભાંજા, સૈયદ સલાઉદ્દીન સર, પ્રમુખ મહંમદ સફી ભાઈ મહિલા અને બાળ મિત્ર ચેરીટેબલની ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવામાં ભારી જહેમત ઉપાડી હતી.

# રામકબીર શાળામાં માતૃ-પિતૃ વંદના તથા સરસ્વતી પૂજન

## કામરેજની શાળાના કાર્યક્રમમાં લાગણીસભર દૃશ્યો સર્જાયા



સુરત, તા.૧૬

શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત ધી કે .વી. કો. ઓ. માધ્યમિક શાળા તેમજ શ્રી ગો .જી. ભક્ત ઉચ્ચતર માધ્યમિક શાળા ( શ્રી રામકબીર શાળા ) માં સંસ્કૃતિનું જતન કરી આદર્શ - સંસ્કારી નાગરિક બનાવવા માટે ધોરણ - ૯ અને ધોરણ- ૧૧ ના ૧૦૨ વિદ્યાર્થીઓએ માતા પિતા ના ચરણ સ્પર્શી - ધોઇ , હાર પહેરાવી રાજુભાઇ રાવલ શાસ્ત્રીજી ની સૂચના અનુસાર વૈદિક મંત્રોચ્ચાર સાથે માતા - પિતાની પૂજા અર્ચના કરી હતી. લાગણીસભર વાતાવરણમાં દરેક માતા - પિતા , બાળકો તેમજ કર્મયોગી મિત્રોની આંખો ભીની થઇ ગઇ હતી. કાર્યક્રમને અનુરૂપ ઉદ્બોધન શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસાઈ તેમજ ઉ . મા . વિ . ના નિરીક્ષક શ્રી કેતનભાઇ દેસાઇ એ જીવનમાં માતા - પિતાનું યોગદાન, મહત્વ સમજાવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે શ્રી દિલીપભાઈ માંડળિયાએ જુદા જુદા ઉદાહરણો દ્વારા માતા - પિતા ની ભૂમિકા , જીવન ઘડતર , સંસ્કાર તેમજ આદર્શ નાગરિક બનાવવા માટે ખૂબ જ ઉપયોગી છે તેમ જણાવ્યું હતું. પદ , પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓના જીવન ઘડતરમાં માતા - પિતાના યોગદાનની સુંદર સમજ આપી હતી. કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત, માનદ્ મંત્રી શ્રી પરેશભાઈ ભક્ત , ખજાનચી શ્રી જીગ્નેશભાઇ ભક્ત તથા અન્ય હોદ્દેદારોએ શાળાના આચાર્ય શ્રી તેમજ સમગ્ર રામકબીર શાળા પરિવાર ને અભિનંદન આપ્યા હતાં. ઉદઘોષક તરીકે ઉમેશભાઇ ઠક્કરે ખૂબ જ સુંદર કામગીરી બજાવી હતી.

# બામસેફ-ઈન્સાફની રાષ્ટ્રીય કારોબારી ભરૂચ ખાતે મળી




ભરૂચ, તા.૧૬

બામસેફ-ઈન્સાફ સંગઠન ની રાષ્ટ્રીય કારોબારી સમિતિની મિટિંગ ભરૂચ ખાતે રાખવામાં આવેલ જેમાં ભારતરાષ્ટ્ર માં થી ઉપસ્થિત રાષ્ટ્રીય સદસ્યો તથા પદાધિકારીઓ મા. રવિકુમાર ડોનેકર રાષ્ટ્રીય અધ્યક્ષ બામસેફ, મા. મોહનભાઈ પરમાર રાષ્ટ્રીય અધ્યક્ષ ઈન્સાફ, મા. બહેચરભાઈ રાઠોડ બામસેફ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ બામસેફ,મા. અશોક કુમાર ડોંગરે પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બામસેફ, બામસેફ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મા. ડી. આઈ. માને, મા. મનોજકુમાર હજારે, બીપીટી ચેરમેન મા. આર. એ. ટોકે, ઈન્સાફ નાં જીવરાજભાઈ મકવાણા, વિનયભાઈ સોલંકી, અશોકભાઈ મકવાણા, વિઠ્ઠલભાઈ પરમાર, બામસેફ ગુજરાત મહાસચિવ શાંતિલાલ રાઠોડ, ગુજરાત લીગલ કાઉન્સિલ સહ કન્વીનર એડવોકેટ પલક મોહનભાઈ કંટારીયા, ભરૂચ પ્રમુખ સુષ્માબેન વસાવા, જયંતિભાઈ સુતરીયા, ચન્દ્રકાંતભાઈ મકવાણા, જીતેન્દ્રભાઈ પરમાર, રમણભાઈ પરમાર.

# શ્રી સુરતી મોઢ વણિક યુવક મંડળ દ્વારા કફન વિતરણ



સુરત, તા.૧૬

અનેકવિધ માનવીય અભિગમ વાળી જેવી કે ચક્ષુદાન, દેહદાન, રક્તદાન ની સેવાઓ કરતું સુ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા ૮૪ મો કફન વિતરણ કાર્યક્રમ ન્યુ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે યુવક મંડળ ના પ્રમુખ શ્રી હરીશ પીપવાલાના માર્ગદર્શન હેઠળ સ્વ.હિતેશ નરસિંહભાઈ ગોહિલના સ્મરણાર્થે શ્રી નટવરભાઈ ગોહિલ ના અનુદાન થી યોજાયો આ સેવાકીય પ્રવૃતિમાં યુવક મંડળના પ્રમુખ હરીશ પીપવાલા સાથે પરેશ ભાટિયા, વિકિન આસમાની, રવિ ગાંધી, જીતુભાઈ કટલરી વાળા, પંકજ માંજરાવાળા, નીતિન ઘાયલ, વસંત ગોળવાળા, મુકેશ કટલરી વાળા, મોન્ટુ જીનવાલા,વિપુલ ગાંધી, વિજય માસ્તર, જીગ્નેશ ઘીવાલા, ધર્મેશ મહેતા, ધર્મેશ લાપસીવાલા એ હાજરી આપી. ન્યુ સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો.રાજેન્દ્ર સોલંકી એ કફન નો જથ્થો સ્વીકારી યુવક મંડળની આ નિયમિત સેવા ને બિરદાવી હતી.આ સાથે ૩૯૦૦ મીટર કફન નું કાપડ અકસ્માતે કે આપઘાતના હેતુથી છિન્ન ભિન્ન થઈ જતા માનવ દેહ પર ઓઢાડી મોત નો મલાજો જાળવવાના હેતુથી અર્પણ કરવામાં આવ્યો. લોક ભાગીદારી થી આ સેવા દર મહિને નિયમિત અડાજણ રાંદેર રોડ યુવક મંડળ કરે છે.

# માતા રમાઈ આંબેડકરજીની જન્મ જયંતીની ઉત્રાણ ખાતે ઉજવણી



## મહિલા જાગૃતિ સંમેલનમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા

સુરત, તા.૧૬

ત્યાગમૃતી માતા રમાઈ આંબેડકરજી ની ૧૨૮ મી જન્મ જયંતી ઉજવણી પ્રસંગે ઉત્રાણ ખાતે અગિયાર મો મહીલા જાગૃતિ સમ્મેલન / સાંસ્કૃતિક- સન્માન કાર્યક્રમ યોજાયો.

ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સમતા સેવા ફેડરેશન, ઉત્રાણ, અમરોલી,કોસાડ વિભાગ સુરત શહેર દ્વારા ભારત રત્ન ડો બાબા સાહેબ આંબેડકર જી ના જીવન સંગીની ની ૧૨૮ મી જન્મ જયંતી મહોત્સવ ઉજવણી ના ભાગરુપે ઉત્રાણ કોમયુનીટી હોલ ખાતે ૧૧ મો મહીલા જાગૃતિ સમ્મેલન/ સાંસ્કૃતિક, સન્માન કાર્યક્રમ સમતા સેવા ફેડરેશન ગુજરાત અધ્યક્ષ, રીપ્બલીકન મહીલા ફંટ અગ્રણી સામાજીક કાર્યકર આશાતાઇ મંગલે ના અધ્યક્ષપદે તેમજ સુરત મહાનગર પાલીકા ના નગરસેવક રાજેન્દ્રભાઇ પટેલ ઉત્રાણ ગામ માજી સરપંચ આપ્પાસાહેબ કાશીનાથ સીરસાઠ તેમજ વડોદરા ના સામાજીક કાર્યકર ડો તરલીકા બેન રાજ,શિક્ષણ સમિતી ઉપાધ્યક્ષ, માજી નગરસેવક સ્વાતિબેન સોસા, વિશ્ર્વ શાંતિદુત? હાબોધી બુદ્ધ વિહાર સંસ્થાપક અધ્યક્ષ દર્દી સેવા સમિતી અધ્યક્ષ સુભાષભાઇ ઝાડે માજી નગરસેવક સુરેશ ભાઇ સોનવણે,ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ સુરત શહેર ના માર્ગદર્શક આર, કે સોનવણેદાદા લોકજન શકિત પાટી ગુજરાત ઉપાધ્યક્ષ નાગમલ પ્રભાકર, ભીમહોત્સવ સમિતી અધ્યક્ષ સતીશભાઇ ચૌહાણ, વીર મેઘ માયા ભવન ના ઉપાધ્યક્ષ વિનયભાઇ રુપવટે ની ઉપસ્થિતી માં કાયઁકમ ની શરૂઆત ભારતીય બૌદ્ધ મહા સભા ના અગ્રણી ગોવિંદભાઇ પીપળેસકર એ તમામ ઉપાસક ઉપાસીકાઓ ને ત્રિશરણ પંચશીલ ગ્રહણ કરાવી તથાગત બુદ્ધ.,ડો બાબાસાહેબ ની પ્રતિમા તેમજ માતા રમાઈ ના તેલચિત્ર ને ફૂલહાર અર્પણ કરી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી આ

પ્રસંગે મહારાષ્ટ્ર શિરપુર ના નગરસેવક ગણેશભાઈ સાલવે,દોડાઈચા નગરસેવક રામભાઈ માણેક,નું શિલ્ડ પુષ્પગુચ્છ શાલ આપી સન્માનિત કર્યા હતા, સામાજીક, ધામિક, શૈક્ષણીક ક્ષેત્ર પ્રગતિશીલ મહીલા, વિધાથોઓ નું જાહેર સન્માન શિલ્ડ શાલ, પંચશીલ કાપ પહેરાવી

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લા પંચાયતમાં ૧૮ વર્ષથી ભાજપનું વાયદા બજારનું શાસન

## જિલ્લાની તમામ તાલુકા પંચાયતો તેમજ તમામ ધારાસભ્યો અને સાંસદ સભ્યો પણ ભાજપના છતાં વિકાસની પ્રગતિમાં અવરોધ

સુરત, તા.૧૬

લાંબા સમયથી જિલ્લા પંચાયતમાં ભાજપનું એક ચક્રીય શાસન હોવા છતાં જિલ્લા પંચાયતની તિજોરી તળીયે બેઠી છે. સ્વભંડોળની આવક વધારવામાં ભાજપના શાસકો નમાલા સાબિત થયા છે.

સુરત જિલ્લા પંચાયતના પૂર્વ વિરોધ પક્ષના નેતા દર્શનભાઈ નાયકે ગંભીર આક્ષેપો કરતાં અનેક મુદ્દાઓ પર ભાજપને આડેહાથ લીધી છે. તેમના કહેવા મુજબ તાલુકા કક્ષાએથી ગ્રામીણ વિસ્તારોમાં આવેલી ગ્રામ પંચાયતોથી આવક વધે તો જિલ્લા પંચાયતના સ્વભંડોળનું કદ પણ વધે પરંતુ વધારવામાં ભાજપ શાસકો નબળા પુરવાર થયા છે.

જિલ્લાના તાલુકાઓમાં જિલ્લા પંચાયત હસ્તકની અનેક સ્થાવર જંગમ મિલકતો આવેલી છે જેની કિંમત આજના સમયમાં કરોડોમાં આકી શકાય તેમ છે હજુ આ મિલકતો નો પ્રશ્ન લાંબા સમયથી વણઉકેલાયેલો રહેલો છે આ મિલકતો નો જંત્રીના ભાવે નિકાલ કરી આવક વધારવાની વાત કરવામાં આવી હતી અને એ આવક માંથી જિલ્લામાં વિકાસના કામો કરવાની પણ

અનુસંધાન પાના ૭ પર

### તપાસ સમિતિના અહેવાલને દબાવી દેવાયો

બે વર્ષ પહેલા જિલ્લા પંચાયતનું નવું ભવન બનાવવામાં આવ્યું હતું જેના લોકાર્પણ બાદ સ્વભંડોળની કરોડો રૂપિયાના દુરૂપયોગનો વિવાદ થયો હતો જે ખૂબ જ ચર્ચાના ચકડોળે ચડ્યો હતો અને તેની તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી પરંતુ તેનો અહેવાલ દબાવી દેવામાં આવ્યો છે. તપાસ કમિટીએ શું તપાસ કરી એ શાસકો કેમ જાહેર કરતા નથી. ત્યારે તપાસ કમિટીનો અહેવાલ ભગવાનને સાક્ષી એ રાખીને જાહેર કરવો જોઈએ એવી માગણી દર્શનભાઈ નાયક દ્વારા કરવામાં આવી છે.

### સરકારી ફાર્મમાં જ ઓર્ગેનિક ખેતી થતી નથી

રાજ્ય સરકાર ઓર્ગેનિક ખેતી કરવા માટે ખેડૂતોને તાબોટા પાડીને પ્રેરિત કરી રહી છે બીજી બાજુ જિલ્લામાં સરકારી ફાર્મ આવેલા છે સરકારનું વિઝન હોવા છતાં આ ફાર્મમાં જ ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરવામાં આવતી નથી. ડાહી સાસરે જાય નહિ અને ગાંડીને સાસરે જવાની શિખામણ આપે તેવો ઘાટ સર્જાયો છે.

### સરકારી બાબુઓનો એક જ જગ્યાએ અડિંગો

આઈટી ટેકનિકલ અને ઈ-ગ્રામની વાતો હોંસે હોંસે કરવામાં આવી હતી પરંતુ તેના અમલીકરણ માટે ગ્રામ પંચાયતોમાં તલાટી ક્રમ મંત્રીઓ, ગ્રામસેવકો, સહિતના કર્મચારીઓનું ખૂબ મોટું મહેકમ છેલ્લા દસ વર્ષથી ખાલી છે રાજ્ય સરકાર દ્વારા મહેકમ ભરાતું નથી. બીજી તરફ રાજ્ય સરકારના નિયમ મુજબ ત્રણ વર્ષે કર્મચારીની અન્ય વિભાગમાં બદલી કરવાના નિયમનો અમલદાર શાહી ચલાવતા જિલ્લા પંચાયતના ઉચ્ચ અધિકારીઓ એ છેદ ઉડાડી દીધો છે અને અમુક માન્યતા કર્મચારીઓને એક જ જગ્યાએ લાંબા સમયથી બેસાડી દીધા છે જેમની બદલી નહિ કરી એક જ ટેબલ પર ફરજ પર રાખવામાં આવતા ભ્રષ્ટાચાર વધ્યો છે.

# શું તમે ભાવનાત્મક રીતે નબળા છો? તો તમારામાં આ આદતો સામાન્ય છે



જીવનમાં આગળ વધવા અને મુશ્કેલ પરિસ્થિતિઓને અસરકારક રીતે હેન્ડલ કરવા માટે, ભાવનાત્મક રીતે મજબૂત હોવું જરૂરી છે. લોકો ઘણીવાર એવું માને છે કે જે વ્યક્તિ નાની નાની બાબતો પર રડે છે તે ભાવનાત્મક રીતે નબળી છે, પરંતુ આવું નથી. અહીં આપણે ભાવનાત્મક રીતે નબળા લોકોની આદતોનું અન્વેષણ કરીશું.

માનસિક શક્તિ શારીરિક શક્તિ કરતાં વધુ મહત્વપૂર્ણ છે, કારણ કે જો તમે ભાવનાત્મક રીતે મજબૂત છો, તો તમે સૌથી ખરાબ પરિસ્થિતિઓમાં પણ ધીરજથી યોગ્ય નિર્ણયો લઈ શકો છો અને મુશ્કેલીથી પોતાને બચાવી શકો છો. આપણે બધાએ આપણી આસપાસ કેટલાક એવા લોકોને જોયા છે જે બીજા કરતા થોડા વધુ સંવેદનશીલ હોય છે. ઉદાહરણ તરીકે જો કોઈ તેમને કંઈક કહે છે, તો તેમની આંખોમાં આંસુ આવી જાય છે. લોકો આને ભાવનાત્મક નબળાઈ માને છે, જ્યારે ભાવનાત્મક રીતે નબળા હોવું તેનાથી વિપરીત છે. અહીં આ પાંચ વસ્તુઓ છે જે દર્શાવે છે કે વ્યક્તિ ભાવનાત્મક રીતે નબળી છે.

એવું કહેવાય છે કે રડવું એ નબળાઈ નથી. આ બિલકુલ સાચું છે, કારણ કે રડવું એ એક એવી લાગણી છે જે જ્યારે આપણે કોઈ વસ્તુથી દુ:ખી થઈએ છીએ ત્યારે ઉભરાય છે. આ પ્રશ્ન ઉભો કરે છે કે ભાવનાત્મક રીતે નબળાઇ શું છે? ચાલો ભાવનાત્મક રીતે નબળા લોકોની આદતોનું અન્વેષણ કરીએ.

જો તમે એવા લોકોથી ઘેરાયેલા છો જે પોતાની ભૂલો સ્વીકારવાનો ઈનકાર કરે છે, ભલે તેઓ ખોટા હોય, તો સમજો કે તેઓ ભાવનાત્મક રીતે નબળા છે. તેમની પાસે એ સ્વીકારવાની ભાવનાત્મક ક્ષમતાનો અભાવ છે કે કોઈ પણ ભૂલ કરી શકે છે. આવા લોકો ડરતા હોય છે. ભાવનાત્મક રીતે મજબૂત લોકો સ્થિતિસ્થાપક હોય છે અને પોતાની ભૂલો સ્વીકારે છે અને તેના પર કામ કરે છે.

કેટલાક લોકો કહે છે કે તેઓ ખૂબ જ ઝડપથી ગુસ્સે થાય છે. આ એક એવી લાગણી છે જે કેટલાકમાં વધુ પ્રચલિત થઈ શકે છે અને અન્યમાં ઓછી પ્રચલિત થઈ શકે છે, પરંતુ જો તમે ગુસ્સે થાઓ છો અને તેને નિયંત્રિત કરી શકતા નથી, તો તે ભાવનાત્મક નબળાઈ છે. જો તમે નાની વસ્તુઓ પર ચીસો પાડવાનું શરૂ કરો છો, તો તમે ભાવનાત્મક રીતે નબળા હોઈ શકો છો.

જે લોકો કોઈપણ વસ્તુની જવાબદારી લેવાનું ટાળે છે તેઓ ભાવનાત્મક રીતે નબળા હોય છે કારણ કે તેઓ સતત ડરતા હોય છે કે તેઓ પરિપક્વતાથી વસ્તુઓને સંભાળી શકશે નહીં, અને આ જ કારણ છે કે તેઓ વિલંબ કરે છે. ભાવનાત્મક રીતે મજબૂત વ્યક્તિ હંમેશા તેમની સોંપાયેલ જવાબદારીઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે.

બીજાની લાગણીઓનો આદર ન કરવો

કોઈપણ ભાવનાત્મક રીતે મજબૂત વ્યક્તિ જાણે છે કે ફક્ત પોતાની જ નહીં, પણ બીજાની લાગણીઓનો આદર કેવી રીતે કરવો. જો તમે બીજાઓની લાગણીઓને સમજી શકતા નથી અને તેમની લાગણીઓની પરવા કરતા નથી, તો આ ભાવનાત્મક નબળાઈની નિશાની છે. આના કારણે સંબંધો ઘણીવાર નુકસાન પામે છે.

નિર્ણયો ટાળવા

જીવનમાં આગળ વધવા માટે, તે યોગ્ય નિર્ણયો લેવા વિશે નથી, પરંતુ તમે લીધેલા નિર્ણયોમાં વિશ્વાસ રાખવા વિશે છે. કેટલીકવાર લોકો એવું માનવા લાગે છે કે તેમના નિર્ણયો હંમેશા ખોટા હોય છે, અને આનાથી તેઓ નિર્ણયો લેવાનું ટાળે છે. આ સૂચવે છે કે કોઈ વ્યક્તિ ભાવનાત્મક રીતે નબળી છે.



# આ રીતે ડ્રાય ફ્રૂટ્સનો કરો સંગ્રહ

ડ્રાય ફ્રૂટ્સ અને બીજ-બદામ ઘણાં પોષક તત્ત્વોથી ભરપૂર હોવાને કારણે સ્વાસ્થ્ય માટે વરદાન માનવામાં આવે છે, પરંતુ જો યોગ્ય રીતે સંગ્રહિત ન કરવામાં આવે તો તેનાં પોષક તત્ત્વો ઘટી શકે છે. ચાલો તેને સંગ્રહિત કરવાની સાચી રીત જણાવીએ.

ડ્રાય ફ્રૂટ્સમાં ઘણા વિટામિન અને ખનિજોનો સારો સ્ત્રોત છે, તેથી દૈનિક આહારમાં મર્યાદિત માત્રામાં બદામ, ડેટ્સ, પીસ્તાં, કિસમીસ, કાજુ વગેરે ડ્રાય ફ્રૂટ્સનો સમાવેશ કરવો જોઈએ. જ્યારે ઊર્જા વધારનારા નાસ્તાની વાત આવે છે, ત્યારે બદામ, ડ્રાય ફ્રુટ્સ અને બીજનું મિશ્રણ શ્રેષ્ઠ છે. જોકે જો તેમને યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં ન આવે, તો ભેજને કારણે અથવા ખૂબ જ ગરમ તાપમાનમાં રાખવામાં આવતાં તેમના પોષણ મૂલ્યમાં ઘટાડો થઈ શકે છે. ચાલો આપણે શીખીએ કે બદામ, ડ્રાય ફ્રૂટ્સ અને બીજનો સંગ્રહ કેવી રીતે કરવો જેથી તેમની શેલ્ફ લાઇફ લાંબી રહે અને સ્વાદ સાથે પોષક તત્ત્વોનું પ્રમાણ અકબંધ રહે.

ડ્રાય ફ્રૂટ્સ, બદામ અને બીજનો યોગ્ય સંગ્રહ તેમના પોષક મૂલ્યને જાળવી રાખવા માટે જરૂરી છે. જો તે ભીનું થઈ જાય, તો શેલ્ફ લાઇફ ઓછી થઈ જાય છે અને વિચિત્ર ગંધ સાથે ફૂગ થવાની શક્યતા રહે છે. જ્યારે વધુ પડતી ગરમી બદામ અને બીજમાં તેલ ઘટાડે છે, જેના કારણે પોષણ મૂલ્યમાં તફાવત આવી શકે છે.

લાંબા સમય સુધી કેવી રીતે સંગ્રહ કરવો?

ફ્રીઝિંગ તમારા સૂકાં ફળોને લાંબા સમય સુધી અથવા ઘણા મહિનાઓ સુધી તાજા રાખી શકે છે, પરંતુ તેમાં બિલકુલ ભેજ હોવો જોઈએ નહીં. તેથી તમારે હંમેશાં ફ્રીઝર સેફ બેગ અથવા કન્ટેનરનો ઉપયોગ કરવો જોઈએ. આ બીજ અને બદામનો ક્રંચ પણ અકબંધ રાખે છે. આ પદ્ધતિ તેમના માટે શ્રેષ્ઠ છે.

ડ્રાય ફ્રૂટ્સને આવી જગ્યાએ રાખો

જો તમે થોડા સમય માટે ડ્રાય ફ્રૂટ્સનો સંગ્રહ કરવા માગતા હો, તો તમે તેને સામાન્ય રીતે ઠંડી જગ્યાએ સંગ્રહિત કરી શકો છો, પરંતુ આ સ્થાન સંપૂર્ણપણે ભેજ પ્રતિરોધક હોવું જોઈએ. તેને પ્રકાશ અને ગરમીથી દૂર રાખો અને કન્ટેનર એવું હોવું જોઈએ કે તેમાં કોઈપણ પ્રકારનો ભેજ પહોંચવાની શક્યતા ન રહે.

ભેજને રોકવા માટે આ કરો છો?

ભેજને શોષી ન લેવા માટે તમે ફૂડ ગ્રેડ સિલિકા જેલના પેકેટનો ઉપયોગ કરી શકો છો. તમે આ પેકેટોને બરણીની અંદર મૂકી શકો છો, જે ફૂગ અને ભેજને અટકાવશે. આ સિવાય તમે કાચા ચોખાને થોડી લવિંગ સાથે ભેળવીને એક પોટલીમાં બાંધીને બરણીમાં રાખી શકો છો.

શેકીને સ્ટોર કરો

તમે બદામ અને બીજ શેકીને સંગ્રહિત કરી શકો છો. આનાથી માત્ર ક્રંચ અને સ્વાદ વધશે જ નહીં, પણ થોડી ભેજ પણ સૂકાઈ જશે અને શેલ્ફ લાઈફ પણ વધશે. શેકવા માટે કોઈપણ પ્રકારના તેલનો ઉપયોગ કરશો નહીં.

શરીરને ઘણા ફાયદા છે

હૃદયને સ્વસ્થ રાખવાથી લઈને ત્વચાને યુવાન ચમકતી રાખવા, યોગ્ય રક્ત ઉત્પાદન જાળવવા સુધી, આહારમાં ડ્રાય ફ્રૂટ્સ, બદામ અને બીજનો સમાવેશ કરવો સારું છે, કારણ કે તે આપણા શરીરમાં ઘણા સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઊણપને પૂર્ણ કરે છે.

# જેમ વિચારો તેમ વિસ્તરે ચોવકના અર્થ!

ચોર પણ એક મનુષ્ય જ હોય છે પણ ચોર એટલે ચોર! તમે જોયું હશે કે ચોર હંમેશાં પકડાઈ જ જતા હોય છે. તેનું કારણ છે, તેની માનસિકતા! એક ચોવક છે કે, 'ચોર જે મન મેં બાવરિયો વસે' ચોવકમાં જે 'બાવરિયો' શબ્દ આવે છે, એ જ ચોરની માનસિકતા છે! 'બાવરિયા'નો અર્થ અહીં આપણે 'ભય' કરીશું. પકડાઈ જવાનો 'ડર' તેના મનમાં કાયમ રહેતો હોય છે. તેની 'મનોસ્થિતિ' ભયભીત હોય છે.અર્થ હજુ અટકતો નથી. જેના મનમાં સ્વાર્થ રમી રહ્યો હોય, જે કંઈક ખોટું કામ કરવાનું મનમાં ઘૂંટી રહ્યો હોય તો પણ 'ચોર જે મન મેં બાવરિયો વસે' એ ચોવક લાગુ પડે છે. આમ તો 'બાવરિયો' એટલે કાંટાળો બાવળ! અર્થાત્ કાંટાળા બાવળની સૂળ તેને કાયમ ડંખતી રહેતી હોય છે.કચ્છી ચોવકોના અર્થની વ્યાપકા વિશેષ હોય છે. જેમ અર્થઘટન વિચારતા જઈએ તેમ આનંદ અને આશ્ર્ચર્યની સીમાઓ વિસ્તરતી જાય છે! 'ચોર' શબ્દના પ્રયોગ વાળી ઘણી ચોવકો કચ્છીમાં છે. મજાની વાત તો એ છેકે, એ ચોવકોમાં 'ચોર' શબ્દના મૂળ અર્થ સાથે તેને જરા પણ સંબંધ નથી હોતો. આવો, માણીએ એવી કેટલીક ચોવકો. 'ચોર કમજો, ચટો કમજો, 'ગાલાવેલો ન કમજો' શબ્દાર્થ સરળ છે, ભાવાર્થ ગહન છે. શબ્દાર્થ છે: ચોર કામનો ખટ સવાદિયો પણ કામનો, પણ ગાલાવેલો માણસ નકામો! 'ચટો' એટલે અહીં 'ખટ સવાદિયો' એવો અર્થ અભિપ્રેત છે. ટૂંકમાં ભાવાર્થ જોઈએ તો, આ ચોવક વચન પાલનનું માન અને મહત્ત્વ બતાવવા જ પ્રયોજાતી હોય છે. બીજી ચોવક છે: 'ચોર કે ચોર ય ભલો' મતલબ કે સમકક્ષ કે સમાન મોભા પ્રમાણેની વ્યક્તિ!આ ચોવકથી તો સહુ પરિચિત હશે જ કારણ કે એ ગુજરાતીમાં પણ પ્રયોજાતી હોય છે. ચોવક છે: 'ચોર કે ચોંધા ચોરઈ કજ, નેં ધણી કે ચોંધા જાગધો સુમજ. 'ચાંધા'નો અર્થ થાય છે: કહેશે. 'કજ' એટલે કરજે, 'જાગ દો' એટલે જાગતો, 'સુમજ'નો અર્થ છે સૂજે! આટલી લાંબી ચોવકનો ભાવાર્થ બે જ શબ્દોમાં જોવા મળે છે, અને તે એટલે 'બેવડી નીતિ'. ચોરને કહેશેની ચોરી કર અને જ્યાં ચોરી કરવાની છે તે ઘરના માલિકને કહેશે કે, જાગતો રહેજે! જોયું ને? છે ક્યાંય ચોર કે ચોરીના અર્થ સાથે સંબંધ?એમ કહેવાય છે કે, અજવાળી રાતે ચોર ક્યારેય ચોરી કરવા ન નીકળે! એ સાચું જ હશે એટલે તો ચોવક બની: 'ચોર અંધર જો વેર'! ખરેખર તો આ ચોવક પોતાના દોષ કે અવગુણ જ્યારે છત્તા થઈ જાય ત્યારે વપરાતી હોય છે. પકડાઈ ન જાય ત્યાં સુધી ચોરને ક્યારેય નુકસાન નથી થતું. કારણ કે એનો ધંધો એવો નથી કે કંઈ રોકાણ કર્યું હોય તો ગુમાવવું પડે! વધુમાં વધુ તેનો ફેરો ફોગટ જાય! એ તો થનારા નફામાં ખોટ ગઈ ગણાય! ચોવક એવી બની કે, 'ચોર જી નિખોધ ન વિંઝે' શબ્દાર્થ: ચોરનું નખોદ ન જાય. પરંતુ મૂળ અર્થ છે કે, જ્યારે માણસના અવગુણ સમાજમાં ખુલ્લા પડી જાય ત્યારે વળી એક ચોવક એમ કહે છે કે, 'ચોર જો ધણી કેર થિયે?' એવી વ્યક્તિથી તો બધા દૂર જ રહે!એક અદ્ભૂત ચોવક 'ચોર' શબ્દના પ્રયોગ સાથે વણી લેવાઈ છે: 'ચોર જો નીયા સે મૂંજો નીયા' અહીં 'નીયા' એટલે ન્યાય. કોઈએ આપેલા નિર્ણય મંજૂર રાખવામાં આવે ત્યારે પણ 'ચોર' શબ્દને આવડું મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગુજરાતીમાં કહી શકાય 'તમે કહો તે કબુલ' કચ્છીમાં પણ એક બીજી ચોવક છે: 'સાંધો ચે સે ગભણી' અહીં 'સાંધો' શબ્દનો અર્થ ગોવાળ યથાર્થ છે અને 'ગભણી' અટલે ગર્ભવતી! ગાય – બકરી કે ભેંસ ગાભણી છે કે નહી એ ગોવાળ જ કહી શકે! એનો ન્યાય સાચો!

# સર્વોત્કૃષ્ટ ભોળાં બહુચરાજીનું ધામ

ગુજરાતમાં ઘણાં બધાં તીર્થધામો આવેલાં છે. તેમાં ઉત્તર ગુજરાતની ભૂપૃષ્ઠ પર મા ભોળાં બહુચરાજી અધિષ્ઠાત્રી બની આધિપત્ય બરકરાર છે. બધા તીર્થાટનની વિશેષતા અલગ હોય છે. તેમાંય અમુક તીર્થનું નામ જીભે રમતું હોય અસંખ્ય માનવ દર્શન માટે જતાં હોય એવા મહેસાણાથી ૪૦ કિ.મી. દૂર આવેલા કૂકડા પર સવારી ધરાવતા માં બહુચરાજી નામ આજે નવ ખંડમાં લેવાય છે. ભક્તિથી દર્શન કરે તો ભવસાગર તારનાર છે. માનવી ઉપર દરેક માતાજીએ અમીવર્ષા રાખી છે. દાનવોને મારવા માટે માતાજીએ અલગ રૂપ ધારણ કરી રાક્ષસો-દાનવોને મારી માનવીને શાંતિ અર્પી છે. આવી શાંતિમાં બહુચરાજીના દર્શન કરતાં તન-મન પ્રફુલ્લિત બને છે.

આ યાત્રાધામ ખૂબ જ પ્રાચીનતમ જૂનું છેપ! આ મુખ્ય મંદિર વડોદરાના રાજવી માનાજીરાવ ગાયકવાડે સંવત ૧૮૩૯ (સને-૧૭૮૩)ની સાલમાં બંધાવ્યું. પાંચ ફૂટ ઊંચા સિંહાસને મા ભગવતી બહુચરાજી માતાજી બિરાજમાન છે. પુન: નવનિર્મિત બનેલ ભવ્યતાતિભવ્ય મંદિરની આગળના ભાગે બે ઘુમ્મટ અને મોટા શિખરોથી ભવ્યને દિવ્ય દીશે છે. કલાકોતરણી ખૂબ જ આબેહૂબ લાગે છે. મંદિર પર લાલરંગની વિશાળ ધજા શોભે છે. મંદિરનાં પગથિયાં ચડતાં પ્રથમ સભામંડપ આવે છે. માતાજીના મુખ્ય ગોખમાં શ્રી બાલાયંત્રની પૂજા થાય છે. આ યંત્રનિરાકાર હોય મૂર્તિ પૂજકો અને મૂર્તિરૂપને નહી માનનાર બંને માટે પૂજ્ય ગણાય છેપ! બે બાજુ અખંડ દીવાની જ્યોતિ જલિત જોવા મળે છે. અહીં માતાજીને સોમવારે નંદી, મંગળવારે સિંહ, બુધવારે વાઘ, ગુરુવારે હંસ, શુક્રવારે મયૂર, શનિવારે હાથી અને દર રવિવારે અને પૂર્ણિમાએ કૂકડાની સવારી રાખવામાં આવે છે. શ્ર્વેત સંગમરમરના પથ્થરમાંથી નવનિર્મિત મંદિરના પશ્ર્ચિમ તરફ જતા દરવાજાની આગળ પ્રાચીન બાંધણીનો કુંડ જોવા મળે છે. જ્યારે શ્રીજીના ચાચરમાં આદ્યશક્તિ વરખડી મંદિર મધ્યસ્થાને ગણપતિ, નારસિંગજી, હનુમાનજી, મહાદેવજી, વલ્લભ ભટ્ટના ધામમાં શ્રીજીની પાદુકા બિરાજે છે. દેવાલયની પૂર્વ દિશામાં પવિત્ર અગ્નિકુંડ આવેલ છે. ચુંવાળ પંથકમાં પવિત્ર અગ્નિકુંડ આવેલો છે. આ પંથકના હૃદય સમાન





બેટચરાજી ખાતે આદ્યશક્તિ બહુચરાજી શક્તિપીઠ ઉત્તર ગુજરાતના ત્રણ શક્તિપીઠ પૈકીનું એક છે. તેમ જ ભારત વર્ષના ત્રેપન શક્તિપીઠમાં તેમની ગણતરી થાય છે. ગાયકવાડી શાસનકાળ દરમિયાન રાજ્યકોષમાંથી બહુચરાજી મંદિર તે સમયે તૈયાર કરાયેલું હાલે નવનિર્મિત શ્ર્વેત મંદિર છે. મંત્રોક્ત મહિમાથી બાલાત્રિપુરા સુંદરી તરીકે અને તંત્રોક્ત મહિમાથી 'બહુચરામ્બા' નામે વિશ્ર્વ વિખ્યાત છે. આ શક્તિપીઠ ભગવાન શંકરના તાંડવ નૃત્ય સમયે જગદંબાના દેહનો ડાબો હાથ (બહુલા) બોરુવનમાં પડ્યો ત્યારથી બાલાત્રિપુરા સુંદરીના મહાશક્તિપીઠ તરીકે બહુચરાજીના સુપ્રસિદ્ધ નામથી ઓળખાતું આવે છે. બહુચરાજી માતાએ ચુંવાળ પંથકમાં ચાર પ્રાગટ્ય કર્યા છે. પ્રથમ પ્રાગટ્ય દંઢાસુર રાક્ષસના હનન માટે, બીજું પ્રાગટ્ય કપિલ મુનિના હસ્તે વરખડી મંદિર, ત્રીજી પ્રાગટ્ય કુલડીમાં કટક જમાડી. ચોથું પ્રાગટ્ય કાલરી ગામમાં સોલંકી રાજા તેજપાલને આપ્યું હતું.વ્યંઢળોની ગાદી અહીં આવેલ છે. બહુચરાજીના સ્થાનમાં પાવૈયા કે વ્યંઢળ નામે ઓળખાતા માતાજીના ભક્ત ગણાય છે. એવું કહેવામાં આવે છે કે મહાભારતકાળમાં વિરાટનગર ગુપ્ત વેશે જતાં પાંડવો અહીં રોકાયેલા તેમ જ અહીં અર્જુને વ્યંઢળનો વેશ ધારણ કરેલપ! આ ગાદીનો પ્રાચીન ઈતિહાસ એવો છે કે શિખંડીના પ્રસંગથી કૃતઘ્ન બનેલા ગુરુએ યક્ષ મંગળને તું વ્યંઢળ થશે એવો શાપ આપેલો. મંગળે માફીની યાચના કરતાં ગુરુએ કીધું મારું વચન મિથ્યા નહી થાય પણ તારા એ રૂપનો અહીં ગાદી સ્થપાશે. ત્યારથી અહીં આ ગાદીની સ્થાપના થઈ છે.

બીજા જન્મમાં પુરુષાતન પામવા વ્યંઢળો અહીં માની ભક્તિ આરાધના તપ કરે છે અને આશીર્વાદ મેળવે છે. ચૈત્રી પૂનમ તેમ જ આસો માસની પૂનમનું માહાત્મ્ય ખૂબ જ છે. તે રાત્રે બહુચરબાળાની ભવ્ય જાજરમાન શોભાયાત્રા નીકળે છે ત્યારે ગાયકવાડના વખતથી અહીં ગાર્ડ ઓફ ઓનર અપાય છે.

# પૈસા યહ પૈસા, પૈસા હૈ કૈસા? નહી કોઈ ઐસા, જૈસા યહ પૈસા!

ભારત પાસે રેકર્ડ રિઝર્વ ફંડ એકઠું થયું અથવા ઘટી ગયું, સામા પક્ષે જીડીપી રેકર્ડ રીતે ઘટી રહી છે અને રોજગારી પર અનેક પ્રશ્ર્નો છે. આ વાતોને સમજવાની કોશિષ કરીએ ત્યાં બજેટની વાતો શરૂ થાય. બજેટ આવે એટલે કેટલાક ભારેખમ શબ્દો સાંભળવા મળે. એક્સપેન્ડચર બજેટ, બજેટરી ડેફિસિટ, ડેપ્ટ, ફાઇનાન્સ બિલ, ફિસ્કલ પોલિસી, નોન પ્લાન એક્સપેન્ડચર, રેવન્યુ, રિસોર્સ. થાકી જવાય.

એક તો આપણો ઈકોનોમિક્સમાં ટપ્પો પડે નહી, જેમ બે બેડરૂમ હોલ કિચનના ફ્લેટને વાસ્તુદેવ શું કામ પજવે, બસ એવું જ બજેટ એટલે પૈસાની વાતો રૂપિયા ક્યાંથી આવશે ને ક્યાં જશે? આપણને ચોક્કસ થાય કે, કરન્સીની માનવજાતને શું જરૂર પડી હશે? માણસજાત જંગલમાં શિકાર કરીને ભટકતી રહેતી હતી ત્યારે ખાસ જરૂરિયાત હતી નહી, સ્વાભાવિક છે કે તેને કરન્સી શોધવાની જરૂર ન હતી, પર્સ જ ન હતું. ધીમે ધીમે માણસનો એક સ્થાન પર સમૂહમાં વસવાટ શરૂ થયો, ખેતી તથા કપડા સહિત નવી આવશ્યકતાઓની જરૂર પડવા લાગી. આ તબક્કે વિનિમય પદ્ધતિ શરૂ થઈ હશે પણ એમાં સમસ્યાઓ આવી હશે દરેક વસ્તુ એકસરખી કિંમતની ન હોય, બે બળદ સામે બે બકરી ના ચાલે. વિનિમયના નામે દરેક વસ્તુઓના ટુકડા ન કરી શકાય અને આદાનપ્રદાન દરમિયાન કિંમત સરખી થવી જોઈએ. હવે શું કરવું?

સૌથી પહેલાં સોનાના ઉપયોગથી બિઝનેસ શરૂ થયો, પણ જામ્યું નહીં. ધીમે ધીમે સસ્તી ધાતુઓના ટુકડાઓનો કરન્સી તરીકે ઉપયોગ શરૂ થયો બસ, જેવું આદાનપ્રદાન શરૂ થયું કે, ઈકોનોમી વિકસીને છેક બજેટ સુધી પહોંચી ગઈ. ભારતની કરન્સી વિશે પણ બે મતો છે. એક મતે કરન્સીના કોઈન્સનો કોન્સેપ્ટ તથા ડિઝાઈન ગ્રીસથી આવ્યો હતો, બીજો મત આપણો કોન્સેપ્ટ હોવાનું માને છે. ગ્રીકવાળા કહે છે કે સિકંદર સિક્કા લાવ્યો, પણ ભારતમાં તેના આવતાં પહેલા કરન્સી હતી. સિન્ધુ સંસ્કૃતિ સમયે કરન્સી ન હોવા અંગે દેશી



વિદેશી લગભગ એકમત ધરાવે છે. વૈદિક યુગમાં વિનિમય પ્રથા હતી, ઉપનિષદથી માંડી બૌદ્ધ યુગ સુધી કરન્સી સમજાવા લાગી હતી, મૌર્ય યુગમાં તો અર્થશાસ્ત્ર પણ આવી ગયું હતું. મિન્સ, માણસ સમજણો થયો ત્યારથી ઈકોનોમિક્સનો સિલેબસ આવી ગયો હતો. સરવાળે એટલું સમજાયું કે ભારતીય ઉપખંડમાં સત્યાવીસસો વર્ષથી સિક્કા ખણખણે છે. આ વાતો વાંચતા થયું કે ચાલો કરન્સીને વાયા ઈકોનોમી થઈ સમજીએપ આખું વર્ષ આ સમાચાર વાંચતા વાંચતા બજેટનો સમય આવ્યો. બજેટ સાથે કરન્સી જોડાયેલી છે. કરન્સીની માતા એવા કોઈન્સની વિશાળ દુનિયા છે. પૈસાની વાતો સાંભળીએ એટલે પાછી કોઈન્સની ઈન્ટરેસ્ટિંગ કહાનીઓ યાદ આવે, આશરે પચીસસો વર્ષ પહેલાં શિશુનાગ વંશની મુદ્રાઓ ભારતીય ઉપખંડમાં પ્રારંભિક કહી શકાય. આ મુદ્રાઓનો ખાસ કોઈ આકાર ન હતો પણ તેના પર ઝાડની પ્રતિકૃતિ અને પૌરાણિક એવી બ્રાહ્મી ભાષામાં લખાતું. કોઈન્સની સિસ્ટમેટિક ઓળખ નંદવંશમાં થઈ. ઓળખ્યું ને આ ચાણક્ય ફેમ નંદવંશને? નંદોના સમયે તાંબા પર ચાંદીનો ઢોળ ચડાવવા સાથે વજન અને માપની શરૂઆત થઈ. નંદવંશ અતિ ધનાઢ્ય હતો, કેટલાક તો એવું માને છે કે મિન્ટની શરૂઆત જ નંદવંશમાં થઈ.

નંદો ગયાને ચાણક્યવાળા મૌર્ય રાજાઓ આવ્યા, પહેલીવાર કોઈન્સ સાથે ઈકોનોમીના રુલ્સ બન્યા. રિઝર્વ બૅન્કના ગવર્નરની જેમ કોઈન્સના વહીવટદારનો હોદ્દો બન્યો, મૌર્ય સિક્કાઓમાં મુખ્યત્વે પર્વત હોય કે મોરનો આકાર હતો. મૌર્યો ગયાને શૃંગ રાજવીઓ આવ્યા, પહેલીવાર કોઈન્સ પર વંશના નામનો ઉલ્લેખ થયો. કોઈન્સ પર શૃંગ વંશ એવું લખાણ લખવામાં આવ્યું. મૂળ પ્રશ્ર્ન, કોઈન્સને આધુનિક કોણે કર્યા? એ સમયે ભારતમાં ગ્રીકોને ખૂબ રસ હતો સિકંદરના આગમન પહેલા પણ ગ્રીકો હુમલા કરી ચૂક્યા હતા અને સિકંદર પછી તો અહીં આવીને સામ્રાજ્ય બનાવ્યું. ગ્રીક મિલિન્દ જેવા બૌદ્ધ અહીં રાજા બન્યા અને ભારતની ભૂમિમાં ઓગળી ગયાં સિક્કાની એક તરફ ગ્રીક ભાષા અને બીજી તરફ સ્થાનિક ખરોષ્ટિ જેવી લિપિ. ગ્રીકોના કોઈન્સે યુરોપના દેવદેવીઓ અને ભારતીય દેવદેવીઓનું પરફેક્ટ ફ્યુઝન કર્યું. ભારતમાં તે સમયે ભગવાન શ્રીકૃષ્ણના બાળસમયની જે શાસન વ્યવસ્થા વિશે વાત થાય છે એ ગણરાજ્ય પરંપરા હતી. લગભગ આઠસો વર્ષ સુધી અંશત: લોકશાહી પ્રણાલી જેવી આ પદ્ધતિમાં તાંબાના કોઈન્સ બનતાં હતા, જેમાં સનાતન ધર્મના ભગવાનનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ દેખાવા લાગ્યો. સિકંદર સામે યોધેય નામના સમૂહે આક્રમક સામનો કર્યો હતો, તેમના કોઈન્સમાં સનાતની દેવદેવતાઓ જોવા મળે છે.ભારતમાં શક સંહિતા ક્યાંથી પ્રચલિત થઈ? શકો મૂળ પશ્ર્ચિમ ચીનમાં વસતાં, અલગ અલગ આક્રમણથી કંટાળીને મધ્ય એશિયા થઈ અફઘાનિસ્તાન વસ્યા. શકોએ હુમલા કરીને પેલા ગ્રીક રાજાઓને હરાવ્યા અને પોતાનું શાસન શરૂ કર્યું. ભારતીય ઉપખંડમાં વસ્યા અને શુદ્ધ સનાતની ભારતીય બની ગયા શકોમાં બે વંશ, બંને વંશમાં પ્રતાપી રાજાઓ થયા. રુદ્રદામનના સમયથી કોઈન્સ પર સ્વસ્તિક આવ્યું. આપણે વાત કરવી છે, કુષાણોની આ બધા ભારતીય ઉપખંડમાં આવતા રહ્યા, અહીં કોઈ રાજા બન્યું તો કોઈ સરદાર પણ આ ધરતીમાં સમાતા ગયા. શક્ય છે કે આપણી આસપાસ તેમના જ વારસદાર રહેતા હોય કુષાણો કોણ હતા? મૂળે આ પ્રજા પણ પશ્ર્ચિમ ચીનથી આવી. યુ ચી પ્રજા સારા નિવાસસ્થાન શોધતી મધ્ય એશિયા પહોંચી, તેમાં પાંચ ભાગ થયા. જે પૈકી એકભાગ કુષાણો કહેવાયા, જેમણે બાકીના ચારને હરાવ્યા અને પોતાનામાં સમાવી લીધા. ઉત્તર ભારતમાં સામ્રાજ્ય બનાવ્યું. એક માન્યતા અનુસાર કુષાણ રાજા કનિષ્કે શક સંવતની શરૂઆત કરી હતી. કુષાણો ફરતાં ફરતાં આવેલા એટલે એમના કોઈન્સમાં ગ્રીસના દેવીદેવતાઓ, ઈરાનના દેવીદેવતાઓના અને ભારતીય દેવીદેવતાઓ જોવા મળે છે. શિવ સાથેશક્તિ તથા બાણાવટી ગણેશના આર્ટિસ્ટિક કોઈન્સ કુષાણોના રાજ્યમાં જોવા મળે છે. કુષાણ રાજા વિમ કૈડફિસેઝ ભગવાન શિવનો અનન્ય ભક્ત હતો. ભગવાન શિવની મુદ્રાઓ, ત્રિશૂળ, શિવ સાથે નંદી જેવા શાનદાર કોઈન્સ બનાવ્યા. વિમ પછી પહેલી સદીમાં કનિષ્ક નામનો મહાપ્રતાપી કુષાણ રાજા આવ્યો, જે જીવનના અંતિમ સમયમાં બૌદ્ધ બની ગયો પણ કોઈન્સમાં કલાત્મક વિવિધતા ચાલુ રાખી હતી. કનિષ્ક પછી હુવિષ્ક આવ્યો. કુષાણોના સમયમાં જે સિક્કા બન્યા એ સિક્કાઓમાં ગ્રીક દેવતાઓ, ઈરાની દેવતાઓ અને સનાતની દેવતાઓના પરફેક્ટ ફ્યુઝન થયા અને દેવતાઓના વધુસારા સ્વરૂપ જોવા મળ્યા. ખાસ કરીને ઈન્દ્ર, અગ્નિ, સૂર્ય, ચંદ્ર જેવા દેવોના આધુનિક સ્વરૂપના દર્શન થયા. કુષાણો પંજાબથી માંડી બંગાળ સુધી ભારતની ભૂમિમાંસનાતની બનીનેઓગળી ગયા. આ બધી વાતોનો શો મતલબ?

## તંત્રી લેખ...-

સોમવાર, તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬

# કચ્છમાં માર્ગ નિયમોના અસરકારક પાલનથી જ અકસ્માત ઘટશે

મહાકાય ઉદ્યોગો અને પ્રવાસન કચ્છના વિકાસનાં બે મુખ્ય એન્જિન બની રહ્યાં છે અસાધારણ લંબાઇ-પહોળાઇનાં કન્ટેનરો, ઔદ્યોગિક સામગ્રી, પવનચક્કીના પાંખડા ભરેલી વિશાળ ટ્રકથી લાંબી લાઇન કોઇપણ સમયે કચ્છના રસ્તાઓ પર જોવા મળે છે. દુનિયા કચ્છના આ વિકાસને બિરદાવી રહી છે, પણ આ સીમાવર્તી જિલ્લો જુદાં-જુદાં સ્વરૂપે તેની મોટી કિંમતે ચૂકવી રહ્યો છે. એમાં સૌથી ગમગીન કરનારી વાત છે લોહિયાળ માર્ગ અકસ્માતોની. ભુજ, અંજાર, મુંદરા, નખત્રાણા, અબડાસા, માંડવી-કચ્છના કોઇ રસ્તા બાકી નથી જેના પર દરરોજ નવલોહિયાઓ મહાકાય ડમ્પર કે ટ્રક કે ટેન્કરની ટક્કરમાં પ્રાણ ગુમાવતા જ હોય કેટલાય પરિવાર વિંખાય છે, ખંડિત થાય છે. માધાપર પાસેના નળ સર્કલથી સ્મૃતિવન રોડ પહોળો થઇ રહ્યો છે. અલગ-અલગ ટુકડાઓમાં રસ્તાના દુરસ્તીકરણનું કામ ચાલી રહ્યું છે. એમાં ગતિનો અભાવ અને કયાંક ટ્રાફિકની સલામતીના માપદંડો સામે આંખ આડા કાનને કારણે ગંભીર અકસ્માત નીપજી રહ્યા છે. ભુજના એરપોર્ટ રિંગરોડ પર ઉપરાઉપરી જીવલેણ અકસ્માતનાં પગલે રોષે ભરાયેલા નાગરિકોએ ટ્રાફિક રોકીને ગુસ્સો ઠાલવ્યો. એ પછી સફાળાં જાગેલાં તંત્રએ રિંગરોડનાં ટ્રાફિક નિયમનનું જાહેરનામું બહાર પાડયું, માર્ગદર્શિકા જાહેર થઇ, પરંતુ તેના અમલનું શું ! ભારેખમ વાહનો, લક્ઝરી બસોને દિવસ દરમ્યાન ભુજ શહેરના આંતરિક માર્ગો પર પ્રવેશબંધી હોવાનું ફરમાન જૂનું છે, છતાં તેનો અમલ થતો નથી. ટ્રાફિક પોલીસ ક્યારેક કરવા ખાતર કેસ કરતી હશે બાકી બધું લોલંલોલ જ

ચાલતું જોવા મળે છે. અંજાર - ગાંધીધામના બાયપાસ વિસ્તૃતીકરણને લીધે ઘણો ટ્રાફિક શહેર અંદરથી પસાર થતો હોવાથી ગંગાનાકે દરરોજ કલાકોનો જામ લાગે છે. કચ્છના ટ્રાફિક પ્રશ્નનો નિવેડો લાવવા માટે પોલીસની કડક કાર્યવાહી જરૂરી છે. દંડ કે ચલણ આમ નાગરિકોને ફટકારો, પણ બેફામ દોડતા છકડા, જીપ, જૂના હેવી વાહનો, ટ્રકો, લક્ઝરી બસોને કેટલો દંડ થાય છે. મોટા હપ્તાના આક્ષેપનો સામનો કરતી ખાખી વર્દીએ એનો જવાબ આપવો રહ્યો છે. ગાંધીધામ, ભુજ વચ્ચેનો માર્ગ મહદઅંશે શાનદાર બની ગયો છે, પણ રેલડી રેલવે ક્રોસિંગનો પ્રશ્ન જેમનો તેમ છે. ભુજ, ભચાઉ વાયા દુધઇ માર્ગનું કામે ગોકળગાય ગતિએ ચાલે છે... ભુજ-મુંદરા રસ્તો દુરસ્તીકરણ અને વિસ્તૃતીકરણની રાહ જોઇ રહ્યો છે. બળદિયા અને ભારાપર એ બે ગામને ચીરીને પસાર થતો આ રસ્તો રોજ ટ્રાફિકના પ્રશ્નો ઊભા કરે છે. વિકાસ જરૂરી છે એની ના નહીં, પણ એની સીધી કે આડકતરી અસરની નિયમિત સમીક્ષા કરીને ઉપાય થવા જોઇએ. રસ્તા-પુલનાં કામો સોંપાયા પછી એની નિયમિતતા-ગુણવત્તા પર કરડી નજર રહેવી જોઇએ. આખરે લોકોના જાનમાલની સુરક્ષાની જવાબદારી તંત્રની છે. ભુજ શહેરમાં મોરબી પુલ હોનારત પછી ડરના માર્યા કૃષ્ણાજી પુલ બંધ કરી દીધો. એ પછી કામ મંજૂર થવા, ટેન્ડરના દાવા આવ્યા, પણ હજુ કોઇ ચહલપહલ દેખાતી નથી. વીતેલાં વર્ષમાં કચ્છમાં માર્ગ અકસ્માતના ૩૬૫ બનાવ બન્યા હતા. આ આંકડો ગંભીર સ્થિતિ સૂચવે છે. માનવ જિંદગી રસ્તે તરફડીને દમ તોડવા માટે નથી, તેનું રક્ષણ થવું જોઇએ. લોકોએ પણ ઓવર સ્પીડ નિવારવી જોઇએ. સીટ બેલ્ટ, હેલ્મેટ જેવા ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઇએ.

# એઆઈનો દૂરુપયોગ નહીં થાય

આધુનિક ડિજિટલ દુનિયામાં પળેપળ નવી શોધ અને દુરુપયોગના ઉપયોગની બેધારી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) ઉપર લગામ કસવાનાં પગલાં જાહેર કરાયાં છે. ખાસ તો એઆઈની મદદથી ઓડિયો અને વીડિયોના કન્ટેન્ટ બનાવીને તેનાં સ્વરૂપને પોતાની મુનસફી પ્રમાણે બદલવાનાં વધેલાં ચલણે હવે પોત પ્રકાશવું શરૂ કર્યું છે. સ્વાભાવિક છે કે, એઆઈની મદદથી વપરાશકારોની ટેક્નોલોજિકલ અભિવ્યક્તિ, રચનાત્મકતા અને લોકો સુધીની પહોંચ વધારવામાં ભારે મદદ મળી રહી છે, પણ આ માધ્યમની કાળી બાજુએ ભલભલાને ધ્રુજાવી મૂક્યા છે. એઆઈનાં માધ્યમના બેલગામ ઉપયોગે કોઈ પણ વ્યક્તિની ગરીમા, સામાજિક સૌહાર્દ અને બંધારણીય ધોરણો પર નકારાત્મક અસર કરી હોવાનું સામે આવી રહ્યંઅ છે. હવે આ પડકાર અને જરૂરતને પહોંચી વળવા ભારત સરકારે ઈનફોર્મેશન ટેક્નોલોજીને લગતા ૨૦૨૧ના કાયદા અને નવેમ્બરના ૨૦૨૫ના ઈન્ડિયા એઆઈ મિશન હેઠળની એઆઈ ગવર્નન્સ ગાઈડલાન્સ ૨૦૨૫નો સમન્વય કરીને વાસ્તવિક નુકસાનને પહોંચી વળવા કાયદાકીય જવાબદારીઓ નક્કી કરી છે. સાથોસાથ એઆઈના જવાબદારીભર્યા ઉપયોગ માટે નીતિગત સિદ્ધાંતો નક્કી કર્યા છે. તમામ પક્ષોની સાથે ઝીણવટભરી ચર્ચા બાદ તૈયાર કરાયેલા આ નિયમ અને માર્ગદર્શક સિદ્ધાંતો પરથી સરકારનો ઈરાદો સ્પષ્ટ થાય છે. સરકાર ઈચ્છે છે કે, ટેક્નોલોજીનો વિકાસ અને ઉપયોગ એ રીતે થવો જોઈએ, જેથી પારદર્શકતા, જવાબદારી અને નાગરિકોના સન્માનની જાળવણી થઈ શકે. નવા નિયમોમાં એઆઈના ઉપયોગ વડે તૈયાર કરાયેલા કન્ટેન્ટની સ્પષ્ટ અને વ્યાવહારિક પરિભાષા અપાઈ છે. ખાસ તો આવા એઆઈ આધારિત કન્ટેન્ટમાં એઆઈના ઉપયોગનો સ્પષ્ટ ઉલ્લેખ હવે ફરજિયાત કરાયો છે, જેથી તેને જોનાર કે માળનારા વર્ગને તે કઈ રીતે તૈયાર થયું છે તેની બરાબર જાણકારી મળી રહે. વળી આવા એઆઈ આધારિત કન્ટેન્ટને ચોક્કસ લેબલ કે ઓળખ આપવી જે રીતે ફરજિયાત કરાઈ છે તે જ રીતે આવી ઓળખને હટાવવા સામે પણ ખાસ પ્રતિબંધ લદાયો છે. ઉલ્લેખનીય બાબત એ છે કે, એઆઈ અંગેના આ માર્ગદર્શક ધોરણો છતાં હાલે અમલી આઈટી એક્ટના નિયમોની કાયદાકીય જવાબદારી તો યથાવત્ રહેશે. આમ આવનારા સમયમાં એઆઈનો વધુ જવાબદારી સાથે ઉપયોગ કરવા પર સરકારનું ધ્યાન કેન્દ્રિત રહેશે, પણ હાલે જે રીતે સોશિયલ મીડિયાનાં માધ્યમોમાં નવી-નવી એપ્લિકેશન ધૂમ મચાવી રહી છે તે જોતાં સરકારે એઆઈની સાથોસાથ અન્ય માધ્યમોને પણ નિયંત્રણમાં રાખવા ધ્યાન આપવાનું રહેશે. વળી હાલે કોઈ નિયમ કે માર્ગદર્શક સિદ્ધાંત અસરકારક જણાતા હોય છે, પણ ઝડપથી બદલાતાં જતાં ચિત્રની સાથે સતત તાલ મિલાવવાની તૈયારી પણ સરકારે રાખવી જોઈશે. જરૂરત મુજબ ત્વરિત પગલાં એ આ ક્ષેત્રના દુરુપ્યોગને નાથવાનો તકાજો હોવાની વાત સતત ધ્યાને રાખવી જોઈએ.

---

સુપ્રીમ કોર્ટે એવી ટીપ્પણી પણ કરી કે, જે ઉદ્દેશ્ય માટે 'રેરા' બનાવવામાં આવી હતી

# સુપ્રીમ કોર્ટની વાત સાચી, રેરા નેતા-બિલ્ડરોનું જ ભલું કરે છે

## કૂતરાની પૂંછડી વાંકી એ વાંકી એ હિસાબે અધિકારીઓ આખી જિંદગી હરામની કમાણી કરવાની ખાવાની આદત પડી ગઈ હોય છે

કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીના વિકૃત સેક્સ અપરાધી જેફરી એપસ્ટેઈન સાથેના કહેવાતા સંબંધોના કારણે સંસદમાં મચેલી ધમાલ અને બાંગ્લાદેશમાં પાકિસ્તાનના પીઠ્ઠુ જમાત-એ-ઈસ્લામી પક્ષની હારના સમાચારોમાં એક મહત્ત્વના સમાચાર તરફ લોકોનું બહુ ધ્યાન ગયું નથી. હિમાચલ પ્રદેશમાં રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા)ની કામગીરીને લગતા એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આક્રોશ ઠાલવ્યો કે, રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) મકાન ખરીદદારોની મદદ કરવાને બદલે માત્ર ને માત્ર ડિફોલ્ટર બિલ્ડરોને ફાયદો પહોંચાડી રહી છે એ જોતાં તેને તાળાં મારી દેવાં જોઈએ.

સુપ્રીમ કોર્ટે એવી ટીપ્પણી પણ કરી કે, જે ઉદ્દેશ્ય માટે 'રેરા' બનાવવામાં આવી હતી એ ઉદ્દેશ તો પાર પડી જ નથી રહ્યો એ જોતાં 'રેરા' ચાલુ રાખવી કે નહીં એ અંગે ફરી વિચાર કરવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટે આ ટીપ્પણી હિમાચલ પ્રદેશ સરકારના નિર્ણયને લગતા કેસમાં કરી છે. હિમાચલ પ્રદેશ સરકારે એક નોટિફિકેશન બહાર પાડીને રેરા ઓફિસને સિમલાથી ધર્મશાલા ખસેડી હતી. હાઈ કોર્ટે આ આદેશ પર સ્ટે આપતાં રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના નિર્ણયને માન્ય રાખ્યો છે. સાથે સાથે ઘર ખરીદનારાં લોકોની સુવિધા માટે અપીલ ટ્રિબ્યુનલને પણ ધર્મશાલા ખસેડવા આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટ સંસદે બનાવેલા કાયદા દ્વારા બનેલી સંસ્થાને બંધ કરી દેવાની વાત કરે ત્યારે મામલો ગંભીર જ હોય એ જોતાં સુપ્રીમ કોર્ટની ટીકા બહુ આકરી છે પણ સાવ સાચી છે. નરેન્દ્ર મોદી સરકારે ૨૦૧૬માં રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) બનાવી ત્યારે મોટી મોટી વાતો કરેલી. 'રેરા' બનતાં હવે બિલ્ડરોની મનમાની અને છેતરપિંડી નહીં ચાલે એવા દાવા કરાયા હતા. 'રેરા'ના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરમાં પારદર્શિતા આવશે, બિલ્ડરોની જવાબદારી નક્કી થશે અને ખરીદદારોના હિતોનું રક્ષણ થશે એવી વાતો કરાયેલી. ખરીદનારને તેનું ઘર યોગ્ય સમયે, નિર્ધારિત શરતો અનુસાર અને કોઈપણ છેતરપિંડી વિના મળે એવી સ્થિતિ 'રેરા'ના કારણે પેદા થશે એવા ફાંકા મરાયા હતા પણ આવું કશું થયું નથી. બિલ્ડરો હજુય સુપર બિલ્ટ અપના નામે લોકોને છેતરે છે અને લોકો પાસેથી નાણાં ઉઘરાવીને સમયસર પઝેશન નથી આપતા. આ પ્રકારની હજારો ફરિયાદો થાય છે પણ 'રેરા' કશું કરતું નથી. બીજું બધુ તો છોડો પણ 'રેરા' આવ્યા છતાં હજુય કારપેટ એરીયા ફરજિયાત બતાવવાના અને કારપેટ એરીયા એટલે કે મકાનમાં ગ્રાહકને વાપરવા મળે એટલા વિસ્તારને આધારે કિંમત નક્કી કરવાના સાદા નિયમનું પાલન પણ નથી થતું. બિલ્ડરો આ વાતને ઘોળીને પી ગયા છે છતાં 'રેરા' કંઈ કરતું નથી. તેનું કારણ એ કે, 'રેરા'નો ઉપયોગ લોકોનું ભલું કરવા માટે નથી કરાયો પણ બિલ્ડરો પર ધોંસ જમાવીને તેમને ખંખેરવા માટે કરાયો છે. આ ઉદ્દેશ પાર પડે છે ને રાજકારણીઓનાં ખિસ્સાં તર રહે છે એટલે તેમને લોકોનું શું થાય છે તેની કોઈ પરવા નથી. પોતાની આખી જિંદગીની બચત લગાવી દેનારા માણસની મૂડી ડૂબી જાય કે સમયસર ઘર ના મળે તો ભાડાં કે લોનના હપ્તા ભરવામાં એ કેવો લાંબો થઈ જાય છે તેની તેમને કોઈ પરવા નથી. સુપ્રીમ કોર્ટે એક બીજી મહત્ત્વની ટીપ્પણી કરી છે તેની પણ વાત કરવી જરૂરી છે. હિમાચલ પ્રદેશને લગતા કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટને જાણ કરાઈ હતી કે, 'રેરા'માં એક નિવૃત્ત આઈએએસ અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે. ચીફ જસ્ટિસે આ સાંભળીને કટાક્ષ કર્યો કે, 'રેરા' દરેક રાજ્યમાં નિવૃત્ત અમલદારો માટે એક 'પુનર્વસન કેન્દ્ર' બની ગયું છે અને આ ઓથોરિટીઝમાં ફક્ત આવા જ લોકો ભરેલા છે. સુપ્રીમ કોર્ટે આ પ્રકારની ટીપ્પણી પહેલાં પણ કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં 'રેરા'ને લગતા કેસમાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંની બેન્ચે પણ કહેલું કે, 'રેરા' ભૂતપૂર્વ અમલદારોનો અડ્ડો બની ગયો છે અને આ અધિકારીઓએ 'રેરા'ની સંપૂર્ણ ભાવનાને નષ્ટ કરીને આ કાયદાને જ નિષ્ફળ કરી દીધો છે.સુપ્રીમ કોર્ટે 'રેરા'ના સંદર્ભમાં આ વાત કરી છે પણ ભારતમાં મોટા ભાગની સરકારી સંસ્થાઓમાં આ હાલત છે. આ સંસ્થાઓ અસરકારક રીતે કામ કરી શકે એ માટે તેજતર્રાર ને તેજીલા તોખાર જેવા અધિકારીઓને નિમવાના હોય તેના બદલે નિવૃત્ત થઈ ગયેલાં ખાઈબદેલાં ડોહાંડગરાંને મૂકી દેવાય છે. જેમને વખારમાં નાખવાના હોય તેમને સરકારી સંસ્થાઓમાં બેસાડી દેવાય છે તેમાં સારા ઉદ્દેશથી બનાવાયેલી ભલભલી સરકારી સંસ્થાઓ વખાર જેવી થઈ ગઈ છે. આખી જીંદગી સત્તામાં બેઠેલા લોકોની ચાપલૂસી અને વગદારોની દલાલી કરી ખાનારા અધિકારીઓ માટે આ નિમણૂકો ટાઈમપાસ હોય છે. સરકારી ગાડીમાં ફરી શકાય ને સરકારી પૈસે બાકીની જિંદગી જીવી શકાય એટલે અધિકારીઓ દ્વારા પોતાના માઈ-બાપ જેવા રાજકારણીઓના પગ પકડીને કરાવી આ નિમણૂકોના કારણે નથી દેશનું ભલું થતું કે નથી લોકોનું ભલું થતું. કૂતરાની પૂંછડી વાંકી એ વાંકી એ હિસાબે અધિકારીઓ આખી જિંદગી હરામની કમાણી કરવાની ખાવાની આદત પડી ગઈ હોય છે તેથી નવી સંસ્થાઓમાં પણ તેમની દુકાન તો ચાલુ જ હોય છે. 'રેરા'માં બને છે એમ લોકોના બદલે બિલ્ડરો કે બીજા ધનિકોનાં હિતો સાચવવા માટે અધિકારીઓ કામ કરે છે, લોકો જાય ભાડમાં. આખી જિંદગી હરામની કમાણી ખાધી છે તો હવે ધરવ કરીને લોકોનું ભલું કરીને પાછલી જિંદગીમાં થોડુંક પુણ્ય કમાઈએ એવી ભાવના પણ અધિકારીઓમાં જાગતી નથી. સુપ્રીમ કોર્ટે ટકોર કરી તેના કારણે આ મુદ્દા તરફ ધ્યાન ખેંચાયું ખરું પણ તેના કારણે સ્થિતિ બદલાવાની નથી કેમ કે રાજકારણીઓ ને અધિકારીઓ બંને સુધરવાના નથી. આઘાતજનક વાત એ છે કે, છેલ્લાં કેટલાંક વરસોથી માત્ર આવી સંસ્થાઓમાં જ નહીં પણ મહત્વના સરકારી હોદ્દાઓ પર પણ આ રીતે નિવૃત્ત અધિકારીઓને ગોઠવી દેવાના ખેલ ચાલે છે. ગુજરાત બેચના આઈએએસ અધિકારી કે. કૈલાસનાથન તેનું શ્રેષ્ઠ ઉતદાહરણ છે. કૈલાસનાથન નિવૃત્તિના ૧૫ વર્ષ લગી ગુજરાતમાં મુખ્યમંત્રીના પ્રિન્સિપાલ સેક્રેટરી રહ્યા ને હવે પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર છે. મુખ્યમંત્રીઓ આવ્યા ને ગયા પણ કૈલાશનાથન એવા જામી ગયેલા કે કોઈ તેમને હલાવી જ શકતું નહોતું. એ તો કૈલાશનાથન પોતે થાક્યા ત્યારે જગા થઈ, બાકી કૈલાસનાથને ન કહ્યું હોત તો હજુ સીએમઓમાં જ બેઠા હોત. કૈલાશનાથન તો જાણીતું ઉદાહરણ છે તેથી તેમની વાત કરી, બાકી સુપ્રીમ કોર્ટે કહ્યું તેમ દરેક રાજ્યમાં કૈલાશનાથનો છે અને દરેક રાજકારણીના પોતપોતાના કૈલાશનાથન છે. આ લોકોએ દેશના વહીવટની પત્તર ખાંડીને મૂકી દીધી છે પણ ગાંધી-વૈદનું સહિયારું ચાલે એ રીતે અધિકારીઓ નેતાઓનાં ને નેતાઓ અધિકારીઓનાં હિતો સાચવે છે એટલે સ્થિતિ નહીં બદલાય.

---

આ વિવાદનાં બે પાસાં છે : નરવણે અને પુસ્તકના પ્રકાશક હ્રપેંગ્વિન' કહે છે કે પુસ્તક છપાયું નથી

# 'બૂક-બોમ્બ'નું કાવતરું ?

- નિવૃત્ત થયા પછી પણ જવાબદારી છૂટતી નથી. આ મંજૂરી મળ્યા પછી પણ સંરક્ષણ પ્રધાનના ખાતાં પાસેથી આખરી - ફાઇનલ મંજૂરી લેવી જરૂરી છે. જનરલ નરવણેનું પુસ્તક આવી મંજૂરીમાં અટક્યું છે. ૨૦૨૪માં ૩૫ પુસ્તકને મંજૂરી મળી, પણ નરવણેનું પુસ્તક અટકાવાયું છે.

ભારતીય સેનાના નિવૃત્ત વડા આર્મી ચીફ જનરલ મનોજ મુકુન્દ નરવણેનાં 'અપ્રકાશિત' પુસ્તક - 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'માંથી કેટલીક માહિતી ટાંકવાનો આગ્રહ - દુરાગ્રહ - વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ રાખ્યા પછી લોકસભામાં ભારે ધાંધલ - ધમાલ થઈ અને કાર્યવાહી ખોરવાઈ ગઈ. વડાપ્રધાન ચર્ચાનો જવાબ આપી શક્યા નહીં અને વિરોધ પક્ષે સ્પીકરમાં અવિશ્વાસ વ્યક્ત કરતાં ઠરાવની નોટિસ આપી. આ વિવાદનાં મૂળમાં જનરલ નરવણેનું પુસ્તક અને તેમાં અપાયેલી કેટલીક વિવાદાસ્પદ માહિતી છે. રાહુલ ગાંધીનો વ્યૂહ - પ્લાન વડાપ્રધાન મોદીની નેતાગીરી ઉપર પ્રહાર કરવાનો છે, પણ સાથે સેનાની પ્રતિષ્ઠા ઉપર પણ અસર થાય છે, તેની ચિંતા એમને નથી ! નરવણે ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૯થી ૩૦ એપ્રિલ, ૨૦૨૨ સુધી ભારતીય સેનાના વડા હતા અને આ સમયગાળા દરમિયાન લદાખમાં ચીની સૈનિકો સાથે ઘર્ષણ થયું હતું. ઓગસ્ટ - ૨૦૨૦માં ચીન સાથે તંગ સ્થિતિ હતી. આ સમયગાળાનું વર્ણન પુસ્તકમાં છે : જનરલ કહે છે, વડાપ્રધાને કહ્યું, જો ઉચિત સમજો વો કરો - રાહુલ ગાંધીનો આક્ષેપ છે કે વડાપ્રધાને નિર્ણય લીધો નહીં - (ડરપોક છે !) લોકસભામાં અપ્રકાશિત પુસ્તકનો ઉલ્લેખ કરી શકાય નહીં તેથી રાહુલ ગાંધીની ટિપ્પણી રેકોર્ડ ઉપર લેવાય નહીં તો રાહુલ ગાંધીએ સંસદનાં પ્રાંગણમાં પુસ્તકની નકલ પત્રકારોને બતાવી કે આ રહ્યું પુસ્તક ! આ વિવાદનાં બે પાસાં છે : નરવણે અને પુસ્તકના પ્રકાશક 'પેંગ્વિન' કહે છે કે પુસ્તક છપાયું નથી, તેની પીડીએફ બહાર પડી નથી. વેચાયું નથી. નરવણે પણ પ્રકાશકનું સમર્થન કરે છે, પણ મુખ્ય પ્રશ્ન એ છે કે રાહુલ ગાંધીએ લોકસભામાં આ પ્રશ્ને વિવાદ શરૂ કર્યો ત્યારે પ્રકાશક અને નરવણે ચૂપ કેમ રહ્યા ? કેમ કહ્યું નહીં કે પુસ્તક અપ્રકાશિત છે ? દિલ્હી પોલીસે આપમેળે એફઆઈઆર દાખલ કરીને તપાસ શરૂ કરી ત્યારે પ્રકાશક અને નરવણેએ ખુલાસો કર્યો, પણ ખુલાસો પ્રતીતિકર નથી. સામાન્ય બાબત એવી છે કે પ્રકાશક પુસ્તકનો સારાંશ અખબારોને પબ્લિસિટી માટે આપે, જેથી વાચકોમાં રસ જાગે અને વેચાણ થાય. આ પુસ્તકની આગોતરા માહિતી પીટીઆઈ દ્વારા ૨૦૨૩માં અપાઈ હતી અને તાજેતરમાં 'કેરવાન' નામનાં સામયિકે તેના અંશ છાપ્યા. આ અગાઉ 'એમેઝોન' ઉપર પુસ્તક પ્રાપ્ય હોવાનું જણાવાયું હતું એમ કહેવાય છે ! હવે પોલીસ તપાસ થઈ રહી છે કે રાહુલ ગાંધીના હાથમાં આ પુસ્તક કેવી રીતે, ક્યાંથી આવ્યું? આ ઘટના પાછળ 'કાવતરું' હોવાની શંકા દર્શાવાય છે. કોરોના દરમિયાન રાહુલ ગાંધીએ વારંવાર ચીને જમીન પચાવી હોવાના આક્ષેપ કર્યા હતા, જેને ભારતીય સેનાએ રદિયો આપ્યો હતો. આ પછી નરવણેનાં પુસ્તક ઉપર અમેરિકા સ્થિત કેટલાક લોકોની પણ નજર અને ઈંતેજાર હોવાનું મનાય છે. રાહુલ ગાંધી પાસે જે પુસ્તક છે તેની નકલ અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયા પણ પહોંચી હોવાનું મનાય છે ! આમ, આ પુસ્તકના વિવાદનાં મૂળ ઊંડાં છે. જનરલ નરવણેની ઈચ્છા અથવા પ્રયાસ વડાપ્રધાનની પ્રતિષ્ઠાને નુકસાન કરવાનો હોય જ નહીં, પણ પડદા પાછળના સૂત્રધારો સક્રિય હતા. મૂળ વાત એ છે કે વડાપ્રધાને કહ્યું હોય કે જે યોગ્ય લાગે તે કહો - કરો. - તો એમાં ખોટું શું છે ? રાજકીય નેતાગીરી સેનાને છૂટો હાથ આપે જ. લશ્કરી પગલાં ક્યારે, કેવાં લેવાં તે સેનાના વડા જ નક્કી કરી શકે. આમાં વડાપ્રધાનની 'બેજવાબદારી' નથી, પણ 'દખલ' નહીં કરવાની નીતિ છે. રાહુલ ગાંધીને બાંગલાદેશનો ઈતિહાસ અને ભારતીય સેનાની કામગીરીનું જ્ઞાન - જાણ હોય નહીં તો મેળવવું જોઈએ. બેજવાબદારી વડાપ્રધાનની નથી, વિરોધી નેતાની છે ! ૧૯૬૨નાં ચીની આક્રમણ પછી ૧૯૬૩માં વડાપ્રધાન નેહરુ અને સંરક્ષણ પ્રધાન યશવંત રાવ ચવ્હાણને આપણા 'ધબડકા'ની માહિતી માણેકશા આપી રહ્યા હતા, ત્યારે ઈન્દિરા ગાંધી બેઠકમાં જોડાવા માગતાં હતાં, પણ માણેકશાએ ચોખ્ખી ના પાડી. ગુપ્તતાના શપથ લીધા હોય નહીં, એવી વ્યક્તિ માટે મીટિંગના દ્વાર બંધ છે એમ કહ્યું હતું. (આ માહિતી ચવ્હાણના તત્કાલીન સચિવ આર.બી. પ્રધાને એમનાં પુસ્તકમાં આપી છે.) બાંગલાદેશનાં યુદ્ધ પહેલાં ઈન્દિરા ગાંધીએ માણેકશાને પૂછયું : તમે શું કરો છો ? જવાબ મળ્યો : 'કાંઈ જ નહીં. નથિંગ.' તમે (વડાપ્રધાને) બીએસએફ, સીઆરપી અને રોને કામે લગાડી અને પાકિસ્તાનીઓને ભડકાવ્યા, ચેતવ્યા ત્યારે અમને પૂછયું હતું ? હવે મુશ્કેલીમાં છો ત્યારે મને યાદ કર્યો. મારું નાક પણ લાંબું છે, ક્યાં શું થાય છે તે જાણું છું.' ઈન્દિરા ગાંધી તાત્કાલિક યુદ્ધ - કૂચ કરવા માગતાં હતાં. માણેકશાએ ચોથી ડિસેમ્બર અનુકૂળ હોવાથી પસંદ કરી હતી.

ફિલ્ડ માર્શલ માણેકશા નિવૃત્ત થયા પછી તામિલનાડુમાં આર્મી હોસ્પિટલમાં હતા. ૯૩ વર્ષની વય હતી, પણ હજુ પેન્શનની ચડેલી રકમ ૧.૧૬ કરોડ રૂપિયા મળી નહોતી. એમની અંતિમયાત્રામાં કોઈ રાજકીય નેતા જોડાયા ન હતા. તત્કાલીન સંરક્ષણ પ્રધાન એ.કે. એન્ટની પણ હાજર રહ્યા નહીં. ફિલ્ડ માર્શલ માણેકશાનું મરણોત્તર સન્માન કે અપમાન ભારત સરકારે કર્યા પછી બાંગલા સરકારે ભારત અને ભારતીય સેનાના શહીદ થયેલા સૈનિકોનું જાહેર સન્માન કર્યું. બાંગલાદેશનાં યુદ્ધ અંગે ભારતીય સેનાના નિવૃત્ત અધિકારીઓ અને નિષ્ણાતોએ ઘણાં પુસ્તકો લખ્યાં છે. વિશેષ કરીને ઈન્દિરા ગાંધી લશ્કરી પગલાં વહેલાં લેવાની તરફેણ કરતાં હતાં, જેથી નિરાશ્રિતોનો બોજ વધે નહીં, પણ જન. માણેકશા ચોમાસાં પછી જ આગળ વધવાના હિમાયતી હતા - જો માર્ચ - એપ્રિલમાં લશ્કર આગળ વધે તો ફસાઈ જાય અને ત્રણથી ચાર મહિના લડાઈ ચાલે. માણેકશા હંમેશાં સેનાના સાથી અફસરોનો અભિપ્રાય જાણીને નિર્ણય લેતા હતા. લેફ. જનરલ બી. ટી. પંડિતની સ્પષ્ટ સલાહ સ્વીકારી હતી. ઈન્દિરા ગાંધી પીએન હકસર અને ડીપી ધરની સલાહ માનતાં હતાં. નિવૃત્ત વાઈસ એરમાર્શલ અર્જુન સુબ્રમણ્યમે સ્પષ્ટ લખ્યું છે કે વડાપ્રધાન તથા સંરક્ષણ વડા વચ્ચેની ચર્ચા - વિચારણાની 'મિનિટ્સ' - રેકોર્ડ ઉપર નહીં હોવાથી અલગ અલગ 'ઈતિહાસ' લખાય છે ! સેનાના ઉચ્ચ અધિકારીઓ નિવૃત્તિ પછી જાત અનુભવનાં પુસ્તકો લખતા હોય છે. આવાં ઘણાં પુસ્તકો લખાયાં અને પ્રકાશિત થયાં છે, પણ તે માટે સંરક્ષણખાતાંની મંજૂરી - ક્લીયરન્સ અનિવાર્ય છે. મહત્ત્વની - સેન્સિટિવ માહિતી લખવામાં આવી હોય, વ્યૂહાત્મક વિગતો આપી હોય તો તેવાં લખાણ - પુસ્તક પ્રકાશિત કરવા પહેલાં સેનાનાં સ્ટ્રેટેજિક કોમ્યુનિકેશન્સ વિભાગના વડા એડિશનલ ડાયરેક્ટર જનરલની મંજૂરી લેવી જોઈએ - આ વિભાગ ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ હેઠળ હોય છે. આ ઉપરાંત, ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ લાગુ પડે.

---

મહિમાગાન કરીએ. કોટેશ્વર સ્થાનકે વિભૂતિ-મહામાનવ, મહાનુભાવો દર્શનાર્થે આવી ગયા છે.

# દેશના છેક પશ્ચિમ છેવાડે ભોલેનાથનાં બેસણાં

## ગુજરાત સરકારના યાત્રાધામ બોર્ડે કોટેશ્વર પરિસરનો વિકાસ કર્યો છે. થોડી ઊંચાઇ પર ઊભેલાં મંદિરના દર્શન ભૂમિ કે સમુદ્ર માર્ગે આઠ-દસ કિલોમીટર દૂરથી થાય છે.

દેવાધિદેવ મહાદેવ અજન્મા છે... પ્રાગટય થયું છે અને પાછા મહાકાલ... જન્મ જ નથી થયો તો મૃત્યુ હોય જ નહીં. શિવ એટલે મહાશક્તિના સ્વામી. શાત્રો-પુરાણો કહે છે કે, શિવ પાસે સંપૂર્ણ બ્રહ્માંડની રચના, પાલનપોષણ અને વિનાશ કરવાની શક્તિ છે. એટલે જ બધા જ દેવતાઓમાં તેઓ સર્વોચ્ચ છે. આવી ઈશ્વરીય શક્તિ ભારતના પશ્ચિમ છેવાડે અરબી સમુદ્રના કાંઠે બિરાજમાન છે. એક સમયનું બંદર કોટેશ્વર કોરીક્રીકના મુખ પર હોવાના લીધે વિશિષ્ટ ભૌગોલિક મહત્ત્વ ધરાવે છે. અરબસાગર પરથી વાતા પવનમાં લહેરાતી વિશાળ ધજા ભવ્ય ભૂતકાળ અનેક ઐતિહાસિક ઘટનાઓની સાક્ષી છે. આજે મહાશિવરાત્રિએ આ તીર્થભૂમિનું થોડું

મહિમાગાન કરીએ. કોટેશ્વર સ્થાનકે વિભૂતિ-મહામાનવ, મહાનુભાવો દર્શનાર્થે આવી ગયા છે. કચ્છનું સંસ્કૃતિ દર્શનમાં રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, ચીની પ્રવાસી હ્યુએનત્સંગે તેમની પ્રવાસપોથીમાં કોરીનાળને કાંઠે કોટેશ્વર બંદરનો નિર્દેશ કરેલો છે. 'સિંધુના મુખ પાસે મહાર્ણવને કાંઠે, આશરે પાંચ માઈલના ઘેરાવામાં આવેલું', ઉપરાંત પાંચ હજાર સાધુઓના એંસી મઠો હોવાનું લખે છે. આ વસાહતના મધ્ય ભાગે શિલ્પસમૃદ્ધ મહેશ મંદિર અને બીજાં બાર દેવાલયો હોવાનો નિર્દેશ છે અને કહે છે કે, ભભૂતી ચોળી રહેતા શૈવમાર્ગીઓ પૂજન-અર્ચન કરતા. આ પ્રાચીન ઉલ્લેખ રોમાંચક છે. એક માન્યતા એવી પણ છે કે, પાંચ હજાર વર્ષ પહેલાં શ્રીકૃષ્ણ અને તેમના ભકત પાંડવો પણ આ ભૂમિને પાવન કરી ગયા છે. ગુજરાતના આધ્યાત્મ ગૌરવ સોમનાથનો ઈતિહાસ ભવ્ય છે. ગુજરાતના સ્વાભિમાન, શૌર્ય અને ગૌરવનાં પ્રતીકરૂપ ધજા સોમનાથ મંદિર પર ફરફરી રહી છે. કોટેશ્વરનો મહિમાએ અદકેરો છે.



પ્રભાસ પાટણ અને સોમનાથે આક્રાંતાઓના આક્રમણ સહ્યાં છે. સમયાંતરે કોટેશ્વરનોયે જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. સંજય ઠાકરે એક લેખમાં ટાંક્યું છે કે, ૧૪મી સદીના સંક્રાંતિકાળમાં અલાઉદ્દીન ખીલજીએ કોટેશ્વરના શિવલિંગને ખંડિત કર્યું હતું. ૧૮૧૯ના ધરતીકંપ વખતે આ મંદિર ખંડિત થયું હતું. તે સમયે કચ્છના મુત્સદ્દી સપૂત સુંદરજી સોદાગર અને જેઠા શિવજીએ મહારાવ દેશળજીના સમયમાં બીડું ઝડપ્યું અને સને ૧૮૨૧માં અહીં નવેસરથી ભવ્ય શિવમંદિરનું નવનિર્માણ થયું. અન્ય એક પ્રચલિત લોકકથા એવી છે કે, સિંધથી આવેલા રા'લાખા ધુરારા જેવા પરાક્રમી પતિને પામવા ગૌડરાણી ચંદ્રકૌરે પ્રતિજ્ઞા પૂરી થતાં કોટેશ્વરમાં નીલકંઠનું મંદિર ચણાવ્યું હતું. ૧૮મી સદીના પૂર્વાર્ધમાં રાવ દેશળજી મોટાના રાણી મહાકુંવરબાએ નીલકંઠ મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

કોટેશ્વરનું ધાર્મિક-આધ્યાત્મિક મહત્ત્વ હોવાની સાથે પ્રવાસનની દૃષ્ટિએ પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. ગુજરાત સરકારના યાત્રાધામ બોર્ડે કોટેશ્વર પરિસરનો વિકાસ કર્યો છે. થોડી ઊંચાઇ પર ઊભેલાં મંદિરના દર્શન ભૂમિ કે સમુદ્ર માર્ગે આઠ-દસ કિલોમીટર દૂરથી થાય છે. કોટેશ્વરની એક બીજી વિશિષ્ટતા એ છે કે, સીમા સુરક્ષાની દૃષ્ટિએ તે અતિ સંવેદનશીલ અને મહત્ત્વનું સ્થાન છે. મંદિરની સમીપે સીમા સુરક્ષા દળની સાગરપાંખનું થાણું છે. ફ્લોટિંગ બીઓપી-તરતી ચોકી સમુદ્રમાં મૂકવામાં આવી છે. કોટેશ્વરની બરોબર સામે કિનારે પાકિસ્તાનનું કરાચી બંદર આવેલું હોવાથી તે દેશની સુરક્ષાની દૃષ્ટિએ પણ વ્યૂહાત્મક ઈમ્પોર્ટન્સ ધરાવે છે. અહીં કર્કવૃત્ત પસાર થાય છે અને ભારતભરનો છેલ્લો સૂર્યાસ્ત કોટેશ્વર ખાતે જ થાય છે તે તેની વિશેષતા છે. નારાયણ સરોવર અને કોટેશ્વર એકસાથે જોડાયેલાં ધામો છે. ના. સરોવરથી બે કિલોમીટરનું અંતર. હવે કચ્છમાં પ્રવાસન ફુલ્યુંફાલ્યું હોવાથી વર્ષે હજારો પ્રવાસીઓનું આવાગમન થતું રહ્યું છે. મહાપ્રભુજીની બેઠક, ત્રિવિક્રમરાય મંદિર સંકુલ, પવિત્ર સરોવર ઉપરાંત નવનિર્મિત દરિયાલાલ મંદિર પરિસર, ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. ભુજ સ્વામિનારાયણ મંદિર તરફથી નારાયણ સરોવર પાસે જ ઉતારાની અદ્યતન અને વિશાળ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.



# જાન્હવી કપૂર તમિલ વેબ સિરીઝમાં જોવા મળશે

## તેલુગુ ફિલ્મ પછી પા રંજિતના દિગ્દર્શનવાળી તમિલ સિરીઝમાં કામ કરશે

જાન્હવી કપૂર હવે ધીરે ધીરે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન મજબૂત બનાવી રહી છે. તેલુગુ સિનેમામાં તેને બોલિવૂડ કરતાં વધુ ફી મળતી હોવાની ચર્ચા વચ્ચે, હવે તે તમિલ ઈન્ડસ્ટ્રીમાં પણ હવે ડેબ્યુ કરવા જઈ રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જાન્હવીએ નેટફ્લિક્સ માટે તમિલ ભાષાની એક વેબ સિરીઝ સાઈન કરી છે, જેના માટે તેને અંદાજે ૨૦ કરોડ જેટલી મોટી ફી મળી છે. આ સ્ત્રીઓના મજબુત પાત્રો અને સ્ત્રીઓને કેન્દ્રમાં રાખતા વિષય પર આધારિત સિરીઝનું ડિરેક્શન પ્રખ્યાત ડિરેક્ટર પા રંજિત કરી રહ્યા છે, જેમણે રજનીકાંત સાથે સતત બે ફિલ્મો 'કબાલી' અને 'કાલા' બનાવી હતી.

તેમની તાજેતરની તેલુગુ ફિલ્મ 'પેડ્ડી', જેમાં રામ ચરણ સહ-અભિનેતા છે, માટે જાન્હવીને અંદાજે ૧૪ કરોડ જેટલી ફી મળી હોવાનું કહેવાય છે. આ સાથે તે અત્યાર સુધીની સૌથી વધુ ફી મેળવનારી તેલુગુ અભિનેત્રી બની ગઈ છે.જો જાહન્વીની સાઉથની ફિલ્મોમાં સફરની વાત કરવામાં આવે તો, ૨૦૨૪માં આવેલી ફિલ્મ 'દેવરા'માં જ્યારે તેને લીડ રોલની ઓફર થઈ તો શરૂઆતમાં જાન્હવીએ આ ઓફર નકારી હતી, કારણ કે તેને ચિંતા હતી કે રીજનલ સિનેમામાં કામ કરવાથી તેની હિન્દી ફિલ્મની કારકિર્દી પર અસર પડશે.પરંતુ તેના પિતા અને નિર્માતા બોની કપૂરે તેને આ ફિલ્મ કરવા માટે આગ્રહ કર્યો — અને તે પણ ઊંચી ફી પર. જાન્હવી માટે આશ્ચર્યજનક રીતે, નિર્માતાઓ એ રકમ ચૂકવવા તૈયાર થયા. જોકે, તે ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહીં, પરંતુ જાહન્વીને સાઉથમાં પોતાનું સ્થાન બનાવવામાં મદદ ચોક્કસ મળી.

# 'રામાયણ પાર્ટ ૧'નાં પાત્રોને રામ નવમી પ્રસંગે જાહેર કરાશે

## ફિલ્મના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા એક મેગા ઈવેન્ટમાં ફર્સ્ટ લૂક લોંચ કરશે



નમિત મલ્હોત્રા નિર્મિત ફિલ્મ 'રામાયણ'ના તમામ પાત્રો અને તેની પાછળ કાર્યરત સમગ્ર ટીમનો સત્તાવાર પરિચય ૨૬ માર્ચ, ૨૦૨૬ના રોજ રામ નવમી નિમિત્તે યોજાનારા ભવ્ય કાર્યક્રમમાં કરવામાં આવશે.

આ એક એવો ભવ્ય કાર્યક્રમ બશે, જેમાં રાજકારણ, મનોરંજન અને રમતગમત ક્ષેત્રના અગ્રણીઓ હાજર રહેશે. હાલ આ અંગે એવી ચર્ચા છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ કાર્યક્રમમાં હાજરી આપી શકે છે. ગૃહમંત્રી અમિત શાહ હાજરી આપવાના છે, તે નક્કી છે. તેમજ અન્ય અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો આ મેગા ઈવેન્ટમાં ઉપસ્થિત રહેશે.

ફિલ્મમાં ભગવાન રામની ભૂમિકા નિભાવતા રણબીર કપૂરે વ્યક્તિગત રીતે અનેક વિશિષ્ટ મહેમાનોને આમંત્રણ પાઠવ્યા હોવાનું જાણવા મળે છે. આ કાર્યક્રમને હાલ અંગત ચર્ચાઓમાં 'બધા કાર્યક્રમોની મા' તરીકે ગણાવવામાં આવી રહ્યો છે અને તે મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે કડક સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે યોજાશે, તેવા અહેવાલો છે.

ફિલ્મનું દિગ્દર્શન નિતેશ તિવારી કરી રહ્યા છે અને ફિલ્મમાં સાઈ પલ્લવી સીતા તરીકે, યશ રાવણ તરીકે અને સન્ની દેઓલ ભગવાન હનુમાન તરીકે જોવા મળશે. આ પહેલાં નમિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે 'રામાયણ' આપણી સંસ્કૃતિનો આધાર છે અને આ ફિલ્મને તેમણે બે દાયકાનાં સપનાનાં પ્રોજેક્ટ ગણાવ્યો હતો. આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે, પહેલો ભાગ દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે અને બીજો ભાગ દિવાળી ૨૦૨૭ પર રિલીઝ થશે તે પણ નિશ્ચિત છે.

# રાજપાલ યાદવે ૫ કરોડમાંથી અડધા ચૂકવી દીધા છે બાકીની રકમ પણ ચૂકવવાની તૈયારીઃ યાદવના વકીલ



બોલીવુડ હાસ્ય અભિનેતા રાજપાલ યાદવે તેની સામે હાલ ચાલી રહેલાંચેક બાઉન્સ કેસમાં પોતાના દેવા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે તેણે રૂ. ૫ કરોડમાંથી રૂ.૨.૫ કરોડ પહેલાં જ ચુકવી દીધા છે. આ માહિતી તેમના વકીલ દ્વારા દિલ્હી હાઈકોર્ટની સુનાવણી બાદ જાહેર કરવામાં આવી હતી, જ્યાં કેસની આગામી સુનાવણી ૧૬ ફેબ્રુઆરી સુધી સ્થગિત કરવામાં આવી છે. વકીલ ભાસ્કર ઉપાધ્યાયે મિડિયા સામે જણાવ્યું કે યાદવ વધુ રકમ પણ જમા કરવા માટે તૈયાર છે અને ચુકવણી પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે રાજપાલ યાદવે ૨૦૧૩ની સાલમાં પોતાનો એક્ટિંગનો વ્યવસાય છોડીને નવી ફિલ્મ બનાવવાનો નિર્ણય કર્યો હતો અને તે સમયે તેણે અતા, પતા લાપતા નામની ફિલ્મ બનાવી હતી જેમાં તેને રૂ. ૧૧ કરોડનો જંગી ખર્ચો થયો હતો, પરંતુ બાદમાં આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ઉંધા માથે પટકાઈ હતી અને યાદવને જંગી ખોટ ગઈ હતી. આ ફિલ્મને બનાવવા માટે તેણે રૂ. ૫ કરોડ એક વ્યક્તિ પાસેથી લીધા હતા જે બાદમાં પરત કરી શક્યો નહોતો.

### સની દેઓલે પોતાની હિટ ફિલ્મોનો શ્રેય દિવંગત પિતા ધર્મેન્દ્રને આપ્યું

# ફિલ્મની સફળતા ઉજવવા માટે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ



છેલ્લા ત્રણ વર્ષથી સની દેઓલ સતત પોતાના વિજયપથ ઉપર સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે. ૨૦૨૩માં આવેલી બ્લોકબસ્ટર ફિલ્મ ગદર-૨પછી હવે Broder-2ની જબરદસ્ત સફળતાએ ચાહકો તેમને "સની દેઓલ ૨.૦"નો ખિતાબ આપ્યો છે.ફિલ્મની સફળતા ઉજવવા માટે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સની દેઓલે પોતાની સતત હિટ ફિલ્મોનું શ્રેય તેમના પિતા, વરિષ્ઠ અભિનેતા ધર્મેન્દ્રને આપ્યું હતું.

આ પ્રસંગે સની દેઓલે કહ્યું હતું કે "આ બધું મારા પાપાની આશીર્વાદ અને વાહેગુરુની અસીમ કૃપાનું પરિણામ છે. લોકો મને પહેલા પણ પ્રેમ કરતા હતા અને આજે પણ કરે છે. જ્યાં જ્યાં હું જાઉં છું, ત્યાં મને ખૂબ પ્રેમ મળે છે."તેમણે વધુમાં ઉમેર્યું હતું કે "આટલા વર્ષો સુધી ખબર નહોતી કે આ પ્રેમ ક્યાં છુપાયેલો હતો. ખરેખર બહુ મીઠો અનુભવ છે. હું દરેકને એક વાત કહેવા માગું છું — મહેનત કરો, તમારા વ્યવસાયને પ્રેમ કરો, હિંમત ન હારશો. સમય ક્યારે આવે અને ક્યારે જાય તે કોઈને ખબર નથી, પરંતુ આપણે હંમેશા તૈયાર રહેવું જોઈએ."

તેણે ઉમેર્યું હતું કે "જ્યારે વધુ લોકો ફિલ્મ જુએ છે અને તેને પસંદ કરે છે, ત્યારે જ બોક્સ ઓફિસના આંકડા વધે છે. આ જ એક કારણ છે કે નંબર્સ વધી જાય છે. તે અમને આત્મવિશ્વાસ આપે છે કે અમે જે બનાવ્યું છે તેને પ્રેક્ષકોએ વખાણ્યું છે."ફિલ્મ રિલીઝ થયા પછી સની દેઓલે મનાલીથી રોડ મારફતે મુસાફરી કરી. આ દરમિયાન તેમને મળેલા પ્રેમથી તેઓ ભાવુક બની ગયા. તેણે કહ્યું હતું કે "જ્યાં જ્યાં હું રોકાયો, ત્યાં લોકો પ્રેમ વરસાવતા રહ્યા. મને ઘણા સૈનિકો અને વિવિધ દળોના જવાનો મળ્યા. કોઈએ ફિલ્મ એક વાર જોઈ હતી, કોઈએ બે વાર, તો કોઈએ ત્રણ વાર. સૌએ માત્ર એટલું કહ્યું કે તેમને ફિલ્મ ખૂબ ગમી અને ફિલ્મ જોઈને તેમની આંખોમાં આંસુ આવી ગયા. કોઈએ પણ એવું નહોતું કહ્યું કે ફિલ્મ 'બોર્ડર' કરતાં સહેજપણ ઓછી હતી."

સનીએ સ્વીકાર્યું કે આવી પ્રતિકાત્મક ફિલ્મની સિક્વલ બનાવવી સરળ નહોતી. "'બોર્ડર' જેવી ફિલ્મની સિક્વલ બનાવવાનો વિચાર આવે ત્યારે હંમેશા ડર રહે છે. જ્યારે અમે પહેલી 'બોર્ડર' બનાવી, ત્યારે અમને ખબર નહોતી કે શું થશે. પરંતુ તે પછી જે સફળતા મળી, તેના બાદ બીજી કડી બનાવવાનો વિચાર મારા માટે ખૂબ ડરાવનારો હતો. હું હંમેશા માનતો આવ્યો છું કે ફિલ્મમાં વાર્તા જ અસલી હીરો હોય છે. જ્યારે મને 'બોર્ડર ૨'ની વાર્તા સંભળાવવામાં આવી, ત્યારે મને લાગ્યું કે અમે સાચા માર્ગ પર છીએ. ડર તો અંદર હંમેશા રહે છે. આપણે પોતાની ફિલ્મ જોતા પણ ખામીઓ શોધતા રહીએ છીએ. પરંતુ જ્યારે પ્રેક્ષકો પ્રેમ આપે છે, ત્યારે તે અનુભવ અદભૂત હોય છે."

# દાન નહીં દામ આપો



હોઈ શકે છે. પવિત્ર સાધુ- સંતનો રોલ કરનારી વ્યક્તિ લફડાબાજ હોઈ શકે છે. એ જ રીતે ચિત્રપટમાં ખડખડાટ હસાવતો કોમેડિયન (ઘણા આનો ઉચ્ચાર 'કમેડિયન' પણ કરે છે) અથવા સર્કસના જોકર-વિદૂષકના નિજી જીવનમાં ટ્રેજેડી પીછો કર્યા કરતી હોય એવું પણ બનતું હોય છે.

આર્થિક સંકડામણમાં ફસાયેલા અને ચેક બાઉન્સના કેસમાં તિહાર જેલમાં સળિયા પાછળ ધકેલાઈ ગયેલા આલા દરજ્જાના કોમેડિયન રાજપાલ યાદવ એનું વિશિષ્ટ ઉદાહરણ છે. જોકે, કોમેડિયનના જીવનની ટ્રેજેડીના આ કપરા કાળમાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી તરફથી મળી રહેલો સપોર્ટ જોઈ એક્ટરના વિલાઈ ગયેલા ચહેરા પર સ્મિત રેલાઈ ગયું હશે. શિખર પરથી ગબડી તળેટી તરફ ગબડી પડેલા માટે મોટેભાગે સહેજ પણ અનુકંપા ન ધરાવતી આ કઠોર દુનિયામાં આવા અપવાદ જોઈ અનેક હૈયા હરખાઈ ગયા હશે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી 'મિસ્ટર મદદરૂપ' બની ગયેલા સોનુ સુદએ પહેલ કરી મજબૂત ટેકણલાકડી બનવાની તૈયારી દેખાડ્યા બાદ મજરૂહ સુલતાનપુરીના પ્રખ્યાત શેર 'લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા'ની જેમ અન્ય લોકો પણ રાજપાલ યાદવ માટે સંકટમોચન બનવા આગળ આવી રહ્યા છે. આ લખાય છે ત્યાં સુધીમાં સોનુ સુદ ઉપરાંત અજય દેવગન, સલમાન ખાન, વરુણ ધવન, ગુરમીત ચૌધરી, ડિરેક્ટર ડેવિડ ધવન અને અનીસ બઝમી, સંગીતકાર ઈન્દ્રજીત યાદવ અને બીજા નામ પણ ઉમેરાઈ રહ્યા છે.

અહીં એક મહત્ત્વની વાત. એવું ધારી ન લેવું કે માની ન લેવું કે બિગ બી અને કિંગ ખાન અને અન્ય મહારથીઓએ કેમ રાજપાલ યાદવ માટે અનુકંપા નથી દેખાડી? અલબત્ત, કોને મદદ કરવી અને કોને નહીં એ અંગત મુનસફીનો સવાલ છે, પણ સાથે સાથે એ સંભાવના પણ નકારી ન શકાય કે કેટલાક હાથ-ચહેરો દેખાડ્યા વિના કે પછી 'જમણો હાથ મદદ માટે લાંબો કર્યો હોય એની ડાબા હાથને પણ ખબર ન પડવી જોઈએ' એ સિદ્ધાંતને અનુસરતા લોકોએ ચુપચાપ મદદ કરી પણ હોય અથવા મદદ કરવાની તૈયારી દેખાડી હોય.

આવી વાતોને લઈને દરેકને સોશ્યલ મીડિયામાં ગાજવું પસંદ હોય એ જરૂરી નથી. આ કોઈ દાનધર્મની વાત નથી. આર્થિક ટેકો આપવાનો છેઃ 'ચિંતા નહીં કર અમે ઊભા છીએ' એમ કહેવાનો અવસર છે. યાદ રહે, રાજપાલ યાદવએ કોઈ સ્કેન્ડલ નથી કર્યું. આર્થિક ગણતરીનો દાખલો ખોટો પડ્યો એટલી જ વાત છે. ગંજાવર ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે તો એક્ટરને મુસીબતમાં મૂકનારી રકમ તો ચણા મમરા જેવી છે.

યસ, મહત્ત્વની વાત એ છે કે રાજપાલ યાદવને દાન-દક્ષિણા નથી આપવાના, એનું સન્માન જાળવી એને પરિસ્થિતિમાંથી ઉગારવાનો છે. આ સંદર્ભમાં એક્ટર અને 'મિસ્ટર મદદરૂપ' સોનુ સુદની વાત જાણવા-સમજવા જેવી અને પછી અનુસરવા જેવી છે. સોશ્યલ મીડિયા પર સોનુએ એક લાંબો મેસેજ મૂક્યો છે, જેમાં તેણે આર્થિક સંકડામણમાં ઘેરાયેલા રાજપાલ યાદવને સહાયરૂપ થવા આગળ આવવા ફિલ્મ ઈન્ડસ્ટ્રીને અપીલ કરી છે.

એની અપીલનો એક મુદ્દો અત્યંત મહત્ત્વનો તો છે જ, પણ ગબડી પડેલી વ્યક્તિનું માન જાળવી એને ફરી કેમ બેઠી કરવી એનું આગવું ઉદાહરણ છે. સોનુએ નિર્માતા-દિગ્દર્શકોને અપીલ કરી છે કે 'રાજપાલ યાદવને સાઈનિંગ અમાઉન્ટ પેટે એક ચોક્કસ રકમ આપો. ચેરિટી એટલે કે દાન નથી કરવાનું. મુશ્કેલ પરિસ્થિતિમાંથી એ માનભેર ઊભો થઈ શકે એ માટે એને ભવિષ્યમાં એને આપવાના કામના એડવાન્સ તરીકે પૈસા આપવાના છે.'વાચકોની જાણ ખાતર કે એક્ટર કોઈ પ્રોજેક્ટ સાથે જોડાય ત્યારે કામ શરૂ કરતા પહેલા અપાતી રકમ સાઈનિંગ અમાઉન્ટ કહેવાય છે. ટૂંકમાં રાજપાલ યાદવને ખેરાત નથી કરવાની, કામ પેટે દામ આપી એને કફોડી હાલતમાંથી દૂર કરવા નિમિત્ત બનવાનું છે. આવા અભિગમ માટે સોનુ સુદ અભિનંદનનો અધિકારી છે.સોનુ સુદની ટહેલનો નાનો પણ પડઘો જરૂર પડ્યો. એક્ટર અને માર્શલ આર્ટ્સ સ્પેશ્યલિસ્ટ ગુરમીત ચૌધરી પણ આગળ આવ્યો છે. ત્યારબાદ મ્યુઝિક પ્રોડ્યુસર રાવ ઈંદરજીત સિંહ યાદવ ભવિષ્યમાં બનનારા મ્યુઝિક વીડિયોની આગોતરી રકમ તરીકે આપવા આગળ આવ્યા. રાજપાલ યાદવના મેનેજર ગોલ્ડી યાદવના કહેવા અનુસાર ડેવિડ ધવન અને અનીસ બઝમી પણ આગામી ફિલ્મોમાં રાજપાલ યાદવને ચમકાવશે અને એના એડવાન્સ તરીકે પૈસા આપવા તૈયાર થયા છે. અજય દેવગન, સલમાન ખાનના નામ પણ જોડાયા છે.સોનુ સુદની જાહેર અપીલનું મહત્ત્વ સમજવું જોઈએ. ઉપરછલ્લી રીતે 'મેં મદદ કરી છે' એવી જાહેરાત કે બણગા લાગી શકે છે. એ વાત ન ભૂલવી જોઈએ કે સોશ્યલ મીડિયામાં કહેલી આવી રજૂઆતથી રાજપાલ યાદવની સમસ્યા અનેક લોકો સુધી વહેલી પહોંચે છે. આ વાત દસ હજાર કે એથી વધુ આર્થિક રીતે અતિ સક્ષમ લોકોએ જાણ્યા પછી એમાંથી દસ-વીસ લોકો પણ સોનુની જેમ મદદ કરવા આગળ આવે તો રાજપાલ યાદવ કુંડાળામાંથી બહાર નીકળી જાય.નવાઝુદ્દીન સિદ્દીકીના વાઈરલ થયેલા એક જૂના વીડિયો અનુસાર 'રાજપાલ પાસે જ્યારે ઘણું કામ હતું ત્યારે ઘણા લોકો એને ત્યાં જમવા આવતા અને કોઈ પણ પ્રકારની ફરિયાદ કર્યા વિના તેણે અનેક લોકોને પ્રેમથી ભોજન કરાવ્યું છે. તેણે અનેક લોકોને મદદ કરી છે. માત્ર હું જ નહીં, મારા જેવા અનેક એક્ટરો જ્યારે કામ મેળવવા સ્ટ્રગલ કરી રહ્યા હતા ત્યારે એનું ઘર એમને માટે ભોજનશાળા હતું. કોઈ પણ ત્યાં જઈને પેટની આગ ઠારી શકતો હતો.' આવી વ્યક્તિ માટે આધાર ન બનવું જોઈએ?

રાજપાલ યાદવ કેવી કફોડી હાલતમાં મુકાયો છે એ વાત તેણે તિહાર જેલમાં શરણાગતિ સ્વીકારતી વખતે કરેલા નિવેદનથી સમજાય છેઃ 'સર, ક્યા કરું? મેરે પાસ પૈસે નહીં હૈ. ઔર કોઈ ઉપાય નહીં દિખતા. સર, યહાં હમ સબ અકેલે હૈં'. આ પરિસ્થતિમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જે પણ લોકોએ જાહેરમાં કે ચુપચાપ 'હમ સાથ સાથ હૈ'નું કોરસ ગાયું છે એ અભિનંદનને પાત્ર છે.

રામગોપાલ વર્માની 'જંગલ' ફિલ્મમાં નેગેટિવ રોલથી રાજપાલ યાદવનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ થયો. જોકે, ત્યારબાદ તેણે સિરિયસ રોલ સુધ્ધાં કર્યા પણ તેની બોલબાલા થઈ કોમેડી કિરદારથી. 'પ્યાર તુને ક્યા કિયા', 'હંગામા', 'ચૂપ ચૂપ કે', 'ગરમ મસાલા', 'ફિર હેરા ફેરીપ. શાહરુખ ખાન નિર્મિત અને અમોલ પાલેકર દિગ્દર્શિત 'પહેલી'માં થોડી મિનિટો માટે શાહરુખ સામે તેણે જે દમદાર પરફોર્મન્સ આપ્યું એ જોશો તો ફિદા થઈ જશો. અનેક કલાકારની જેમ રાજપાલ યાદવને પણ ફિલ્મ નિર્માણની ચળ ઉપડી.

# શિવરાત્રિએ ટીમ ઈન્ડિયાનું તાંડવ : પાક. રંગદોળાયું

## ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતનો ૧૭૬ રનનો સ્કોર પણ પાકિસ્તાનને ભારે પડ્યો, ૧૧૪માં આઉટ, ભારત સુપર-૮માં ક્વોલિફાય



ઈશાન કિશનની આક્રમક બેટિંગ બાદ જસપ્રિત બુમરાહ સહિત બોલર્સે કમાલ કરતાં ભારતે રવિવારે રમાયેલી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં કટ્ટર અને પરંપરાગત હરીફ પાકિસ્તાનને ૬૧ રનથી કચડી નાખ્યું હતું. આ સાથે પાકિસ્તાને ટુર્નામેન્ટ અગાઉ ભારત સામે રમવા અને નહીં રમવા અંગે સર્જેલા વિવાદનો સૂર્યકુમાર યાદવની ટીમે મેદાન પર જવાબ આપી દીધો હતો. આ ઉપરાંત પાકિસ્તાન સામે વર્લ્ડ કપ કે કોઈ મલ્ટિ ટીમ ઈવેન્ટમાં ભારતે પોતાની ઈજારાશાહી પણ જાળવી રાખી હતી. આ સાથે ભારતીય ટીમ આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૬ના સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાઈ થઈ ગયું હતું.

પાકિસ્તાન સામેની આ પ્રકારની ઈવેન્ટમાં ભારતનું હંમેશાં વર્ચસ્વ રહ્યું છે અને તેને કાયમ રાખતાં ભારતે ટી૨૦ વર્લ્ડ કપમાં તેના આ કટ્ટર હરીફ પડોશી સામે આઠમાંથી સાતમી મેચ જીતી લીધી હતી.

કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમની સ્લો અને સ્પિનર્સને મદદરૂપ પિચ પર ભારતે તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ એક સમયે તો પાકિસ્તાન માટે આ સ્કોર પણ પહાડ સમાન બની રહ્યો હતો. અંતે તે ૧૮મી ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ માત્ર ૧૧૪ રન કરી શક્યું હતું.

૧૭૬ રનના ટારગેટ સામે રમતાં પાકિસ્તાની ઈનિંગ્સનો પ્રારંભ અત્યંત કંગાળ રહ્યો હતો. હાર્દિક પંડ્યાએ પહેલી જ ઓવરમાં ખતરનાક ઓપનર સાહિબજાદા ફરહાનને આઉટ કર્યો હતો તો બુમરાહની પહેલી ઓવરના પહેલા જ બોલે સિક્સર ફટકાર્યા બાદના બોલે સઈમ ઐયૂબ લેગબિફોર થયો હતો.

પાકિસ્તાન આ આઘાતમાંથી બહાર આવે તે પહેલાં તો બુમરાહે એ જ ઓવરમાં પાકિસ્તાની ટીમના સુકાની સલમાન આગાને પણ આઉટ કરી દીધો હતો. આમ પાકિસ્તાને ૧૩ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. પાંચમી ઓવરમાં અક્ષર પટેલને અજમાવવામાં આવ્યો હતો અને તેણે પણ ટીમને વધુ એક અને અત્યંત મહત્વની સફળતા અપાવતા અનુભવી બેટર બાબર આઝમને બોલ્ડ કરી દીધો હતો. આમ પાકિસ્તાને ૩૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને હજી ટીમની પાંચ જ ઓવર થઈ હતી. આ જ રીતે પાકિસ્તાનની વિકેટોનો સિલસિલો છેક સુધી જારી રહ્યો હતો.

અગાઉ ભારતની ઈનિંગ્સમાં ઈશાન કિશનની આક્રમક બેટિંગ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. જેની પાસેથી સૌથી વધુ અપેક્ષા રખાતી હતી અને તાજેતરની બીમારીમાંથી બહાર આવનારો ઓપનર અભિષેક શર્મા પહેલી જ ઓવરમાં માત્ર ચાર બોલ રમીને ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો હતો.

જોકે તિલક વર્મા સાથે મળીને ઈશાન કિશને શાનદાર બેટિંગ કરી હતી. કિશને વર્તમાન સિઝનનું તેનું ફોર્મ આગળ ધપાવતાં આક્રમક બેટિંગ કરીને ૨૭ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ૪૦ બોલમાં દસ ચોગ્ગા અને ત્રણ સિક્સર સાથે ૭૭ રન ફટકાર્યા હતા જે ટીમનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો.

ઈશાન કિશન સિવાયના બેટર્સને રન કરવામાં મુશ્કેલી પડતી હતી. ઈશાન કિશન રમતો હતો ત્યારે ભારતનો સ્કોર ૨૦૦ના આંકને પાર થઈ જશે તેવી અટકળ થતી હતી પરંતુ આર. પ્રેમદાસા સ્ટેડિયમની પિચ ધીમી રહી હતી અને તેને કારણે ભારતના બાકીના બેટરને તકલીફ પડી હતી. તેમાંય સૂર્યકુમાર યાદવ જેવો ખેલાડી પણ રન કરી શકતો ન હતો. ૧૨૬ રનના કુલ સ્કોરે સઈમ ઐયૂબે ભારતને ઉપરા ઉપરી બે આંચકા આપ્યા હતા. તેણે ડાબેરી બેટર તિલક વર્માને લેગબિફોર કર્યા પછીના જ બોલે હાર્દિક પંડ્યાને પેવેલિયનમાં મોકલી દીધો હતો. આ સમયે ઐયૂબ હેટ્રિક પર હતો અને તેણે ત્રીજા બોલે શિવમ દૂબે માટે અપીલ પણ કરી હતી પરંતુ રિપ્લેમાં દૂબે નોટઆઉટ જાહેર થયો હતો.

## પાક. સાથે હાથ નહીં મિલાવવાની ભારતની નીતિ જાળવી રાખી

ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ પણ કક્ષાનું ક્રિકેટ રમાતું હોય કે અન્ય કોઈ પણ રમતની મેચ હોય ત્યારે ભારતીય ખેલાડીઓ તેમના આ કટ્ટર હરીફ સાથે હાથ મિલાવતા નથી અને આ નીતિ રવિવારે કોલંબોમાં રમાયેલી મેચમાં પણ જારી રહી હતી.

હજી શનિવારે એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે બંને ટીમના ખેલાડીઓ એકમેક સાથે મેચ બાદ અને ટોસના સમયે હાથ મિલાવશે પણ તેમ બન્યું ન હતું. રવિવારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચ અગાઉ ટોસના સમયે ભારતીય સુકાની સૂર્યકુમાર યાદવે પાકિસ્તાની ટીમના સુકાની સલમાન આગા સાથે હાથ મિલાવ્યો ન હતો. સલમાન આગાએ ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું.

કોલંબો ખાતે ઉપસ્થિત બીસીસીઆઈના એક અધિકારીએ આ બાબતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે નો-શેકહેન્ડ (હાથ નહીં મિલાવવા)ની નીતિ જારી રહેશે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે એપ્રિલમાં કાશ્મીરના પહેલગામ ખાતે આતંકવાદી હુમલો થયો અને તેના અનુસંધાનમાં ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન પર આક્રમણ કર્યું ત્યારથી ભારત અને પાકિસ્તાનની ટીમો એકમેક સાથે હાથ મિલાવતી નથી. ભારતે જ આ નીતિ અપનાવી હતી. એશિયા કપ દરમિયાન બંને ટીમ વચ્ચે ત્રણ મેચ રમાઈ હતી અને તેમાંથી એકેય મેચમાં બે ટીમના કેપ્ટને ટોસ સમયે અને ત્યાર બાદ મેચને અંતે તમામ ખેલાડીઓએ એકમેક સાથે હાથ મિલાવ્યા ન હતા. પહેલગામ આતંકવાદી હુમલાના મૃતકોને અંજલિ અર્પવા માટે તથા ઓપરેશન સિંદૂરના સૈનિકોના આદર માટે ભારતે આ નીતિ અપનાવેલી છે.

# નામિબિયા સામે સંજય ક્રિષ્ણમૂર્તિ ઝળક્યો યુએસએનો વિજય

## યુએસએ બે વિજય સાથે ત્રીજા ક્રમે, નામિબિયાના અભિયાનનો અંત



સંજય ક્રિષ્ણમૂર્તિની આક્રમક અણનમ અડધી સદીની મદદથી યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (યુએસએ)ની ટીમે રવિવારે રમાયેલી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં નામિબિયા સામે ૩૧ રનથી શાનદાર વિજય હાંસલ કર્યો હતો.

અહીંના ચેપોક ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં યુએસએની ટીમે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૯ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેની સામે નામિબિયાએ થોડો પ્રતિકાર કર્યો હતો પરંતુ અંતે ૨૦ ઓવરમાં તેઓ છ વિકેટે ૧૬૮ રન કરી શક્યા હતા. યુએસએના સંજય ક્રિષ્ણામૂર્તિને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

પ્રથમ બેટિંગ કરતાં યુએસએ માટે તેના કેપ્ટન અને ઓપનર મોનાંક પટેલે શયાન જહાંગીર સાથે મળીને પહેલી વિકેટ માટે સાત ઓવરમાં ૬૮ રન ઉમેર્યા હતા. મોનાંકે ૩૦ બોલમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે બાવન રન ફટકાર્યા હતા તો શયાને ૧૮ બોલમાં ૨૨ રનનું યોગદાન આપ્યું હતું.

જોકે યુએસએની ઈનિંગ્સનું પ્રમુખ આકર્ષણ ચોથા ક્રમના સંજયની બેટિંગ રહી હતી. તેણે માત્ર ૩૩ બોલ રમીને છ સિક્સર તથા ચાર ચોગ્ગા સાથે અણનમ ૬૮ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત મિલિન્દ કુમારે ૨૦ બોલમાં ૨૮ રન ફટકાર્યા હતા. નામિબિયા માટે વિલિયમ માયબર્ગ અને ગેરહાર્ડ ઈરાસમસે બે બે વિકેટ લીધી હતી.

૨૦૦ રનના ટારગેટ સામે રમતાં નામિબિયા માટે ઓપનર લૌરેન સ્ટિલકેમ્પે આકર્ષક બેટિંગ કરીને અડધી સદી ફટકારી હતી. તે સિવાય જે જે સ્મિટે ૩૧ રનનું યોગદાન આપ્યું હતું. એક સમયે ત્રણ વિકેટે ૧૨૩ રનના સ્કોરે આફ્રિકન ખંડની આ ટીમ ટારગેટ સુધી પહોંચી જશે તેમ લાગતું હતું પરંતુ અંત ભાગમાં તેમણે ઉપરા ઉપરી વિકેટો ગુમાવી દેતાં તેમનો પ્રતિકાર શમી ગયો હતો. નામિબિયા ભારત અને પાકિસ્તાન સાથે એ ગ્રૂપમાં છે અને આ તેની ત્રીજી મેચ હતી. તેના અભિયાનનો અંત આવી ગયો છે જ્યારે યુએસએની ટીમ તેની તમામ મેચ રમી ચૂકી છે અને હાલમાં ચાર પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. નામિબિયાની બાકી રહેલી એક મેચ ૧૮મીએ પાકિસ્તાન સામે રમાશે પરંતુ તે માત્ર ઔપચારિક મેચ બની રહેશે.

# નેપાળને આસાનીથી હરાવી વેસ્ટ ઈન્ડિઝ સુપર-૮ માટે ક્વોલિફાઈ

## ટી૨૦ વર્લ્ડ કપઃ નેપાળના ૧૩૩ રનનો સ્કોર વિન્ડિઝે એક વિકેટે વટાવ્યો, હોપ-હોલ્ડર ઝળક્યા



જેસન હોલ્ડરની વેધક બોલિંગ બાદ શાઈ હોપે શાનદાર બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે તેની વિજય યાત્રા જાળવી રાખીને રવિવારે અહીં રમાયેલી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં નેપાળને નવ વિકેટે હરાવ્યું હતું. આ સાથે કેરેબિયન ટીમે ગ્રૂપ-સીમાંથી સુપર-૮ તબક્કામાં માટે ક્વોલિફાઈ કરી લીધું હતું. વેસ્ટ ઈન્ડિઝ તેની ત્રીજી મેચ રમ્યું હતું અને ત્રણેયમાં તેનો વિજય થયો હતો. આ ગ્રૂપમાં ઈંગ્લેન્ડ હાલમાં બીજા ક્રમે છે અને તે પણ કેરેબિયન્સ સામે હારી ગયું હતુંરવિવારે અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં નેપાળની ટીમ તેની ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૩૩ રન કરી શકી હતી. જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૬મી ઓવર સુધીમાં માત્ર એક વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. જેસન હોલ્ડરને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. તેણે નેપાળની ચાર વિકેટ ખેરવી હતી.

૧૩૪ રનના ટારગેટ સામે રમતાં વેસ્ટ ઈન્ડિઝના ઓપનર્સે આરામથી પ્રારંભ કર્યો હતો અને સાતમી ઓવર સુધીમાં ૪૩ રન ઉમેર્યા હતા પરંતુ ત્યાર બાદ શિમરોન હેતમાયર અને શાઈ હોપે ૫૯ બોલમાં ૯૧ રનની સ્ફોટક ભાગીદારી નોંધાવી હતી. શાઈ હોપે ૪૪ બોલમાં ૬૧ અને હેતમાયરે ૩૨ બોલમાં ૪૬ રન ફટકાર્યા હતા. બંને અણનમ રહ્યા હતા. શાઈ હોપે પાંચ ચોગ્ગા અને ત્રણ સિક્સર ફટકારી હતી તો હેતમાયરે ચાર ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી.

અગાઉ નેપાળની ઈનિંગ્સમાં કોઈ ખાસ નોંધપાત્ર બેટિંગ કરી શક્યું ન હતું. દીપેન્દ્રસિંહ આરીએ અડી સદી ફટકારી હતી તો સોમપાલ કામીએ થોડો પ્રતિકાર કરતી બેટિંગ કરી હતી. દીપેન્દ્રસિંઘ આરીએ ૪૭ બોલમાં ત્રણ સિક્સર સાથે ૫૮ રન ફટકાર્યા હતા જ્યારે સોમપાલે માત્ર ૧૫ બોલ રમીને ૨૬ રન ફટકાર્યા હતા. હકીકતમાં આ બે બેટરને કારણે જ નેપાળની ટીમ ૧૦૦ રનનો સ્કોર પાર કરી શકી હતી.

આ વિજય સાથે વેસ્ટ ઈન્ડિઝ હવે સુપર-૮માં રમશે પરંતુ તે અગાઉ તે ૧૯મીએ ઈટાલી સામે પોતાની અંતિમ લીગ મેચ રમશે. બીજી તરફ રવિવારના પરાજય સાથે નેપાળ રેસમાંથી આઉટ થઈ ગયું છે. તે પોતાની અંતિમ લીગ મેચમાં ૧૭મીએ સ્કોટલેન્ડ સામે રમશે.

આ વર્લ્ડ કપમાં કેરેબિયન ટીમે સ્કોટલેન્ડ, ઈંગ્લેન્ડ અને નેપાળને હરાવ્યું છે. ગ્રૂપમાંથી બીજી ટીમ તરીકે ક્વોલિફાઈ થવા માટે ઈંગ્લેન્ડ પ્રબળ દાવેદાર છે.

# પાક કપ્તાનનું દર્દ છલકાયું : બોલર બેટરો પર ઠીકરૂ ફોડયુ



ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સૌથી હાઈવોલ્ટેજ મુકાબલામાં ભારત સામે ૬૧ રને મળેલી શરમજનક હાર બાદ પાકિસ્તાની કેપ્ટન સલમાન અલી આગાનું દર્દ છલકાઈ ગયું હતું. મેચમાં ભારતે પાકિસ્તાનને ચારેય ખૂણે ચિત્ત કર્યું હતું. આ હાર બાદ પાકિસ્તાની કેપ્ટને હાર માટે કોઈ એક વિભાગને નહીં, પરંતુ સમગ્ર ટીમના પ્રદર્શન પર સવાલો ઉઠાવ્યા છે.

સલમાન આગાએ હાર બાદ સૌથી પહેલો પ્રહાર ટીમના સ્પિનરો પર કર્યો હતો. તેણે કહ્યું, "અમારા સ્પિનરો માટે આજનો દિવસ સારો રહ્યો નથી. મેદાન પર અમારી યોજનાઓનું અમલીકરણ યોગ્ય રીતે થયું નહીં.

બેટિંગ વિશે વાત કરતા સલમાન આગાએ સ્વીકાર્યું કે, "ટી૨૦ ક્રિકેટમાં જો તમે પાવરપ્લેમાં જ ૩-૪ વિકેટ ગુમાવી દો છો, તો તમે આખી મેચમાં પાછળ રહી જાઓ છો. અમે પોતાને સેટ થવાનો કે મેચને ઊંડાણ સુધી લઈ જવાનો કોઈ મોકો જ આપ્યો નહીં."

પાકિસ્તાન માટે હવે સુપર-૮ની રાહ મુશ્કેલ બની છે. તેમણે હવે કોઈપણ સંજોગોમાં નામિબિયા સામે જીતવું જ પડશે. સલમાન આગાએ કહ્યું કે તેઓ આ હારને ભૂલીને આગળ વધવા માંગે છે અને આગામી મેચમાં નવી શરૂઆત કરવા ઈચ્છે છે.

# 'મિસ્ટ્રી ફેનગર્લ' હવે બનશે ઈશાન કિશનની જીવનસાથી

## T20 વર્લ્ડકપ પછી જયપુરની મોડેલ સાથે લગ્ન કરશે ક્રિકેટર, જાણો કોણ છે અદિતિ હુંડિયા



ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે T20 નો મુકાબલો છે. મેચ પહેલા ટીમ ઈન્ડિયાના ઓપનર અને બિહારના રહેવાસી ઈશાન કિશનના લગ્નની ચર્ચા સામે આવી છે. ઈશાનના દાદા અનુરાગ પાંડેએ તેની ગર્લફ્રેન્ડનું નામ જણાવ્યું છે. જેના પછી ઈશાનના જયપુરની મોડેલ અદિતિ હુંડિયા સાથેના અફેરની પુષ્ટિ થઈ ગઈ છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું-ઈશાન જેની સાથે પણ લગ્ન કરશે તે મને સ્વીકાર્ય છે. તેના મોટા ભાઈએ કહ્યું હતું કે પલ્લવી સાથે લગ્ન કરશે તો અમે કરાવી દીધા હતા. હવે આના પણ કરાવી દઈશું. અદિતિ તેની ગર્લફ્રેન્ડ છે. તે જયપુરમાં રહે છે. મોડેલ છે, મિસ ઈન્ડિયા સ્પર્ધામાં બીજા નંબરે આવી હતી. ઈશાનના ડેટિંગના ચર્ચાઓ પહેલાથી જ હતી, પરંતુ હવે તેમના રિલેશનશિપ પર મહોર લાગી ગઈ છે. જણાવવામાં આવી રહ્યું છે કે, T-20 વર્લ્ડ કપ પછી ઈશાન લગ્નના બંધનમાં બંધાઈ શકે છે. જોકે, લગ્નની તારીખની હજુ કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. ઈશાન કિશનની ગર્લફ્રેન્ડ અદિતિ હુંડિયાના પિતા જયપુરમાં વેપારી છે. અદિતિ મિસ દીવા ૨૦૧૮ની વિજેતા રહી ચૂકી છે. અહીંથી જ તેને મોડેલિંગની દુનિયામાં એક અલગ ઓળખ મળવાની શરૂઆત થઈ હતી. અદિતિ ફેમિના મિસ ઈન્ડિયાની ફાઈનલિસ્ટ રહી ચૂકી છે. નેશનલ બ્યુટી ક્વીન કોન્ટેસ્ટ સુધી પહોંચી છે. ફેશન ક્રેડિબિલિટી સાથે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. ૨૦૧૯ IPL દરમિયાન ઈશાન કિશન અને અદિતિ હુંડિયા વચ્ચે અફેરની ચર્ચા થવા લાગી હતી. સ્ટેન્ડમાં અદિતિની હાજરી 'મિસ્ટ્રી ફેનગર્લ' તરીકે ચર્ચાનો વિષય બનવા લાગી હતી. જ્યારે લાઈક્સ, કમેન્ટ્સ અને ઈન્સ્ટાગ્રામ પર ઈન્ટરેક્શન ઈશાન કિશનની ગર્લફ્રેન્ડ સાથેના અફેરની ચર્ચાઓને વેગ આપતા રહ્યા છે.

# કુલદીપ પર હાર્દિક ગુસ્સે ભરાયો : સુર્યાએ કલાસ લીધો : સોશ્યલ મિડિયામાં વીડીયો વાયરલ



ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાઈવોલ્ટેજ જંગમાં ભલે ટીમ ઈન્ડિયાએ મેદાન મારી લીધું હોય, પરંતુ મેદાન પર એક એવો કિસ્સો બન્યો જેણે વિજયના ઉત્સાહ વચ્ચે ગરમાવો લાવી દીધો હતો. પાકિસ્તાન સામેની ૬૧ રનની શાનદાર જીત છતાં, કુલદીપ યાદવની એક ભૂલ પર હાર્દિક પંડ્યા અને કેપ્ટન સૂર્યા લાલઘૂમ જોવા મળ્યા હતા.

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતે પાકિસ્તાનને હરાવીને સુપર-૮માં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ શાનદાર જીત વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં હાર્દિક પંડ્યા અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ સ્પિનર કુલદીપ યાદવ પર ગુસ્સે થતા જોવા મળી રહ્યા છે.

મેચની ૧૮મી ઓવર દરમિયાન આ આખી ઘટના બની હતી. હાર્દિક પંડ્યા બોલિંગ કરી રહ્યો હતો ત્યારે પાકિસ્તાની બેટ્સમેન શાહીન આફ્રિદીએ મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ હવામાં ઘણો ઊંચો ગયો અને બાઉન્ડ્રી લાઈન પર ફિલ્ડિંગ કરી રહેલા કુલદીપ યાદવ પાસે કેચ પકડવાની સરળ તક હતી.

કુલદીપ બોલની નીચે સેટ પણ થઈ ગયો હતો, પરંતુ અંતિમ ક્ષણે તેની એકાગ્રતા ભંગ થઈ અને બોલ હાથમાંથી છટકીને બાઉન્ડ્રીની બહાર જઈ પડ્યો. કેચ તો છૂટ્યો જ, પણ સાથે પાકિસ્તાનને છ રન પણ મળ્યા.

આ પહેલાના જ બોલ પર વિકેટકીપર ઈશાન કિશન પણ કેચ પકડવામાં નિષ્ફળ રહ્યો હતો. સતત બે જીવનદાન મળતા હાર્દિક પંડ્યાનો પિત્તો ગયો હતો. મેચ પૂરી થયા બાદ જ્યારે ખેલાડીઓ ડ્રેસિંગ રૂમ તરફ પાછા ફરી રહ્યા હતા.

ત્યારે હાર્દિક અત્યંત આક્રમક અંદાજમાં કુલદીપને કંઈક કહી રહ્યો હતો. કેપ્ટન સૂર્યા પણ આ ફિલ્ડિંગથી ખુશ નહોતો અને તેણે પણ કુલદીપની ક્લાસ લગાવી દીધી હતી. આ દરમિયાન યુવા ખેલાડી તિલક વર્મા ચિંતિત દેખાયો હતો, જ્યારે રિંકુ સિંહ મામલો શાંત પાડવાનો પ્રયાસ કરતો જોવા મળ્યો હતો.



# સ્કેટ કોલેજમાં વિશેષ ટેકનિકલ ભવ્ય ઈવેન્ટનું સફળ આયોજન

## ઈન્ડરનેટ ઓફ વિંગ્સ વિષયે વિદ્યાર્થીઓમાં સમજણ કેળવાઈ

સુરત, તા.૧૬

Sarvajanik College of Engineering and Technology (SCET), સુરત દ્વારા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોલેજ કેમ્પસ ખાતે "IoT Ignite – Special Valentine Edition" નામની વિશેષ ટેકનિકલ ઈવેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. IEEE સિગ્નલ પ્રોસેસિંગ સોસાયટી (SPS Chapter IEEE) ના સહયોગથી ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ વિભાગ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં 'ઈન્ટરનેટ ઓફ થિંગ્સ' (IoT) વિશેની સમજ વધારવાનો અને વાસ્તવિક જીવનમાં તેની વધતી જતી ઉપયોગિતાથી માહિતગાર કરવાનો હતો. આ ઈવેન્ટમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના વિવિધ શાખાઓ તેમજ વિવિધ કોલેજોના ૩૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેના કારણે સત્ર એક સંવાદિત અને રસપ્રદ લર્નિંગ અનુભવ બની રહ્યું હતું. આ ઈવેન્ટનું આયોજન "IoT Ignite – Special Valentine Edition" નામથી કરવામાં આવ્યું હતું, જેમાં ઈજીઉર વાયરલેસ મોડ્યુલ પર ટેકનિકલ હેન્ડ્સ-ઓન તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું કે કેવી રીતે ESP૩૨ વાયરલેસ કમ્યુનિકેશનને શક્ય બનાવે છે અને સ્માર્ટ સિસ્ટમ્સના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાથે સાથે વેલેન્ટાઈન ડેને યાદગાર બનાવવા માટે મોજમસ્તીભર્યા ગેમ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનું અનોખું સંમિશ્રણ જોવા મળ્યું હતું. આ ઉપરાંત, સત્રમાં IoTના વિવિધ વાસ્તવિક ઉપયોગો જેવા કે સ્માર્ટ હોમ ઓટોમેશન, એન્વાયરમેન્ટલ મોનિટરિંગ અને કનેક્ટેડ ડિવાઈસીસ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઈવેન્ટનું મુખ્ય આકર્ષણ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલો આધારિત પ્રોજેક્ટ્સનું પ્રદર્શન હતું. આ પ્રોજેક્ટ્સ દ્વારા દર્શાવવામાં આવ્યું હતું કે કેવી રીતે ઈજીઉર નો ઉપયોગ કરીને રોજિંદા જીવનની સમસ્યાઓનો તકનીકી ઉકેલ લાવી શકાય છે. આ પ્રોજેક્ટ્સમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને તકનીકી જ્ઞાનની ઝલક જોવા મળી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી અને ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને IoT ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા સંશોધનો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. IoT Ignite – Special Valentine Edition તમામ સહભાગીઓ માટે માહિતીપ્રદ, પ્રેરણાદાયી અને યાદગાર સાબિત થયો હતો.

# વ્યક્તિગત માહિતીનું રક્ષણ આજના સમયમાં અત્યંત જરૂરી : કૃષ્ણ અગ્રવાલ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એક્ટ ૨૦૨૩ વિષે અવેરનેસ અને ટ્રેઈનીંગ વર્કશોપ યોજાયો




સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એક્ટ ૨૦૨૩' વિષે અવેરનેસ અને ટ્રેઈનીંગ વર્કશોપ યોજાયો હતો, જેમાં નિષ્ણાંત વકતા તરીકે એસ.આર.એ. લિગલના એસોસિએટ પાર્ટનર શ્રી કૃષ્ણ અગ્રવાલે અને સ્પોર્ટા ટેકનોલોજીસ પ્રા. લિ.ની સિનિયર લીગલ મેનેજર સુશ્રી રિતિકા દાસે ઉદ્યોગ સાહસિકો અને પ્રોફેશનલ્સને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ ડિજિટલ ઈન્ડિયા પ્લેટફોર્મ રજૂ કર્યું હતું અને એના માટે પણ ડેટા મુખ્ય સોર્સ છે. ડેટા કોન્ફિડેન્શિયલ, ટ્રાન્સપરન્ટ અને ઈમ્પાર્શિયલ હોય છે, આથી તેનું મહત્વ ઘણું વધી જાય છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એક્ટ, ૨૦૨૩ અમલમાં આવતા ડેટા સુરક્ષા કાયદાની સમજ અને પાલન દરેક ઉદ્યોગ અને સંસ્થાઓ માટે અનિવાર્ય બન્યું છે. એસ.આર.એ. લિગલના એસોસિએટ પાર્ટનર શ્રી કૃષ્ણ અગ્રવાલે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેકશન એક્ટ, ૨૦૨૩ની મુખ્ય જોગવાઈઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પર્સનલ ડેટાની વ્યાખ્યા સમજાવતા જણાવ્યું હતું કે, ડિજિટલ માધ્યમ દ્વારા એકત્રિત થતી વ્યક્તિગત માહિતીનું સંરક્ષણ કરવું આજના સમયમાં અત્યંત જરૂરી બન્યું છે, જેમાં ડેટા પ્રિન્સિપલના અધિકારો, ડેટા ફિડ્યુશિયરી (ડેટા એકત્રિત અને પ્રોસેસ કરનાર સંસ્થાઓ) તેમજ સિગ્નિફિકન્ટ ડેટા ફિડ્યુશિયરી જેવી વિશેષ કેટેગરી જેમ કે બેંકો અને મોટા કોર્પોરેટ્સ વિશે સ્પષ્ટતા કરી હતી. આ કેટેગરી હેઠળ આવતી સંસ્થાઓ પર વધારાની જવાબદારીઓ લાગુ પડે છે. તેમણે ડેટા પ્રોટેકશન બોર્ડ અંગે પણ વિગતવાર સમજણ આપતા જણાવ્યું હતું કે, ડેટા પ્રોટેકશન બોર્ડ કાયદાનું અમલીકરણ અને નિયમન કરતી ઓથોરિટી છે, જેને કાયદાના ઉલ્લંઘન બદલ દંડ ફટકારવાની સત્તા આપવામાં આવી છે. કાયદા હેઠળ ભારે પેનલ્ટીની જોગવાઈઓ છે, તેથી સંસ્થાઓએ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. તેમણે દંડની જોગવાઈઓ સાથે સંસ્થાઓએ અપનાવવાના પ્રાયોગિક પગલાં જેમ કે ડેટા પ્રોટેકશન નીતિ તૈયાર કરવી, આંતરિક નિયંત્રણ વ્યવસ્થા મજબૂત બનાવવી, ડેટા સિકયુરિટી મિકેનિઝમ અમલમાં મુકવી અને સમયસર અનુપાલન સુનિશ્ચિત કરવા વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉદ્યોગ સાહસિકોને સમયસર જરૂરી નીતિઓ અને પ્રક્રિયાઓ અમલમાં મુકવા અનુરોધ કર્યો હતો. સ્પોર્ટા ટેકનોલોજીસ પ્રા. લિ.ની સિનિયર લીગલ મેનેજર સુશ્રી રિતિકા દાસે કોર્પોરેટ સ્તરે ડેટા ગવર્નન્સ, આંતરિક નિયંત્રણો અને રિસ્ક મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રેકિટકલ કેસ સ્ટડીઝ દ્વારા સમજાવ્યું કે ડિજિટલ પ્લેટફોર્મ પર વ્યક્તિગત માહિતીનું સંચાલન કરતી સંસ્થાઓએ પારદર્શકતા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી છે. તેમણે પ્રેકિટકલ કેસ સ્ટડીઝના ઉદાહરણો દ્વારા સમજાવ્યું હતું કે, કોઈપણ કંપની કે સંસ્થા બિનજરૂરી વ્યક્તિગત માહિતી એકત્રિત કરી શકતી નથી. ડેટા એકત્રિત કરતી વખતે મિનિમમ જરૂરી ડેટાનો સિદ્ધાંત અપનાવવો જરૂરી છે. એટલે કે, પ્રોડકટ અથવા સર્વિસ માટે જેટલો જરૂરી હોય એટલો જ સ્પષ્ટ અને સંબંધિત ડેટા લેવો જોઈએ. સાથે જ નાગરિકોએ પણ બિનજરૂરી વ્યક્તિગત માહિતી આપવાથી દૂર રહેવું જોઈએ.

સુશ્રી દાસે જણાવ્યું હતું કે, કેટલીક કંપનીઓ ઓનલાઈન ફોર્મ અથવા ચેક બોકસમાં અગાઉથી જ ટિકમાર્ક લગાવીને સંમતિ દર્શાવે છે, જે યોગ્ય પદ્ધતિ નથી. સંમતિ સ્પષ્ટ, સ્વૈચ્છિક અને જાણકારીપૂર્વક હોવી આવશ્યક છે. કોઈપણ કંપની અથવા સંસ્થા વ્યક્તિગત ડેટા આપવા માટે વ્યક્તિ પર દબાણ કરી શકતી નથી. વધુમાં તેમણે કહ્યું કે, ડેટા સુરક્ષા માત્ર કાયદાકીય ફરજ નહી પરંતુ સંસ્થાની નૈતિક જવાબદારી પણ છે. યોગ્ય ડેટા મેનેજમેન્ટ પદ્ધતિઓ અપનાવવાથી જ ગ્રાહકોનો વિશ્વાસ જાળવી શકાય છે. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપક કુમાર શેઠવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. આ વર્કશોપમાં ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમ્યાન ઉપસ્થિત સભ્યોએ પ્રશ્નોત્તરી સત્રમાં સક્રિય ભાગ લીધો હતો અને નિષ્ણાંતો પાસેથી પોતાની શંકાઓનું નિવારણ મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ જાણકારીપ્રદ અને ઉપયોગી સાબિત થયો હતો.



# કોબા પ્રાથમિક શાળા ખાતે માતૃ-પિતૃ દિવસની ઉજવણી

સુરત, તા.૧૬

ઓલપાડ તાલુકાની કોબા પ્રાથમિક શાળામાં આજનો દિવસ ખૂબ જ આનંદમય અને સંસ્કારસભર રહ્યો. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં માતા-પિતા પ્રત્યે આદર, પ્રેમ અને કૃતજ્ઞતાની ભાવના વિકસે તે હતો. વિદ્યાર્થીઓને સરસ્વતી માતાની પૂજા, જ્ઞાનપ્રાપ્તિ તથા સારા સંસ્કારો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. વેલેન્ટાઈન ડેનાં નામે પશ્ચિમી સંસ્કૃતિને બદલે ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રેમનો અર્થ સમજાવવામાં આવ્યો. આ તકે વિદ્યાર્થીઓને પોતાનાં માતા-પિતાને પગે લાગી આશીર્વાદ લે અને તેમને પુષ્પગુચ્છ આપી પોતાની લાગણી વ્યક્ત કરે એ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ માતા-પિતાનાં સન્માન અંગે સંકલ્પ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાનાં આચાર્ય ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે બાળકોમાં સંસ્કાર અને સંવેદનશીલતા વધે તેવી શુભકામનાઓ સાથે કાર્યક્રમ સંપન્ન થયો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# ટ્રેડ ડીલને કારણે ડેરી ઉદ્યોગ, ટેક્સટાઈલ ઉદ્યોગ અને સહકારી માળખું પડી ભાગશે : અમિત ચાવડા

## ટ્રેડ ડીલ માં અસમાનતા,અમેરીકા ભારત ઉપર દરેક મામલે જો હુકમી કરે છે તેમ છતા પ્રધાનમંત્રી કેમ ચૂપ : અમિત ચાવડા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાને સંબોધન કરતા કહ્યું કે,વર્તમાન કેન્દ્ર સરાકર જે નિર્ણય લઈ રહી છે તે લાંબા ગાળે દેશને નુકશાન થવાનું છે. કહેવાતી ૫૬ની છાતી વાળા વડાપ્રધાન દરેક રીતે અમેરીકા સામે સરેન્ડર થઈ ગયા હોય તેવી ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક ટેરિફના નિર્ણય લઈ દેશની અર્થવ્યવસ્થાને નુકસાન થઈ રહ્યું છે. એવી તો શું મજબૂરી છે કે પ્રધાનમંત્રી એક પણ શબ્દ બોલતા નથી? ટ્રેડ ડિલની હકીકતો,વિગતો,માહિતી કેન્દ્ર સરકાર કેમ જનતા સામે રજૂ કરતી નથી? ગુજરાત સાથે અન્ય રાજયના કપાસ ઉત્પાદન કરતા ખેડુતોને મોટા પાયે નુકસાન થવાનું છે.બાંગ્લાદેશ અમેરીકમાં કપડા એકેસપોર્ટ કરે તો શુન્ય ટેરીફ જ્યારે ભારત કપડા એકેસપોર્ટ કરે તો ૧૮ ટકા ટેરીફ લાગે. લોકસભાના વિપક્ષના નેતા, જનનાયકશ્રી રાહુલ ગાંધીએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો તો સરકારે જવાબ આપ્યો કે, ભારતે અમેરીકા પાસેથી કપાસની આયત કરશે. આ ટ્રેડ ડીલ ખેડુત,ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, કો-ઓપરેટિવ સ્ટ્રક્ચર,ડેરી અને પશુપાલકોને ખૂબ મોટું નુકસાન થવા જઈ રહ્યું છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે જનઆક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓ, લારી ગલ્લા, પાથરણાવાળા, આદિવાસીઓ, દલિતો, બક્ષીપંચ સમાજ, કામદારોના પ્રશ્નો સહિત સમગ્ર ગુજરાતના પ્રાણપ્રશ્નોને વાચા આપવામાં આવશે. પત્રકાર પરિષદને સંબોધન કરતા કિસાન સેલના પ્રમુખશ્રી પાલ આંબલિયાએ જણાવ્યું હતું કે, સરકારના પ્રવકતા અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી જવાબદારીથી ભાગી રહ્યા છે.ઑક્ટોબરમાં કમૌસમી વરસાદ પડ્યો તેને ૪ મહિના થઈ ગયા, પરંતુ દ્વારકા જિલ્લાના ૧૭૦૦થી વધુ ખેડુતોને હજી રાહત પેકેજની સહાય મળી નથી. સરકારે ૭ દિવસમાં ટેકાના ભાવના પૈસા મળી જશે તેવા વાયદા કર્યા હતા, પરંતુ હજી સુધી દ્વારકા જિલ્લાના ૫૦૦૦થી વધુ ખેડુતોને પૈસા મળ્યા નથી. ટેકાના ભાવે મગફળી ખરીદી તેના પણ પૈસા રાજ્યના ખેડુતોને નથી મળ્યા.

# મંગળવારથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે 'માતૃભાષા મહોત્સવ'

## માતૃભાષા સપ્તાહની ઉજવણીમાં વ્યાખ્યાન માળા યોજાશે

સુરત, તા.૧૬

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ માતૃભાષા સપ્તાહ અંતર્ગત યોજાઈ રહ્યો છે.

આ વ્યાખ્યાનમાળાનું આયોજન તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવશે. મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ માતૃભાષા અને ગુજરાતી ભાષાના મહિમાને ઉજાગર કરવાનો તથા ભાષા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. કાર્યક્રમમાં પ્રેરણાપ્રવચન માટે ડૉ. ભગ્યેશ જેઠવા (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) ઉપસ્થિત રહેશે. મુખ્ય અતિથિ તરીકે ડૉ. કે. એન. ચાવડા (માનનીય કુલપતિશ્રી) ઉપસ્થિત રહેશે. વક્તા તરીકે ડૉ. જયશ્રી જોષી અને ડૉ. જયંતીલાલ બાંધેરી પોતાના વિચારો રજૂ કરશે. વિશેષ ઉપસ્થિતિ તરીકે ડૉ. આર. સી. ગઢવી (કુલસચિવ) અને ડૉ. નરેન્દ્ર શુક્લ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) ઉપસ્થિત રહેશે. સંયોજક તરીકે શ્રી મહેશકુમાર ડે (અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ) તથા સંચાલક ડૉ. પરેશ જોષી કાર્યક્રમને સફળ બનાવશે. રસ ધરાવતા તમામ વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને નાગરિકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.




# ગરીબ-વિધવા મહિલાઓને રમજાન રાશન કીટનું વિતરણ

સુરત, તા.૧૬

ખિદમત-એ-બશર ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ દ્વારા તાઃ ૧૫/૦૨/૨૦૨૬ રવિવાર ના રોજ સવારે ૯:૦૦ થી ૨:૦૦ નાનપુરા ખ્વાજાદાના દરગાહ ની પાસે જીવન જરૂરિયાતની ૨૦૦થી વધારે રમજાન માસ માટે કીટનું વિધવા અને ગરીબહેનોને વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને એકતા યુવક મંડળના પ્રમુખ શ્રી જબ્બારખાન પઠાણ હાજર રહ્યા હતા. મોલાના હસન,ગુલામ નબી શેખ,હાફિઝ સાહબાઝ,સોહેલ ભાઈ,આસિફભાઈ ફ્રુટ,ફિરોજભાઈ, ખિદમત-એ-બશર ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલના પ્રમુખ મૌલી અસગર સાહેબ ને તેમની ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારી જહેમત ઉપાડી હતી.

### પશ્ચિમ બંગાળ
પહેલા પાનાનું ચાલુ

સહિતના તમામ અધિકારીઓની તાત્કાલીક બદલી કરવા રાજ્ય સરકારને જણાવાયું છે.

તેની યાદી પણ ચૂંટણીપંચને આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે પોતાના આદેશમાં હવે જે રીતે રાજયમાં 'સર'ની કામગીરી સંવેદનશિલ તબકકામાં છે તેમાં પુરતી ગંભીરતાથી કામગીરી કરવા તમામ અધિકારીઓને આદેશ આપ્યા છે.

### અલવરની કેમિકલ
પહેલા પાનાનું ચાલુ

સર્કિટ અથવા અંદર પડેલા જ્વલનશીલ પદાર્થોને કારણે આ હોનારત સર્જાઈ હોવાનું અનુમાન છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે કે જ્યારે ફેક્ટરી બંધ હતી ત્યારે અંદર આટલા લોકો શું કામ કરી રહ્યા હતા અને વિસ્ફોટ પાછળનું અસલી કારણ શું છે.

### ગુજરાત વિધાનસભા
પહેલા પાનાનું ચાલુ

નોંધ લેતા ડીજીપીને તાત્કાલિક સૂચનાઓ આપ્યાની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ પણ આ પ્રકારની ઘટનાઓમાં સઘન તપાસ હાથ ધરાઈ ચૂકી છે અને દોષિતોને કડક સજા થાય તે માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સાથે જ આજથી શરૂ થનારા Gujarat Legislative Assembly Session અંગે તેમણે તમામ ધારાસભ્યોને શુભેચ્છા પાઠવી અને જણાવ્યું કે, દરેક ધારાસભ્યે પોતાના વિસ્તારના પ્રશ્નો અસરકારક રીતે ઉઠાવી જનહિતના મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી સરકારની અપેક્ષા છે.

### મુખ્યમંત્રી ડો.મોહન
પહેલા પાનાનું ચાલુ

લાગી. ધૂળ વધુ ન ઉડે તે માટે પાયલટે હેલિકોપ્ટરની ગતિ ધીમી કરી દીધી. પછી થોડી જ સેકન્ડમાં હેલિકોપ્ટરને થોડું નીચે લાવીને સ્થિર કર્યું. આ પછી હેલિકોપ્ટર ભોપાલ માટે રવાના થઈ ગયું.

### ભારતીય સેના
પહેલા પાનાનું ચાલુ

વૈજ્ઞાનિક ભાવના હંમેશાથી આપણી સાંસ્કૃતિક ઓળખનો ભાગ રહી છે.

જેમ આપણે અવકાશમાં સેટેલાઈટ મોકલીએ છીએ, તેમ જ આપણે આપણી વૈજ્ઞાનિક સંસ્કૃતિને પણ આગળ વધારી રહ્યા છીએ. રાષ્ટ્રીય સુરક્ષા ભારતના સૈનિકોના હથિયારો, ટેકનોલોજી અને શારીરિક શક્તિ સાથે જોડાયેલી હોય છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે સદગુરુ જગ્ગી વાસુદેવ સાથે ઈશા ફાઉન્ડેશન વતી સન્માનિત લોકોને ભવ્ય ભારત ભૂષણ એવોર્ડ મેડલ અને સર્ટિફિકેટ આપ્યા. આ એવોર્ડ વેસ્ટર્ન એર કમાન્ડના એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા અને વેસ્ટર્ન નેવલ કમાન્ડના એડમિરલ રાહુલ વિકાસ ખોખલેને ઓપરેશન સિંદૂર માટે આપવામાં આવ્યા.

અન્ય એવોર્ડ મેળવનારાઓમાં આર્ટિસ્ટ ડો. એન. રાજન, ડાન્સર અલમેલ વલ્લી, રોકેટ સાયન્ટિસ્ટ ડો. નામ્બી નારાયણન, ISROના પૂર્વ ચેરમેન એ.એસ. કિરણ કુમાર, એકેડેમિશિયન વિક્રમ સંપત અને બેડમિન્ટન પ્લેયર સાયના નેહવાલનો સમાવેશ થાય છે.

### વિશ્વ બજારોનું
પહેલા પાનાનું ચાલુ

મહિન્દ્રા બેંક, એમ એન્ડ એમ, એચસીએલ ટેક અને ભારતી એરટેલ સેન્સેક્સ પેકમાં ટોચના વધ્યા હતા. ઈન્ફોસિસ, SBI, ટેક મહિન્દ્રા, HUL, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, TCS, એશિયન પેઈન્ટ્સ, ICICI બેંક, બજાજ ફાઈનાન્સ અને ટ્રેન્ટ લાલ નિશાનમાં હતા.

લાર્જકેપ્સની સરખામણીમાં મિડકેપ્સ અને સ્મોલકેપ્સ લાલ નિશાનમાં ટ્રેડ કરી રહ્યા હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૨૦૩ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૫૯,૨૩૪ પર અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૭૯ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૧૬,૯૫૩ પર ટ્રેડ કરી રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય બજારો મિશ્ર ટ્રેડ કરી રહ્યા હતા. ટોક્યો અને બેંગકોક લાલ નિશાનમાં હતા, જ્યારે હોંગકોંગના બજારો લાલ નિશાનમાં હતા. શુક્રવારે યુએસ બજારો પણ મિશ્ર બંધ થયા હતા, જેમાં ડાઉ ૦.૧૦ ટકા વધ્યો હતો અને નાસ્ડેક ૦.૨૨ ટકા ઘટ્યો હતો.

કોમોડિટીઝમાં ક્રૂડ ઓઈલના ભાવ તેજીમાં રહ્યા હતા. લખતી વખતે, બ્રેન્ટ ક્રૂડ ૦.૧૦ ટકા વધીને ઈ૬૭.૮૦ પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યો હતો, અને WTI ક્રૂડ ૦.૦૯ ટકા વધીને ઈ૬૨.૮૦ પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યો હતો.

આ દરમિયાન, સોના અને ચાંદીમાં ઘટાડો થયો. સોનું૦.૮૦ટકા ઘટીને $૫,૦૦૨ પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું, અને ચાંદી ૩.૬૧ ટકા ઘટીને ઈ૭૫.૧૧ પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી.

### જમ્મુ-કાશ્મી
પહેલા પાનાનું ચાલુ

ફલોદી સહિત ૧૩ જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 30°C થી વધુ રહ્યું. બાડમેરમાં સૌથી વધુ 35°C રહ્યું. ૧૭-૧૮ ફેબ્રુઆરી - હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં હિમવર્ષાની સંભાવના. જ્યારે રાજસ્થાન, એમપી સહિત પંજાબ ચંદીગઢમાં વરસાદની શક્યતા છે.

### વેનેઝુએલાથી
પહેલા પાનાનું ચાલુ

૨૦૨૩ થી રશિયા, ઈરાન અને વેનેઝુએલા વચ્ચે તેલ પરિવહનમાં સામેલ છે. ડિસેમ્બરમાં, યુએસ રાષ્ટ્રપતિએ વેનેઝુએલા સાથે જોડાયેલા પ્રતિબંધિત તેલ ટેન્કરોની "સંપૂર્ણ નાકાબંધી" કરવાનો આદેશ આપ્યો હતો.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડિસેમ્બરમાં વેનેઝુએલામાં પ્રવેશતા અથવા બહાર નીકળતા તમામ યુએસ પ્રતિબંધિત તેલ ટેન્કરોની સંપૂર્ણ નાકાબંધીનો આદેશ આપ્યો હતો.

આ પ્રતિબંધ ૩ જાન્યુઆરીએ યુએસ કાર્યવાહી અને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ પછીથી લાગુ કરવામાં આવ્યો છે.યુએસ સંરક્ષણ વિભાગે રવિવારે એક પોસ્ટમાં કહ્યું, "આંતરરાષ્ટ્રીય પાણી સલામત સ્થળ નથી. જમીન, હવા અથવા સમુદ્ર દ્વારા, અમે તમને શોધીશું અને તમને ન્યાય અપાવીશું. સંરક્ષણ વિભાગ ગેરકાયદેસર તત્વો અને તેમના સહયોગીઓને દરિયાઈ ક્ષેત્રમાં સ્વતંત્ર રીતે હિલચાલ કરવાની મંજૂરી આપશે નહી."

મેરીટાઈમ ઈન્ટેલિજન્સ ફર્મ અનુસાર, વેરોનિકા III એ ૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ વેનેઝુએલા છોડી દીધું હતું, તે જ દિવસે વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોને પકડવામાં આવ્યા હતા, અને તે લગભગ ૧.૯ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ અને ઈંધણ તેલ લઈ જતું હતું.

### ઓલપાડમાં બે વાહન
પેજ-૨ પાનાનું ચાલુ

કે અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જાતા ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો. આ બાબતે મૃતકના મોટાભાઈ સોમસિંગ ડાવરે ઓલપાડ પોલીસને અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડી.બી દેસાઈ કરી રહ્યા છે.

### માતા રમાઈ
પેજ-૨ પાનાનું ચાલુ

સન્માનિત કયા હતા કરુણા શાંતિ બુદ્ધ વિહાર, લોડ બુદ્ધ વિહાર, સિદ્ધાર્થ બુદ્ધ વિહાર, ધમ્મદિપ બુદ્ધ વિહાર, ડો આંબેડકર ગુપ અમરોલી ના ભીમ સૈનિક બાલીકાઓ એ

રમાઈ/ભીમાઈ સાંસ્કૃતિક ગીતો ની કૃત્યિ રજુ કરી હતી કાર્યક્રમ ને સફલ બનાવવા ,સમતા મહીલા મંડલ, પંચશીલ મહીલા મંડલ, વિશ્ર્વ શાંતિદુત મહાબોધી બુદ્ધ વિહાર ઉપાસીકા સંઘ, નીલગીરી, સુરત વિવિધ સંગઠન ના ભીમ સૈનિક ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ ને સફલ બનાવવા ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સમતા સેવા ફેડરેશન ના અગ્રણીઓ પ્રફુલ જગદેવ, ઉદ્ધવ પી બાગલે,શશીકાંત કાપુરે,મનોહર ઠીવરે,સુખદેવ વાનખેડે,અનિલ પાનપાટીલ,શરદ સામુદે, સંઘપાલ ઘુંરઘર, મનોજ સીરસાઠ, મનોહર કાપુરે,દિનેશભાઈ ગોતમ, અંબાલાલ પવાર, સંતોષ ભગત, મિલન ગોતમ, છોટાલાલ ગોતમ, રાજ કુમાર ગોતમ અન્ય ભીમસૈનિક એ જેહમત ઉઠાવી હતી કાર્યક્રમ બાદ ભોજનદાન કાર્યક્રમ યોજાયો હતો

### સુરત જિલ્લા
પેજ-૨ પાનાનું ચાલુ

વાત ચલાવવામાં આવી હતી પરંતુ કયા કારણસર આખા મુદ્દાને જ દબાવી દેવામાં આવ્યો છે એમાં કયું પરિબળ જવાબદાર છે. હાલમાં પણ આ મિલકતો ભૂતિયા બંગલા જેવી હાલતમાં સુની રેઢિયાળ પડી છે તેનો શાસકો પાસે કોઈ જવાબ નથી. એની પાછળ કોઈ મેલી મૂરાદ તો નથી ને એવો સવાલ ગ્રામ્ય વિસ્તારમાં ઉઠી રહ્યો છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન નામે અભિયાન ચલાવવામાં આવે છે એના માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે પરંતુ આ ગ્રાન્ટ ક્યાં પગ કરી જાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જોવા મળતી નથી જેનો ભોગ ગ્રામીણ વિસ્તારની ગરીબ નિર્દોષ પ્રજા બની રહી છે અને ગંભીર રોગોના શિકાર બનવાનો વારો આવી રહ્યો છે એની પણ કેમ તપાસ થતી નથી. કુદરતના ઘેર દેર છે અંધેર નથી એ ભાજપમાં શાસકોએ સમજવાની જરૂર છે. વિકાસના ખોખલા દાવા કરીને ગ્રામીણ પ્રજાને ગુમરાહ કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ પણ પૂર્વ વિરોધ પક્ષના નેતા દર્શન નાયક દ્વારા લગાડવામાં આવ્યો છે.

છેલ્લા પાનાનું ચાલુ

### અમદાવાદ-વડોદરા

મોકલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત થઈ ગઈ છે. આ ધમકીભર્યા મેલમાં લખ્યું હતું કે, 'મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, તમારા બાળકોને બચાવી લો'

### મશીન તથા ફેક્ટરી

વિસ્ફોટ સ્પષ્ટપણે આવરી લેવાયલે જોખમ છે. પોલીસી શરતોનું અર્થઘટન સંકુચિત નહી પરંતુ વ્યવહારીક અને વિમાધારકના હિતમાં કરવું જોઈએ. સર્વેયર રિપોર્ટ માર્ગદર્શક હોય છે પરંતુ તે અંતિમ પુરાવો નથી. ગ્રાહક કમિશન સ્વતંત્ર મુલ્યાંકન કરી શકે છે. ફરિયાદપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી, ઈન્ચાર્જ પ્રમુખ ન્યાયાધીશ કે. જે. દસોદી અને સભ્ય પૂર્વીબેન જોષીએ ઠરાવ્યું કે અચાનક દબાણથી થયેલો ધડાકો પણ વિસ્ફોટ જ ગણાય.

કમિશને વીમા કંપનીની દલીલો ફગાવી રૂપિયા ૨.૨૦ કરોડ વાર્ષિક ૭% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો.

### રૂા.૧૦૧ કરોડ

મળી જરૂરિયાતમંદ લોકોને લાલચ આપી તેઓની પાસેથી કરોડો રૂપિયા ઉસેટી આ નાણાં વિદેશમાં યુએસડીટી મારફતે ટ્રાન્સફર કરાવ્યા હોવાનું પણ સામે આવ્યું હતું. આ કેસમાં જેલમાં બંધ આરોપી કાસીફએ વકીલ ઝફર બેલાવાલા મારફતે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. અદાલતમાં સુનાવણી દરમિયાન બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચુકી છે અને ચાર્જશીટ પણ દાખલ થઈ ગઈ છે. વધુમાં, સમાન ગુનામાં સંડોવાયેલા અન્ય સહ-આરોપીઓને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હોવાથી, સમાનતાના ધોરણે આરોપીને પણ જામીન આપવા રજૂઆત કરી હતી. હાઈકોર્ટે કેટલીક કડક શરતો સાથે જામીન મંજૂર કર્યા હતા.

### વિધાનસભાના

જાણે છે. કોંગ્રેસે અમારી પાસે કોઈ ટેકો માંગ્યો નથી. જો કોંગ્રેસના ધારાસભ્યો ક્રોસ વોટિંગ કરે તો અમારું નામ ખોટું ખરાબ થાય, તેથી અમે આ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ નહી લઈએ." ચૈતર વસાવાએ વધુમાં કટાક્ષ કર્યો હતો કે લોકશાહીના મૂલ્યો જળવાય તે જરૂરી છે. સુરત શહેરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદી ગુજરાત વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈને આવતા સુરત શહેરના ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે જેઠાભાઈ ભરવાડે રાજીનામું મૂક્યું હતું. ત્યારબાદ ઉપાધ્યક્ષ પદ તરીકેની સીટ ખાલી હતી. દરમિયાન ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદની ચૂંટણી કરવામાં આવી હતી. જેમાં ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ તરીકે ઉપાધ્યક્ષ તરીકે ચૂંટણી લડવા ઉમેદવારી ફોર્મ ભર્યું હતું જ્યારે કોંગ્રેસમાંથી શૈલેષ પરમારએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. દરમિયાન સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદી બહુમતી મતોથી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈને આવ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

### આવતીકાલે ફાઈનલ મતદારયાદી જાહેર થવાની સંભાવના

# સુરત મહાનગરપાલિકા સહિત રાજ્યની ૭ મહાનગર પાલિકાની ચૂંટણીની તૈયારી

### એપ્રિલના અંતમાં અથવા માર્ચના પ્રથમ સપ્તાહમાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજવા હિલચાલ

**અમદાવાદ, તા.૧૬**

સર પ્રક્રિયા અંતર્ગત આવતીકાલે તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ થવાની સંભાવના છે અને આ ઘટનાક્રમ બાદ સરકાર દ્વારા સ્થાનિક ચૂંટણીઓની તૈયારીઓ માટે તેજ હલચલ શરૂ થઈ ગઈ છે.સહિત સાત મહાનગરપાલિકામાંની મુદત આગામી ૧૦મી માર્ચે પૂર્ણ થવા જઈ રહી છે જેના પગલે ચૂંટાયેલી પાંખ વિદાય લેશે જ્યારે વહીવટદાર નિમાશે. આ પહેલાં સ્ટેન્ડિંગ કમીટી ઉપરાંત જીલ્લા આયોજન મંડળોને કારણોસર રાજ્ય સરકારે આચાર સંહિતા અમલમાં આવે તે વિકાસના કામો જેમ બને તેમ પૂર્ણ કરવા આદેશ કર્યો છે. એપ્રિલના અંતમાં અથવા તો માર્ચના પ્રથમ સપ્તાહમાં પાલિકા-આ પંચાયતની ચૂંટણી યોજાય તેવા સંકેત મળ્યાં છે. ગુજરાતમાં હાલની સરની કામગીરી અંતિમ ચરણમાં ચાલી રહી છે અને આવતીકાલે તા. ૧૭મી ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી પ્રસિધ્ધ થાય તેમ છે ત્યારબાદ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સરકાર દ્વારા હવે જ્યારે માર્ચ પણ નજીક છે ત્યારે બજેટની ગ્રાન્ટનો વધુને વધુ ઉપયોગ કરવા અને વિકાસના બધાય કામો ઝડપથી પૂર્ણ કરવા માટે સ્ટેન્ડિંગ કમીટી અને જિલ્લા આયોજન મંડળોને તાકીદ કરાઈ છે. મહાનગરપાલિકાઓમાં વહીવટદાર શાસન આવશે તે જોતાં /સરકારે સિનિયર આઈએએસને નીમવા તૈયારી કરી છે. દરમિયાન, એવુ જાણવા મળ્યુ છેકે, આગામી તા. ૯ માર્ચે રાજ્ય ચૂંટણી પંચે તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરો સાથે બેઠક યોજશે જેમાં ચૂંટણીની તૈયારીઓને લઈને ચર્ચા કરાશે. પોલીગ સ્ટેશનોની સમિક્ષા કરવા પણ સૂચના અપાશે ધો.૧૦-૧૨ની પરીક્ષાઓ બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાય તેવો અંદાજ છે. એપ્રિલના અંતિમ સપ્તાહમાં અથવા તો મેના પ્રથમ અઠવાડિયામાં ચૂંટણીઓ યોજાય તેવી પ્રબળ શક્યતા છે. હજુ તો ફાઈનલ મતદાર યાદી જાહેર થઈ નથી પણ ચૂંટણી પંચની તૈયારીઓને જોતાં રાજકીય પક્ષોએ પણ ચૂંટણીને લઈને રાજકીય વાઘા સજાવી લીધાં છે.



**લિંબાયત ઝોનના તાબા હેઠળ આવતા નવા કમેલા વિસ્તારની ખાડીમાં કચરાના ઢગલા ખડકાઈ ગયા છે. સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝમાંથી મોટાપાયે કચરાના નિકાલ ખાડીમાં કરવામાં આવતા ખાડીમાં કચરાના ઢગલાનો ચિત્તાર રજુ કરતી તસ્વીર 'પ્રતાપ દર્પણ' દૈનિકમાં પ્રસિદ્ધ કરાતા સફાળા જાગેલા મ્યુનિ.તંત્રએ ખાડીની સફાઈ હાથ ધરી છે. મોટાપાયે કચરો ઉલેચવા મોકલેલ મશીનની પણ મદદ લેવામાં આવી છે. (તસવીર : હનીફ મલેક)**

## ઘરમાં બેહોશ મળી આવેલા યુવકનું રહસ્યમય રીતે મોત

### યોગીચોકના યુવકને હોસ્પિટલના તબીબોએ મૃત જાહેર કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

પુણાગામ સ્થિત યોગીચોક વિસ્તારમાં રહેતા એક ૨૩ વર્ષીય યુવાનનું રહસ્યમય સંજોગોમાં પોતાના ઘરમાંથી બેભાન હાલતમાં મળી આવ્યા બાદ હોસ્પિટલમાં લઈ જતાબેન રોજ જાહેર કર્યો હતો.

મળતી વિગતો મુજબ, વેનેજીયા રેસીડેન્સીમાં રહેતા ધ્રુવિક હિતેશભાઈ ભંડેરી (ઉ.વ. ૨૩) ગત તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ બપોરના દોઢ વાગ્યાના અરસામાં પોતાના ઘરે અચાનક બેભાન હાલતમાં મળી આવ્યા હતા.

ઘટનાની જાણ થતા જ તેમના ભાઈ અલ્પેશભાઈ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, ફરજ પરના તબીબ ડો. નિશાએ તપાસીને યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ અંગે હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી.

હાલમાં પુણાગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. કાજલબેન રામભાઈ ચલાવી રહ્યા છે.

## અમદાવાદ, વડોદરાની અનેક શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના ઈ-મેઈલ

### બોમ્બની ધમકીને પગલે ધમચકડી : પોલીસ તંત્ર દ્વારા સ્કૂલો ખાલી કરાવી તાળિયા ઝાટક તપાસ

**અમદાવાદ, તા.૧૬**

અમદાવાદ-વડોદરાની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, બાળકોને છોડી મૂકાયા, તંત્રમાં દોડધામ

વડોદરા અને અમદાવાદમાં ફરી બોમ્બની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા છે. જેમાં વડોદરા અને અમદાવાદની સ્કૂલો-કોલેજને ઈમેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં તંત્રમાં દોડધામ મચી છે. અમદાવાદમાં લગભગ ૧૬ જેટલી સ્કૂલોને ધમકીભર્યા ઈમેઈલ મળ્યાં છે.

વડોદરાની ૧૫ જેટલી સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળતાં શાળા સંચાલકો દ્વારા બાળકોને તાત્કાલિક છોડી મૂકવામાં આવ્યા છે. તેમજ ઉર્મિ સ્કૂલની હોસ્ટેલ પણ સાવચેતીના ભાગરૂપે હાલ ખાલી કરી દેવામાં આવી છે.

બોમ્બની ધમકી મળી હોવાની જાણ થતાં શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા બોમ્બ સ્કવોડ (BDDS) અને ડોગ સ્કવોડની મદદથી સ્કૂલની તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદના વસ્ત્રાપુર, સેટેલાઈટ, મકરબા સહિતના વિસ્તારમાં આવેલી ૧૬ જેટલી સ્કૂલને ધમકીના ઈમેઈલ મળતાં તંત્રમાં દોડધામ મચી છે. બોમ્બની ધમકીને પગલે સ્કૂલને ખાલી કરી દેવામાં આવી છે અને તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે.

DAV સ્કૂલમાં પરીક્ષા ચાલી રહી હોવાનું સામે આવ્યું છે. સ્કૂલ દ્વારા વાલીઓને જાણ કરવામાં આવી છે. સ્કૂલની બહાર સિક્યુરિટી દ્વારા કોર્ડન કરી દેવામાં આવ્યું છે. ધમકીના ઈમેઈલ મળતાં વાલીઓ સ્કૂલે પહોંચી રહ્યા છે.

અગાઉ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૬એ અમદાવાદ શહેરની જાણીતી સ્કૂલોને ઈમેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમાં આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ, વસ્ત્રાપુરની સ્વયંમ સ્કૂલ અને એપલ ગ્લોબલ સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેઈલ

અનુસંધાન પાના ૭ પર

## બાંધકામ સાઈટ પર દીવાલ તૂટી પડતા યુવાન શ્રમિકનું મોત

### વધુ સારવાર અર્થે વતન લઈ જવાતા ઈજાગ્રસ્ત યુવાનનું રસ્તામાં જ મોત થયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

કતારગામ વિસ્તારમાં આવેલી એક બાંધકામ સાઈટ પર કામ કરી રહેલા ૨૦ વર્ષીય શ્રમિકનું દીવાલ પડવાને કારણે કરુણ મોત નીપજ્યું હતું.

મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના વતની અને હાલ કતારગામ હાથી મંદિર રોડ ફૂટપાથ પર રહેતા શાંતિ ભુરજી ડામોર કતારગામ નવી જી.આઈ.ડી.સી.ના ખાતા નંબર ૭૮૩માં મજૂરી કામ કરતા હતા.

ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ ત્રીજા માળે દીવાલના ચણતર દરમિયાન શાંતિભાઈ બહારની સાઈડ સાંધા કરી રહ્યા હતા, ત્યારે અચાનક દીવાલ ધરાશાયી થઈ હતી. દીવાલ પડવાને કારણે નીચેનો પતરાનો શેડ પણ તૂટી પડ્યો હતો, જેમાં શાંતિભાઈને પેટના ભાગે ગંભીર મૂઢમાર અને પગમાં ઈજાઓ પહોંચી હતી.ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક અમરોલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, વધુ સારવાર માટે વતન લઈ જતી વખતે રંગોલી ચોકડી પાસે તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાને પગલે શ્રમિક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## મશીન તથા ફેક્ટરી બિલ્ડિંગનો ૨.૨૦ કરોડનો ક્લેઈમ ચૂકવવનો આદેશ

### વીમા કંપનીએ નકારી દીધેલા દાવો અંગે ગ્રાહક કોર્ટે સંભળાવેલો ચૂકાદો

**સુરત.તા.૧૬**

સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડિશનલ) દ્વારા ફેક્ટરી અકસ્માતના એક કેસમાં વીમાધારકના હિતમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. મેજીકેટ બિલ્ડીંગ સોલ્યુશન પ્રા. લિ.' નામની ફેક્ટરીમાં ૨૦૧૯માં "Autoclave" મશીનમાં પ્રચંડ વિસ્ફોટ થવાથી મશીનરી અને બિલ્ડિંગને થયેલા ભારે નુકસાનનો ૨.૨૦ કરોડનો ક્લેમ ચૂકવવા ગ્રાહક કોર્ટએ વીમા કંપનીને જવાબદાર ઠરાવ્યો હતો.

વર્ષ ૨૦૧૯માં શહેરની મેજિક્ટ બિલ્ડીગ સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડ નામની બિલ્ડીંગ મટીરીયલ્સની ફેક્ટરીમાં એસીસી બ્લોક બનાવવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે ફેક્ટરીમાં ઓટોક્લેવ તરીકે ઓળખાતા મશીનનું ઢાંકણું અચાનક મોટા અવાજ સાથે ભયંકર રીતે વિસ્ફોટ થયું હતું. આ ઘટનાને બદલે ફેક્ટરીમાં મારે આર્થિક નુકસાન થયું હતું. ફરિયાદી કંપનીએ નુકસાનીનો ક્લેમ મેળવવા વીમા કંપનીમાં ક્લેમ કર્યો હતો. પરંતુ વીમા કંપની પોલિસી શરતોનું સંકુચિત અર્થઘટન કરીને ક્લેમ નકારી કાઢ્યો હતો. જેથી ફરિયાદી કંપનીએ વીમા કંપની સામે સિનિયર વકીલ શ્રેયસ દેસાઈ અને અભિષેક ચૌધરી વતી સુરત ગ્રાહક કોર્ટમાં કેસ કર્યો હતો.

વીમા કંપની (ઈફકો ટોકિયો) એ એવી દલીલ કરી હતી કે મશીનનું ઢાંકણ બરાબર બંધ ન હોવાને કારણે આ ઘટના બની હતી, જે 'માનવીય ભૂલ' ગણાય અને પોલિસી હેઠળ 'Explosion' (વિસ્ફોટ) ની વ્યાખ્યામાં આવતી નથી. ફરિયાદ પક્ષએ દલીલો હતી કે, સ્ટાન્ડર્ડ ફાયર એન્ડ સ્પેશ્યલ પેરીલ્સમાં

અનુસંધાન પાના ૭ પર

## બાઈક સવાર ત્રણ યુવા મિત્રોને નડેલા અકસ્માતમાં એકનું મોત

### પલસાણા-બારડોલી રોડ પર અજાણ્યા વાહને બાઈકને ઉડાવી દેતા બે યુવકોની હાલત ગંભીર

**કડોદરા, તા.૧૬**

કણાવ ગામની સીમમાં પલસાણાથી બારડોલી જવાના રોડ ઉપર અજાણ્યા વાહન ની હડફેટે ચઢી જતા બાઈક સવાર ત્રણ મિત્રો પૈકી એકનું ટૂંકી સારવાર દરમિયાન આજરોજ મોત નીપજ્યું હતું જ્યારે બે સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે મલતી વિગતો અનુસાર બારડોલી તરભોણ ડુંગરી ફળિયામાં વિકાસભાઈ રમેશભાઈ હળપતિ ઉંમર વર્ષ ૧૭ રહે છે ગઈકાલે તેઓ જીજે ૧૯ બીકે ૮૬ ૬૩ નંબર ની મોટરસાયકલ લઈ ગામના મયુરભાઈ અને મોહિત ને મોટરસાયકલ ઉપર બેસાડી પલ્સાના ગામ ખાતે લગ્ન પ્રસંગ માં હાજરી આપી ત્યાંથી ઘર જવા માટે પરત ફરતા હતા દરમિયાન કણાવ પાટીયા પાસે અજાનિયા વાહન ચાલકે અડફેટમાં લેતા ત્રણેય ઈજાગ્રસ્ત થયા હતા વિકાસને નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે લઈ જવાયા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન આજરોજ તેમનું મોત નીપજ્યું હતું ગામના મેહુલની ફરિયાદના આધારે પલસાણા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે



**સુરતના બોમ્બે માર્કેટ પાસેના ભૈયાનગરમાં કલરનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આવતા માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં રંગપર્વ હોળી-ધૂળેટીના તહેવાર સંદર્ભે સુરતમાં મોટાપાયે કલરનું ઉત્પાદન કરી સૂકવવા માટે રસ્તા પર કલર પાથરી દેવામાં આવ્યો છે. (તસવીર : હનીફ મલેક)**

## ચેક રિટર્ન કેસમાં યુવાનને એક વર્ષની સજા કરતી કોર્ટ

### હાથ ઉછીના રૂા.૧૦ લાખ પેટે આપેલા ચેક રિટર્ન થતા કોર્ટ કેસ કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરતમાં મિત્ર પાસેથી ધંધાના વિકાસ અર્થે ઉછીના લીધેલા રૂપિયા પરત ન કરનાર યુવકને કોર્ટે જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. પ્રાપ્ત વિગતો મુજબ, સરથાણા વિસ્તારમાં રહેતા ભરતભાઈ કાછડિયા અને વિશાલ રમેશભાઈ સાવલિયા વચ્ચે મિત્રતા હતી. આ સંબંધોના આધારે વિશાલે ધંધા માટે ભરતભાઈ પાસેથી રૂ. ૧૦ લાખ હાથઉછીના લીધા હતા અને તેની સામે સિક્યોરિટી પેટે ચેક આપ્યા હતા.

જ્યારે આ ચેક બેંકમાં જમા કરાવવામાં આવ્યા ત્યારે 'અપૂરતા ભંડોળ'ના કારણે તે રિટર્ન થયા હતા. આ મામલે ભરતભાઈએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. કેસની સુનાવણી બાદ કોર્ટે આરોપી વિશાલ સાવલિયાને તકસીરવાર ઠેરવી ૧ વર્ષની કેદની સજા ફટકારી છે. સાથે જ કોર્ટે આરોપીને ફરિયાદીને રકમ ચૂકવી આપવા માટે પણ આદેશ કર્યો છે.

## ભાટપોર ક્રિકેટ ગ્રાઉન્ડ પર મેચ વખતે ખેલાડી પર બેટ વડે હુમલો

### વિકેટ પડતા ઉશ્કેરાયેલા પ્રતિ સ્પર્ધી ટીમના કેપ્ટને વિકેટરને ફટકાર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

ભાટપોર સ્થિત ક્રિકેટ ગ્રાઉન્ડ પર મેચ દરમિયાન નજીવી બાબતે થયેલી બોલાચાલીમાં એક ખેલાડી ઉપર બેટથી હુમલો કરવામાં આવ્યો હતો. નાના વરાછા વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષીય વિદ્યાર્થી વિવેક વાળા પર વિરોધી ટીમના કેપ્ટને ક્રિકેટ બેટ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઘટનાની વિગત મુજબ, ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ ભાટપોરના બાવાજી ક્રિકેટ ગ્રાઉન્ડ પર સુરત યુનાઈટેડ અને ધ અનબ્રેકેબલ યુનિટી ટીમ વચ્ચે મેચ રમાઈ રહી હતી. મેચ દરમિયાન સુરત યુનાઈટેડના ખેલાડી વિવેકે ધ અનબ્રેકેબલ યુનિટીના ખેલાડી પ્રણવ સોલંકીની વિકેટ ઝડપતા વિવેક પોતાની ટીમ સાથે સેલિબ્રેશન કરી રહ્યો હતો. આ બાબતથી ઉશ્કેરાઈને સામેની ટીમના કેપ્ટન સુનિલ કૃષ્ણપ્રસાદ યાદવે વિવેકને ગાળો આપી હતી.

ત્યારબાદ, આરોપી સુનિલે આવેશમાં આવી વિવેકને પીઠના ભાગે બેટ ફટકાર્યું હતું. જ્યારે બીજો ફટકો માથામાં મારવા જતા વિવેકે હાથ આડો કરતા તેને જમણા હાથના કાંડાના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. હુમલો કર્યા બાદ આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે આરોપી સુનિલ સામે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ કે.ડી. દાયમા કરી રહ્યા છે.

## સચિન પોલીસે ત્રણ કિલો ગાંજા સાથે એક યુવાનને ઝડપી પાડ્યો

### બાતમીના આધારે પોલીસે છાપો મારતા ગાંજાનો જથ્થો મળી આવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેરને નશામુક્ત બનાવવા માટે ચાલી રહેલા 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' મિશન અંતર્ગત સચીન પોલીસ દ્વારા ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ૨૦ વર્ષીય અખીલેશ સરોજ નામના શખ્સને ત્રણ કિલો ગાંજાના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યો હતો.

સચિન પોલીસને મળેલી બાતમીના આધારે તપાસ શરૂ કરી હતી જેમાં સચિન પોલીસ સ્ટેશનની હદમાંથી અખિલેશ સરોજ નામના યુવકની અટકાયત કરવામાં આવી હતી પોલીસની તપાસમાં તેની પાસેથી અંદાજે ૩ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે એનડીપીએસના ગુના હેઠળ અખિલેશની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી અખિલેશ કેટલા સમયથી આ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ હતો અને આ ગાંજાનો જથ્થો તેણે કોને આપ્યો હતો તેમ જ આ ગાંજાનો જથ્થો અખિલેશ આગળ કોને આપવાનો હતો તે દિશામાં તપાસ શરૂ કરી છે યુવા પેઢીને નશાના રવાડે ચઢાવતા આ માદક પદાર્થોના નેટવર્કને તોડવા માટે સુરત પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે

## રૂા.૧૦૧ કરોડના કૌભાંડના આરોપી ડો. કાસીફ મકબૂલને જામીન મળ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત શહેરના અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અંદાજે રૂ. ૧૦૧ કરોડના મોટા આર્થિક કૌભાંડના કેસમાં જેલમાં બંધ આરોપી ડો. કાસીફ મકબૂલને ગુજરાત હાઈકોર્ટે શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. બચાવ પક્ષે વકીલ ઝફર બેલાવાલાએ દલીલો કરી હતી.

વર્ષ ૨૦૨૪ના ઓગષ્ટ માસમાં સુરત એસઓજીએ આંતરરાષ્ટ્રીય હવાલા કૌભાંડ ઝડપી પાડ્યો હતો. એસઓજીએ ૧૦૦ કરોડથી વધુના આ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર સોનીફળિયા સિંધીવાડ ખાતે સફીયા મંઝીલમાં રહેતા મકબુલ અબ્દુલ રહેમાન ડોક્ટર અને તેના દિકરા કાસીફ મકબુલ ડોક્ટર સહિતના આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. ડોક્ટર પિતા-પુત્રએ અન્ય આરોપીઓ સાથે

અનુસંધાન પાના ૭ પર

## વિધાનસભાના ઉપાધ્યક્ષપદે પૂર્ણેશ મોદી ચૂંટાયા

### ઉપાધ્યક્ષપદની ચૂંટણીમાં કોંગ્રેસે સમર્થન નહીં માંગતા 'આપ'ના ધારાસભ્યો મતદાનથી અળગા રહ્યાં

**ગાંધીનગર, તા.૧૬**

આજથી ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો વિધિવત પ્રારંભ થયો છે. સત્રના પ્રથમ દિવસે જ શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર રાજકીય ઘર્ષણ જોવા મળ્યું હતું.

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના પ્રથમ દિવસે જ ભારે હોબાળો અને રાજકીય નિવેદનબાજી જોવા મળી હતી. રાજ્યપાલના સંબોધન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ જનતાના સળગતા પ્રશ્નો ઉઠાવી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

ગૃહમાં રાજ્યપાલના ભાષણ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષે મુખ્યત્વે ખેડૂતોના દેવા માફ કરવા અને સરકારી વિભાગોમાં ચાલતું આઉટસોર્સિંગ બંધ કરી કાયમી ભરતી કરવાની ઉગ્ર માંગ કરી હતી. વિપક્ષના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે સરકાર સામાન્ય જનતા અને ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે ઉદાસીન છે.

લાંબા સમય બાદ વિધાનસભામાં ઉપાધ્યક્ષ પદની ચૂંટણી યોજાઈ રહી છે. કોંગ્રેસ તરફથી ઉમેદવારી નોંધાવનાર શૈલેષ પરમારે ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, "ઉપાધ્યક્ષનું પદ વિપક્ષને આપવાની સંસદીય પરંપરા રહી છે, પરંતુ ભાજપે આ પરંપરા તોડી છે. ભાજપ બહુમતીના જોરે લોકશાહીનું ગળું ઘોંટી રહ્યું છે." તેમણે વધુમાં ઉમેર્યું કે જાહેર હિસાબ સમિતિ (PAC) માં પણ વિપક્ષને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું નથી.

ચૂંટણીના આ જંગમાં આમ આદમી પાર્ટીએ અલિપ્ત રહેવાનો નિર્ણય કર્યો છે. 'આપ'ના નેતા ચૈતર વસાવાએ સ્પષ્ટ કર્યું હતું કે, "પરિણામ શું આવવાનું છે તે બધા

અનુસંધાન પાના ૭ પર